આવતી કાલનાં નાગરિકો માટેનું અનોખું માસિક

કુમાર

વર્ષ આડત્રીસમું • અંક ૪૫૬ બારમો ડિસેમ્બર ૧૯૬૧
આદ્યસ્થાપક રવિશંકર મ. રાવળ • તંત્રી બચુભાઈ રાવત



'ચહેરો'/વૂડકટ: પામ. જી. રૅાઇટર/જુઓ આ અંકમાં 'કલાવાર્તા'


સામગ્રી


ડિસેમ્બર ૧૯૬૧ · અંક ૪૫૬

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો ‘કુમાર’ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

આ અંકમાં અન્યત્ર આપેલા શતરંજના બૉર્ડની સાથે અહીં તેને માટેનાં મ્હોરાં આપ્યાં છે. દરેક મ્હોરાને કાપીને જાડા કાગળ પર ચોડી દો અને એ ટીકડીને સાથેની આકૃતિ अ પ્રમાણે કાપી લો. આ જ રીતે શતરંજનું બૉર્ડ આપ્યું છે તે પણ કાઢી લો અને તેમાં આકૃતિ ब પ્રમાણે દરેક ખાનામાં એક એક નાનો કાપ મૂકી દો. આ તમારું શતરંજ રમવા માટેનું સંપૂર્ણ સાધન તૈયાર થઈ ગયું. રમતી વખતે દરેક ટીકડી યોગ્ય ખાનામાં આકૃતિ क પ્રમાણે ભેરવી દો અને રમવા માંડો. મ્હોરું જે ખાનામાં મૂકવું હોય ત્યાં તે તે મ્હોરાની ટીકડી ભેરવતા જાઓ ને ચાલ ચાલતા જાઓ. કુમારમાં આવતી શતરંતની લેખમાળા વાંચવા સાથે આ બૉર્ડ પર રમતા જવું ઘણું જ અનુકૂળ પડશે. એટલું જ નહિ, ગમે ત્યારે ગમે તે સ્થિતિમાં પણ તમે આના વડે શતરંજ રમવાની મજા માણી શકશો.





← મ્હોરાની ટીકડી

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

ઑગસ્ટ-સપ્ટેમ્બર અંકમાં વાર્તા 'અલિબાઇ'માં આપેલા કોર્ટના પ્રસંગો તથા ગણાત્રા વકીલ જે રીતે પોલીસ ઈન્વેસ્ટિગેશનમાં દખલ કરે છે તે ખૂંચે છે. હિંદના ફોજદારી ધારા મુજબ પોલીસ ગુનાની તપાસ કરીને મૅજિસ્ટ્રેટ કોર્ટમાં આરોપીને હવાલે ન કરે ત્યાં સુધીમાં 'પોલીસ ઇન્વેસ્ટિગેશન' દરમિયાન આરોપીના વકીલને કે કોઇને પણ દખલ કરવાનો હક નથી. તેથી ગણાત્રા વકીલ પોલીસને કહે છે કે 'તમારા પ્રશ્નોના જવાબ મારી હાજરી સિવાય આરોપી આપશે નહિ' તે બરાબર નથી.

કોર્ટનું દશ્ય લઇએ તો પોલીસ પ્રોસીક્યુટર મૅજિસ્ટ્રેટને એવી વિનતિ ન જ કરે કે 'આપ સેશન્સ કોર્ટને ભલામણ કરશો કે આવા નીચ કૃત્ય માટે તેમને સખ્ત નસ્યત આપે.' વાસ્તવમાં આવી કોઈ પણ ભલામણ કરવાનો નીચલી કોર્ટને અધિકાર નથી.

ભયાની જુબાની વખતે વકીલ ગણાત્રા ભૈયાને તેને અને જગજીવનને તા. ૫મીના રોજ ઝગડો થએલો તે વિષે ઊલટ તપાસમાં પૂછે છે, ત્યારે પોલીસ પ્રોસીક્યુટર મસલા વાંધો લે છે કે 'આ પ્રશ્નમાં જવાબની છાંટ છે અને તેથી જેને 'લીડિંગ ક્વેશ્ચન' કહે છે તેવો પ્રશ્ન ગણાત્રા ન પૂછી શકે; પણ ખરી રીતે 'લીડિંગ ક્વેશ્ચન' સરતપાસમાં ન પુછાય; બચાવનો વકીલ ઊલટ તપાસમાં જ પૂછી શકે છે. લેખક ફોજદારી ધારાથી બિલકુલ અજ્ઞાત છે તે જણાઈ આવે છે.


કેકી શેઠ કોર્ટમાં સાક્ષી તરીકે દાખલ થાય છે એટલે ગણાત્રા એની સરતપાસ લે છે. એનો અર્થ એ જ કે કાયદેસર તે બચાવના સાક્ષી તરીકે આવે છે. પરંતુ પછી ગણાત્રા તેની ઊલટ તપાસ લેતા હોય તે પ્રમાણે જગજીવન અને કેકીશેઠે મરઘી, બ્રેડ અને સૂપ ખાધાં તે વિષે પ્રશ્નો પૂછે છે તે ન પૂછી શકે, કારણકે જો કેકીશેઠ બચાવના સાક્ષી તરીકે આવ્યો હોય તો તે જ્યાં સુધી કોર્ટ દ્વારા 'હૉસ્ટાઇલ વિટનેસ' (ફરી ગએલા સાક્ષી) તરીકે જાહેર ન થાય ત્યાં સુધી બચાવના વકીલ તેની ઊલટ તપાસ ન લઈ શકે. જો તે 'પ્રોસીક્યુશન વિટનેસ' તરીકે આવ્યો હોય તો ગણાત્રા જે શરૂઆતમાં સરતપાસ કરે છે તે મસલાએ કરવી જોઇએ. તેથી આ આખો પ્રસંગ કાયદાની મશ્કરી કરવા જેવો લાગે છે.

વકીલ ગણાત્રા આખી વાર્તા દરમિયાન વકીલ કરતાં એક ખાનગી ડિટેક્ટિવનું પાત્ર વધારે ભજવી જાય છે. વિદેશી વાર્તાકારો શરીરશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, કાયદો, વિજ્ઞાન –ગમે તે વિષયક વાર્તા હોય ત્યારે–તેનો અભ્યાસ કરી અગર તો તે વિષયના નિષ્ણાતની સલાહ લઇને વિધાનો કરે છે. આજકાલ ભારતીય ચલચિત્રો કે ડિટેક્ટિવ સાહિત્યમાં કોર્ટનાં દશ્યોમાં કાયદાની જે મશ્કરી થાય છે તે અસહ્ય હોય છે. આ વાર્તાનું સંયોજન ખૂબ કુશળતાપૂર્વક થયું હોવા છતાં એક સહૃદય વાચક તરીકે આટલું લખવાની ઇચ્છા રોકી શકતો નથી. સામાન્ય વાચક જે કાયદાથી અનભિજ્ઞ છે તેને આવો ખયાલ ન પણ આવે, પરંતુ 'કુમાર' અતિ શિષ્ટ વાચકવર્ગના હાથમાં જાય છે ને ઘણા વકીલો પણ રસપૂર્વક વાંચતા હશે તો તેવા વાચકોને આ ખૂંચે જ.

વળી 'કુમાર'ના ઑક્ટોબરના અંકમાં જે 'અરીસો' મુક્તક શ્રી ડાયરનું છપાયું છે તેનો છંદ હરિગીત નથી. પણ એ ગઝલનો એક છંદપ્રકાર છે જેને ઉર્દૂમાં 'બહેરે રમલ' કહે છે. તેનું વજન ઉર્દૂમાં : 'ફાઇલાતુન્, ફાઇલાતુન્, ફાઇલાતુન્, ફાઇલાતુન્' છે ને ગુજરાતીમાં 'ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા, ગાલગાગા.'

(નડિયાદ) **શ્રવણકુમાર જયસ્વાલ**

શ્રી દામુભાઇ શુક્લના આસનના પુસ્તકમાં 'શીર્ષાસન'ની રીતમાં લખ્યું છે કે 'કપાળથી ઉપરના માથાના આગલા ભાગ ઉપર નહિ, પણ પાછલા ભાગ ઉપર વજન આવે તેવી રીતે માથું ગોઠવવું.' પણ વિશ્વાયતન યોગાશ્રમ, દિલ્હીના સ્વામીજીઓનું માનવું છે કે શીર્ષાસન કપાળ પર જ થવું જોઈએ; એટલે



કે જ્યાં વાળની શરૂઆત થાય છે ત્યાંથી બે આંગળ ઉપર અને બે આંગળ નીચે, પણ માથાના પાછલા ભાગ ઉપર નહિ–આકૃતિમાં બતાવ્યા મુજબ. ભ્રૂરેખાને નાક પૃથ્વી સાથે અડે તો પણ વાંધા જેવું નહિ. પણ ભાર તાળ-

વા પર આવવો ન જોઈએ કારણ કે એ ભાગ બહુ જ કોમળ છે. તેમ પાછલા ભાગ પર પણ ન જોઈએ.' તો આમાં સત્ય હકીકત શી છે?

(મુંબાઈ) —ગોપાલ પ. બારોટ

[*શ્રી દામુભાઈ ઉત્તરમાં લખે છે: સત્ય હકીકત એવી છે કે તાળવા ઉપર શરીરનો ભાર ન આવવો જોઈએ. આગળના ભાગ ઉપર ઊભા રહી શકાય તો વધારે સારું, પણ એમ કરવામાં ઊથલી પડવાનો સંભવ વધારે રહે છે, અને મેં શરૂઆત કરનારાઓને ધ્યાનમાં રાખીને લખ્યું છે એટલે બે હાથના સંપુટના ટેકે માથાને પાછળથી ટેકવવાનું લખ્યું છે.

ટેવ પડચા પછી માથાના આગળના ભાગ ઉપર શરીર તોળાય તે ઉત્તમ છે.]

જૂન, જુલાઈ અને ઑગસ્ટના 'કુમાર'માં 'લોકશાહી' વિષે જુદાજુદા વિચારો વ્યક્ત થયા છે. કૉલેજમાં સંક્ષિપ્ત કરવા મળેલા મેકૉલેના ફકરા તે વિષયને લગતા હોઈ મોકલું છું. 'Essays on Milton'માંથી તે લીધા છે.

(મુંબાઇ) —શબ્બીર દિલેર

There is only one cure for the evils which newly-acquired freedom produces; and that cure is freedom. When a prisoner first leaves his cell, he cannot bear the light of a day; he is unable to discriminate colours, or recognise faces. But the remedy is not to remand him into his dungeon, but to accustom him to the rays of the sun. The blaze of truth and liberty may at first dazzle and bewilder nations which have become half-blind in the house of bondage. But let them gaze on, and they will soon be able to bear it. In a few years men learn to reason. The extreme violence of opinions subsides. Hostile theories correct each other. The scattered elements of truth cease to contend, and begin to coalesce. And at length a system of justice and order is educed out of the chaos.

Many politicians of our time are in the habit of laying it down as a self-evident proposition, that no people ought to be free till they are fit to use their freedom. The maxim is worthy of the fool in the old story, who resolved not to go into water till he had learnt to swim. If men are to wait for liberty till they become wise and good in slavery, they may indeed wait for ever. —*Macaulay*

ઑક્ટોબર અંકમાં ભાઈ માંડવીઆએ તેમના પુત્રને લાગુ પડેલા 'વિચિત્ર પ્રકારના રોગ'નાં જે લક્ષણો વર્ણવ્યાં છે તે પરથી સ્વાનુભવને આધારે એવું અનુમાન બાંધવા પ્રેરાઉં છું કે એમના ચિરંજીવીને જણાતી તકલીફ 'સેરીબ્રલ પાલ્સી' છે. મેનેન્જિકો એન્કેફેલાઇટિસ, ઉગ્ર તાવ, સખ્ત શરદી કે ઝાડાને આકરા ઉપચાર વડે કસમયે રોકવા, મોટી ઉધરસ, દાંત આવવા વખતની તકલીફ વગેરેમાંથી ચડતા વિષમ જ્વરને લીધે કેટલાક જ્ઞાનતંતુઓ ખાસ કરીને મગજમાંથી શરીરના જુદાજુદા અવયવો પ્રત્યેના કરોડરજ્જુમાં રહેલા જ્ઞાનતંતુઓ ને નુકસાન પહોંચવાને પરિણામે શરીરના જુદાજુદા અવયવો ને સ્નાયુઓ વચ્ચે ક્રિયા બાબતમાં સમન્વય રહેતો નથી. દા.ત. મગજ (કૉન્ટ્રોલ રૂમ)માંથી હાથને આદેશ મળે કે બાજુમાં પડેલી પેન્સિલ ઉઠાવી લે. પરંતુ હાથ તે આદેશનું પાલન નહિ કરી શકે, અથવા લંબાશે તો પણ પેન્સિલ સુધી ન પહોંચી શકતાં આસપાસમાં ફાંફાં મારશે યા પેન્સિલ સુધી પહોંચશે તો પણ ઉપાડી નહિ શકે, કે ઉપાડચા પછી પડી જશે. વીજળીના શૉક જેવા વારંવાર આંચકા આવવા, હાથ પગ જીભ વગેરે જેવા ઉપયોગી અવયવોએ ક્રિયાશક્તિ ગુમાવી દેવી વગેરે તેનાં પ્રધાન લક્ષણો છે.

ખેર, જે કાંઈ હોય તે. આપણું ધ્યેય રોગનું નામ પાડવા કરતાં તેમાંથી સારા થવાનું છે અને આ દૃષ્ટિએ ભાઈ માંડવીઆને જ્યારે કહેવામાં આવ્યું છે કે આ તકલીફની દવા હજુ શોધાઇ નથી ત્યારે તેમને હું એવી એક ઉપચાર-પદ્ધતિ અજમાવી જોવાની સલાહ આપું કે જે રોગનું નામ ભૂલી રોગનાં લક્ષણો ધ્યાનમાં લઇને જ ઉપચાર કરે છે. આ પદ્ધતિ છે 'હોમિયોપથી' તેઓ પોતાના પુત્રને કોઈ સારા, હોમિયોપથીનું ઊંડું જ્ઞાન ધરાવતા તબીબને બતાવે અને સારવાર લે. દરદી વિષેની માહિતી એ દાક્તરને આપતાં પણ કોણે શું કહ્યું તે વર્ણવવા કરતાં રોગનાં લક્ષણોની જ ઝીણવટભરી સમજ આપે તે એ સમલક્ષણા ઔષધીની પસંદગીમાં ઘણું ઉપયોગી થઈ પડશે.

આ ઉપરાંત માલિશ પણ આવી તકલીફમાં સારવારનું એક પ્રધાન સાધન છે. જો બને તો કોઈ જાણકાર દ્વારા અથવા જાતે રોજ દરદીને અર્ધો કલાક જેટલો સમય આખે અંગે માલિશ કરવી. આ માટે સાદું અગર ઔષધયુક્ત તેલ યા પાઉડર ઉપયોગમાં લઈ શકાય.

હોમિયોપથીની સારવાર અને માલિશના પ્રયાસો વડે મને આશા છે ભાઈ માંડવીઆ છએક માસમાં 'કુમાર'ના વાચકોને તેમના પુત્રની પ્રગતિના ખબર આપી શકશે.

આ તકલીફ લાંબા સમયની સારવાર, માબાપ અને કુટુંબીજનોની ધીરજ અને સૌથી વધુ તો માથે આવી પડેલા સંકટનો સામનો કરવાનો દૃઢ નિર્ધાર માગી લે છે. આટલું કરતાં દર્દી ને આસપાસનાં સૌ કોઈના મન પરનો ભાર હળવો થશે ને ઉપરવાળો જરૂર જવાબ દેશે.

(મુંબઇ) —'કુમાર'નો એક વાચક

જૂન અંકમાં 'કંકાવટી'માં શકુંતલા દેવીનો પરિચય વાંચતાં આજથી લગભગ દોઢ વર્ષ પહેલાં આફ્રિકાનો પ્રવાસ કરતાં તેઓ જ્યારે અહીં આવ્યાં ત્યારે તેમના ગણિતના અદ્ભુત પ્રયોગો પ્રત્યક્ષ જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. તેમણે ૧૫-૨૦ આંકડાનો ગુણાકાર વર્ગમૂળો મોઢે કરી બતાવી આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા. ડિપાર્ટમેન્ટ સ્ટોર્સોમાં વપરાતું ગણતરી કરવાનું મશીન પણ લાવવામાં આવ્યું હતું, જેથી કોઈ ગૃહસ્થને શંકા પડતાં તે દ્વારા સાચા ઉકેલનું સમાધાન થાય. બેથી ત્રણ વાર કોઈ ગૃહસ્થોએ તેમણે આપેલા જવાબની શંકા દર્શાવેલી જેનો ગણતરીના યંત્ર દ્વારા આવેલો ઉકેલ શકુંતલા દેવીએ આપેલા જવાબ બરાબર જ થતો હતો. એક પણ જવાબ ખોટો પડચો ન હતો. તે ઉપરાંત ૨૫–૩૦ વર્ષ પહેલાંની તારીખે મહિને તથા વર્ષે કયો વાર હતો તે પણ તેમણે કહી બતાવવાના પ્રયોગો કરી બતાવ્યા હતા. દા. ત. જૂનની ૧૬મી ને ૧૯૩૬ને દિવસે કયો વાર હતો? વગેરે.

(કનો) —એક વાચક

'કુમાર'માં ગિલનો લેખ ખૂબ ગમ્યો, પણ બીજા જ પૅરેગ્રાફમાં ઈ. ૧૯૪૯ના જૂનની ૨૮મીએ રશિયનોએ રૂમાનિયાને પૂર્વ યુરોપમાં ખેંચી લેવા તેનો કબજો કર્યો એમ જણાવ્યું છે તે ભૂલ લાગે છે. ઈ. ૧૯૩૯ જોઇએ, અગર બીજું કાંઈ.

(ભાવનગર) —શિવલાલ ફોટોગ્રાફર

[* ૧૯૪૦ જોઇએ; ૧૯૪૯ ભૂલ હતી. વળી એ જીવનકથાનક અમેરિકન માસિક 'કૉરૉનેટ' પરથી ઉતારેલું છે એ જણાવવાનું પણ રહી ગયું છે તે માટે અમે દિલગીર છીએ.]

ખીલના ઉપચાર વિષે મારો અનુભવ લખું છું. ચાર-પાંચ વર્ષ પહેલાં 'રીડર્સ ડાઇજેસ્ટ'-માં વાંચેલું કે ખીલ ચીકાશને લીધે થાય છે અને સ્નો કે માખણ-ચીકાશવાળી વસ્તુઓ-એને વધારતી જ હોય છે. એક મુરબ્બીએ સલાહ આપી ચહેરા પર લાલ માટી કે સુખડનો ભૂકો પાણીમાં પલાળીને લગાડવાની;ને છેલ્લાં ત્રણેક વર્ષથી એ પ્રયોગ (માટીનો જ) હું કરું છું. ઘણુંખરું નિયમિત રાત્રે માટી લગાડી સૂઇ જવાનું. સવારે ધોઈ નાખવાની. ચહેરા પરની કાન્તિ વધી છે, ચહેરા પરના બધા ખાડા લગભગ પુરાઈ ગયા છે–અને ખીલ છે તો નહિ, પણ થતા યે નથી. વધુમાં અમે હિમાલયના પ્રવાસે ગયા હતા ત્યારે બધાને સ્નો વગેરેનો ઉપયોગ કર્યા પછી પણ ચહેરાની ચામડી ફાટી ગઈ હતી, ત્યારે મને એ તકલીફ નહિવત્ હતી. મારા કારખાનાના ઘણા મિત્રો પર પણ એ પ્રયોગ સફળતાથી અજમાવ્યો છે.

એક મિત્રને કરોળિયા નીકળ્યા હતા. એ તો આંતરિક રોગ છે અને મેં પ્રયોગ ખાતર જ એને માટી લગાડવાનું સૂચવ્યું. ત્રણ મહિના પછી એનો ચહેરો લગભગ 'નૉર્મલ' થઈ ગયો છે, ને ખબર ન હોય એવા લોકોને તો એને કરોળિયા છે, એવો ખયાલે નથી આવતો. બીજો ફાયદો એને થયો છે તે સરસ ઊંઘનો.

માટીમાં અમારા આખા ઘરને ખૂબ શ્રદ્ધા છે. ઘરમાં માટી હમેશાં હોય છે, અને તાવ, માથું દુખવું, સોજા ઉપર એ વાપરીએ છીએ. મોટાભાઈના છ મહિનાના બાબાથી માંડીને બા સુધીનાં બધાંને એ જ અનુકૂળ આવે છે. માટી કપડાથી ચાળીને વાપરવી જોઈએ, નહિ તો ચામડી રાત્રે ખેંચાશે, ને માટી અર્ધીપર્ધી સુકાઈ જાય, પછી ચહેરો વાંકોચૂંકો કરવાથી ચહેરા પરના માટીના પડમાં થોડી તડ પડી જશે, એટલે પછી ચહેરો નહિ ખેંચાય.

(ઘાટકોપર) —બાબુભાઈ કરાણી

ખોડો તથા ખરતા વાળ માટે નરમ પણ લાંબા ગાળાનો અચૂક ઉપાય :

લીમડાનાં પાનને ઉકાળી લો. પાણી ઠરી ગયે તેનાથી માથું ખૂબ ધોવું. માથાબોળ સ્નાનમાં સાબુને બદલે અરીઠાથી વાળ ધોવા ને ઠંડા પાણીથી સ્નાન કરવું. માથું સાવ લૂછી નાંખી છાંયામાં સૂકવી નાખવું. માથું સુકાયે રોજ તાળવા તથા માથાને સૂર્યસ્નાન સવારના તડકામાં આપવું. ઓછામાં ઓછું તેલ નાખી વાળ ઓળવા (ખોડો મટે નહિ ત્યાં સુધી).

સાદ કે અવાજ ફાટી જતો હોય તો કબજિયાત થવા ન દેવી. ગળાની આસપાસ માટીનો લેપ કરવો, તથા દિવસમાં બેત્રણ તાજાં લીંબુનું શરબત પાણી વધારે પ્રમાણમાં નાંખી ધીરેધીરે પીવું (ગટગટાવી ન જવું).

(મુંબાઇ) —મેતાજી કાન્તિલાલ શેઠ

ઑક્ટોબર અંકમાં શ્રી ચન્દ્રવદન મહેતાએ ફિનલૅંડ દેશની વસતિ સાડાચાર કરોડ જણાવી છે, ને એના સંદર્ભમાં એથી અરધી વસતિવાળા ગુજરાતનો ઉલ્લેખ છે. હકીકતમાં ફિનલૅન્ડની વસતિ ૪૫ લાખથી વધુ નથી. એમણે સાડાચાર મિલિયનને ઠેકાણે સાડાચાર કરોડની ભૂલ કરી છે. ૧૯૪૧ના ઑક્સફર્ડ ઍટલસ પ્રમાણે ફિનલૅન્ડનો વિસ્તાર ૧,૩૨,૫૮૭ ચોરસ માઈલ અને વસતિ ૩૬,૬૭,૦૦૦ છે.

(મુંબાઇ) —સુંદરજી રતનશી ગાલા

ગણિતજ્ઞ શકુંતલા દેવી વિષે વાચતાં મને રઘુભાની યાદ સહેજે આવી ગઇ. તેઓ ગુજરાતના સાણંદ તાલુકાના બકરાણા ગામના વતની છે અને મોટામોટા ગુણાકાર મૌખિક કરે છે. તેઓ રામાયણના અભ્યાસી પણ છે.

ગામડામાં રહેલા હોવાથી માત્ર વાંચવા-લખવાનું ગામડી શાળામાં ભણેલા છે, છતાં ગુણાકાર પર તેઓએ સારી પ્રભુતા પ્રાપ્ત કરી છે. પચાસ આંકડાની સંખ્યા અને તેટલી જ મોટી સંખ્યાનો ગુણાકાર મૌખિક કરી શકે છે.

(રેથલ-સાણંદ) —નાનુભાઇ પટેલ

સપ્ટેમ્બર અંકનાં પૂઠા પરની છબી જગનામી ફ્રેન્ચ શિલ્પી રોદાંની કૃતિ ઉપરથી લેવામાં આવેલી છે, તે નગ્ન સ્ત્રી-પુરુષની છે. તે ઉપરાંત 'કુમાર'માં પણ એકબે છબી નગ્ન સ્ત્રીની આપેલી છે. તો 'કુમાર' જેવા ઉત્તમ માસિકમાં આવી છબીઓ આપવી તે શું હાનિકારક નથી? હલકી કોટિની છબીઓ જાહેર રીતે માસિકમાં આપવી તે શું સામાજિક દૃષ્ટિએ ઊતરતી કક્ષાનું કાર્ય ન ગણી શકાય?

(વઢવાણ સિટી) —હરિશંકર બી. મહેતા

[*ના જી; એને જોવાની દૃષ્ટિ કેળવવી જોઈએ—જેમાં આજ આડત્રીસ વર્ષથી 'કુમાર' સહાય કરતું આવ્યું છે.]

ઑક્ટોબર અંકમાં કલાકાર જ્યોતિ ભટ્ટનો 'હાલો મનેખડાં મેળે' લેખ વાંચ્યો અને સાથે મેળે જ હાલતા ન હોઇએ એવો રસાનુભવ થયો. વળી 'દૂહા'ની યોગ્ય સ્થળે, સુરેખ રેખાંકનો સાથે વ્યવસ્થિત ફૂલગૂંથણીને કારણે લેખના પર શિરમોર મુકાયો. અતિશયોક્તિ નથી કરતો, પણ પાંચપાંચ વખત લેખ વાંચ્યો. ભાઈ જ્યોતિ ભટ્ટને અભિનંદન.

(વલ્લભવિદ્યાનગર) —અરુણ પટેલ

શ્રી રોહિત પંડ્યાની ટૂંકી વાર્તા 'રેઈન કોટ' વાંચીને હું રડી પડેલો. રોજિંદા જીવનના સામાન્ય પ્રસંગમાંથી એમણે જે અસામાન્ય શબ્દચિત્ર સરળ ને આડંબર વિનાની ભાષામાં રજૂ કર્યું છે એની તારીફ કરવા મારી પાસે યોગ્ય શબ્દો નથી. મારા તરફથી શ્રી પંડ્યાને અભિનંદન પાઠવશો.

(નડિયાદ) —'મોમિન'

જણાવતાં દુઃખ થાય છે કે આપની રસીદ અને કવર પર 'ઘોડા પર બેઠેલા કુમાર'નું ચિત્ર છે. આ ચિત્ર આ 'વિજ્ઞાનયુગ'માં અઢારમી-ઓગણીસમી સદીને યાદ આપે તેવું છે. એક કુમાર તરીકે આપના આ 'કુમાર' સામે વાંધો નોંધાવું છું. કોઈ સરસ 'રૉકેટ' છપાવશો?

(મુંબાઇ) —પ્રવીણ ધ્રુવ

[*એમાં દુઃખી થવાની જરૂર નથી. પેઢીઓ ને સંસ્થાઓનાં એવાં ધ્યાનચિત્રો કે સંજ્ઞાચિત્રો સંસ્થાના નિશ્ચિત ધ્યેયના પ્રતીકરૂપ ને અર્થગર્ભ હોય છે, અને એ એમ છાશવારે ફેરવાતાં નથી. આપ નવા વાચક હોઇને 'ઘોડેસવાર કુમાર'ની મુદ્રા પાછળના અર્થથી અનભિજ્ઞ હશો.]

'કુમાર' ખરેખર સુંદર માસિક છે. પણ તમે ખૂબ પાનાં કેમ નથી આપતા? પૈસાની મુશ્કેલી હોય તો વાર્ષિક ફી વધારો. મને ચોક્કસ ખાતરી છે કે અમુક વર્ગ તો તમે ૨૦ રૂપિયા કરશો તો ય તેને છોડશે નહિ. આ માટે કોઇ સારી યોજના ન શોધી શકાય?

(બગવાડા) —નરેશ ભટ્ટ

શ્રી માંડવીઆનો પત્ર વાંચીને નીચેનો નુસ્ખો લખવા પ્રેરાયો છું. આ કંઈ 'વિલ્સન ડિઝીઝ'નો ઉપાય નથી; પરંતુ કોઈ પણ ધાતુ વગેરેની કાચી રહી ગએલી ભસ્મ ખાવામાં આવે (અને તેથી શરીરમાં વિકારો ઉત્પન્ન થાય) તે ધાતુઓ વગેરેને પેશાબ વાટે શરીરમાંથી તે બહાર કાઢી નાખે છે. (એ પેશાબને સંઘરી તેના ક્ષારો પાણી વડે ધોઈ નીચેથી તે ધાતુ પણ મેળવી શકાય છે.) કદાચ ઉપરના રોગમાં પણ તે ફાયદાકારક થાય. નુસ્ખાની સદ્ધરતા માટે ફક્ત એટલું જ લખવું બસ છે કે તે હકીમમોલવી ગુલામહસનૈન સા.નો છે (જેમનાં લખેલાં પુસ્તકો આજે અપ્રાપ્ય છે) જે યુનાની આલમમાં સિદ્ધ પુરુષ ગણાયા છે.

આબે મકો (પીલુડી* કે પીચુડીનો રસ) ૧ તોલો, રાયતુલસીનાં પાનનો રસ ૧ તોલો, પાણી ૧૦ તોલા, હમેશાં સવારે પીવડાવવું. ૧૦ કે ૧૫ દિવસમાં ફાયદો જણાવો જોઇએ.

(વિરમગામ) —એહમદહુસેન એ. હુસેની

* પીચુડી કે પીલુડીનો રસ સોજા પર ચોપડાય છે.



મેંદી

સત્તર-અઢારમી સદીનું રાજસ્થાની શૈલીનું ચિત્ર

(લેડી ચીનુભાઈના કલાસંગ્રહમાંથી • તેમના તથા 'અંગના' વાર્ષિકના સૌજન્યથી)



નૃત્ય (કલાકાર: શ્યાવક્ષ ચાવડા)

હેમંતની એક રાતે

· વસંતતિલકા ·

હેમંતની પ્રથમ રાત્રિની શાન્તિ ભેદી
ઓચિંત વારિ પર વકૂતિતીનો અવાજ
ઝૂમે, હવા પુલિન-પ્રાન્તની ક્ષુબ્ધ થાય,
ને કૌમુદી થહરી પીંપળપર્ણ-પોઢી.

આછેરું કાઢી મુખ બ્હાર, નરી નિરાંતે
તંદ્રાળુ નેત્રથી વિલોકત વ્યોમ, મીન;
ઊંડાણમાં ઝડપથી ગરકંત ભીત;
ડોળાયલાં વમળ તે સહુને ય ઢાંકે.
કૈં ઊતર્યું, ઊતર્યું ના, અરધેથી પંખી
ઊડી ગયું ફરી અવાજ કરી કિનારે.
ઝિલ્લીનું મૌન ક્ષણનું, પણ રે ઉમંગી
સૌએ પછી નિઝુમ રેણ સજાવી હારે.

ને ત્યાં સમીર સહ ક્રીડત ચંદનીએ
ભૂંસી પગેરું, મધુસ્વપ્નની લ્હેર આંકી.

રાજેન્દ્ર શાહ

વાર્ધક્યના છાંયડે

· ખંડ મનહર ·

જીવનના પરિતાપે શૈશવનો પરિમલ
ઓરવી વહાવી દીધો કાળતણા વાયરે,
ત્યારે ઘડી બેઠા અહીં
ભગ્ન અને નિરાશની 'હાશ' લઇ
વાર્ધક્યના છાંયડે.

ફરફર આછીઆછી નેન-કોણ ભીંજવતી,
ધીમાંધીમાં સ્પંદન કૈં હૃદયને ભરી રહે,
સ્પંદનની ઝંકૃતિઓ મીઠીમીઠી સ્મૃતિ લઇ
વેરાનની માટીમાંથી કૂંપળો જગાડી રહી
ભીનાભીના વાર્ધક્યના છાંયડે.

કંદર્પ ઓઝા

તમારા ઉદ્ગારે

· શિખરિણી ·

તમે પૂછ્યું: 'કાંઇ મુશીબત? કહો, શી મદદ હું
કરું?' 'ના…ના'–મારું દિલ પણ ઊડ્યું એવું ઊભરી:
હતે શિષ્ટાચારો તણી ન કંઇ બાધા, હું ઊછળી
તમોને લેતે આ મુજ બથમહીં સ્નેહથી ભીડી!
તમારે ને મારે નહિ લગીર સંબંધ, પથિક
અજાણ્યો હું મારા પથ પર જતો, ત્યાં નીરખતાં
મને મૂંઝાયેલો, મુજ સમીપ આવી સહૃદય
તમે કીધી પૃચ્છા, ઊછળી ઊઠ્યું શું એથી હૃદય!
ન'તી મારે ઝાઝી મુશીબત કંઇ, મૂંઝવણ હા
હતી થોડી, (જેવી સહુ ય જનને—કૈં તમને
હશે, જે ઉકેલી અગર હસી કાઢી, ઊલટથી
તમે આવ્યા ભાઈ સમ ગણી મને સ્હાય કરવા).
તમારા ઉદ્ગારે ટળી મુજ ગઇ મૂંઝવણ ને
વિશાળા ભાવોની ભરતી છલકાતી શી નયને!

જશવંત લ. દેસાઈ

નવ પરિણીતા

· વસંત–મૃદંગ ·

તાજા ગભીર અધરે ફૂટતું સવારમાં
જે સૂર્યની સહિત તે સ્મિત રશ્મિ જેવું
વેર્યા કરે પ્રતિપલે ઊલટે છતાં ય
સન્ધ્યા સુધી કહીંક શું સચવાઇ રહેતું!
ને એ સ્મિતોત્સવનું સ્થાન સુભાગી હોઠ:
ક્યારેક મૌન, કદી ગુંજત કોઇ ગીત;
મીઠેરી સળવળ કદી સ્વહીન ઝૂમતી!

છુટો નૂપુરરવ રુદ્ધ કર્યા છતાં ય
ઘૂમી ફરી વળત આંગણમાં, ગૃહે બધે;
એવી જ કંકણની યે કથની; અને મુખે
રંગોળીના કરવી વાત શી?—ઘુંઘટે કૈં
એની છતી થઇ જતી કદી કોઇ ભાત!
પાનેતરે ચીતરી ફૂલની વેલ જેવી
મેંદી સજાવી લઘુ પાની પરે, હથેલીમાં.

ઔત્સુક્યથી સભર લાજુક એ વધૂનું
સૌભાગ્યચન્દ્રતણી ચાંદનીસિક્ત કૂણું
હૈયું પ્રસન્ન કશું મ્હેકતું પારિજાત!

હેમન્ત દેસાઈ

માયા

· ગાન ·

રે આ શી મનની માયા!
પાણીમાં રહીને શેં રાખું કોરી મારી કાયા?—રે૦
ઊંચે પાય જવા ચાહે પણ છૂટે ના ધરતીથી,
તરવા ચાહું પણ બચવું શેં ઓટ અને ભરતીથી?
તાણેવાણે વણાયલાંને માનું કેમ પરાયાં?—રે૦

ગીતા પરીખ

પાંગરતી નથી હોતી!

· ગઝલ ·

જૂની સીમા નવી કેડીને આંતરતી નથી હોતી,
પગેરું ઢૂંઢતી દૃષ્ટિ જ વિસ્તરતી નથી હોતી.

ઊઠે દિવાનગીમાં ડગ, એ મંઝિલ પામીને રહે છે,
કે સાચી ઘેલછા ખોટાં કદમ ભરતી નથી હોતી.

સમીર જો સાથ દે તો જાય છે ઊંચે કદી, કિન્તુ
ધરાની રજ ગગનમાં તો કદી ઠરતી નથી હોતી.

પ્રયણ દફનાય જે દિલમાં–સજીવન થાય એ ક્યાંથી?
કબર એ એવી છે કે જ્યાં કોઈ ધરતી નથી હોતી.

સ્મરણ સંકોરતાં દાઝે હૃદય તો દોષ ના દેશો,
પ્રણયની ભસ્મ ભીતરથી કદી ઠરતી નથી હોતી.

મળે છે માટીમાં તો માત્ર ફળવાને નવા રૂપે,
જીવનની ચેતના ખીલ્યા વગર મરતી નથી હોતી.

જીવનની શૂન્યતા 'ચાતક' વધુ શું હોય કૈં એથી—
ગગન વર્ષે છતાં પણ ધરતી પાંગરતી નથી હોતી!

'ચાતક'

· દૂહા ·

ઘટડા ઘુઘવાટા કરે મોઢે વીજ મલકાટ,
ભિત્તર એવા માગીએ જેવા માસ અષાઢ.

મનવા, મન ઠારીશ મા, રંગીલાં રૂપ જોઇ,
નાગણ છે નમણી ઘણી, આંડું ન ઊતરે કોઇ.

લાગી વનડે લાહ્ય, ભાગીને છૂટીએ ભલા,
એના કીં ઉપાય, દલડે ડુંગરડા બળે?

માનવ, મોટપની હવે, દે મા ઝાઝી ડિંગ,
મન મુઠ્ઠીથી સાંકડું, આભ અડી ગ્યાં શીંગ!

આભ, ધરા ને સાગરાં, વાણી રસ ને રાગ,
રાખ્યાં તેં અણતાગ, તળિયું ન સૂઝે ત્રિકમા!

જયંતીલાલ સોમનાથ દવે

ગાડીમાં

· મિશ્ર ·

કાલ પ્રદોષે
ખેંચાયલા તંગ અજાણ ચહેરા
કરે જગા મેળવવા પડાપડી,
છૂટાછૂટા કાંકરા શા કઠિન,
એકાબીજા સંગ અથડાય, રુક્ષ:
વ્યાપી વિસંવાદિતતા પ્રચણ્ડ!

આજે પ્રભાતે
કાસાર જેવા સઘળા પ્રસન્ન;
એકાબીજા સંગ જોડાયલા શું
ન્હેરોથી; વ્યક્તિત્વ બધાં દ્રવી જઇ
વિભિન્ન વ્યક્તિત્વ વિશાળ કોઇ
માધુર્ય સંવાદભર્યું લસે, હસે!

પ્રજારામ

મહત્ત્વાકાંક્ષા!

· માલિની ·

વનપતિ ન થયો એ
ખેદમાં જો રડે તો
કદી પણ મૃગલાને
કેશવાળી ઊગે શું?
સરળ તૃણચરોમાં
સ્નિગ્ધ આત્મીયતાથી
સહચર-સુખનો એ
સ્વાદ માણી શકે શું?

મુકુન્દરાય પારાશર્ય



(૧) પ્રથમ છબિ ઈ. ૧૮૭૩ : બારમે વર્ષે પહેલી કવિતા 'અભિલાષ' પ્રકટ થઈ ત્યારે



(૨) ઈ. ૧૮૭૫ : ૧૪ વર્ષની વયે 'હિન્દુ મેળા'-માં પ્રથમ જાહેર કાવ્યવાચન કર્યું ત્યારે



(૩) ઈ. ૧૮૭૭ : મોટા ભાઈ જ્યોતિરીન્દ્રનાથે કરેલો સ્કેચ : 'ભાનુસિંહની કવિતા' છપાઈ ત્યારે

રવીન્દ્રનાથ-જીવનચિત્ર

આ વ્યક્તિવિશેષોના કુમાર-કિશોર-તરુણકાળની—એમના ઘડતરકાળની તસવીરો શોધીશોધીને આપવાની 'કુમાર'ની હમેશાં વિશિષ્ટતા રહી છે. કવિવર રવીન્દ્રનાથ નોબેલ ઈનામ મેળવીને જગત્ખ્યાત થયા તે પછીની પ્રૌઢ વયની એમની (દાઢીવાળી) છબિઓથી જ એ બહુધા પરિચિત છે; પરંતુ એમની પ્રતિભા પાંગરતી ને પ્રકાશતી ગઈ એ એમના પ્રારંભ-કાળનાં ચિત્રો વિરલ રહ્યાં છે. આ ઉપર એમની એવી મળી શકી તે તસવીરો તથા નીચે તેને અનુષંગીને એમના જીવનની ટૂંકી રૂપરેખા ('પરિચય પુસ્તિકા'માંથી) તારવીને આપી છે.

લેખક · **યશવંત દોશી**

વિદ્યાકળાની ઉપાસનાવાળા મોટા કુટુંબમાં ઊછરવાનો લાભ રવીન્દ્રનાથને મળેલો. ઘરમાં મોટાભાઇઓ ને પિતરાઇઓમાં બંગાળી, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યની વાતો અને ચર્ચા અતિ સામાન્ય હતી. નાટકો ભજવવાં એ તો ઘરના સ્વાભાવિક પ્રસંગ જેવું ગણાતું. કુટુંબની વિવિધ વ્યક્તિઓએ તરેહતરેહનાં માસિકો ચલાવેલાં ને રવીન્દ્રનાથને એને લીધે છેક નાનપણથી લેખનનો મહાવરો પડેલો. કદાચ આ બધાંને ટપી જાય તેવો મોટો લાભ એ હતો કે બંગાળાના તે વખતના ઘણાખરા પ્રખ્યાત વિદ્વાનો, લેખકો, સંગીતકારો, કળાકારો અને જાહેર માણસોની આવજા ટાગોર કુટુંબમાં થયા કરતી. નાનપણથી રવીન્દ્રનાથને આ પરિચયનો લાભ સારા પ્રમાણમાં મળ્યો હતો.

બાર વર્ષની વયે રવીન્દ્રનાથની 'અભિલાષા' નામની એક કવિતા પહેલવહેલી છાપામાં પ્રગટ થઈ (જુઓ ચિત્ર ૧). પછીનાં બે વર્ષમાં તેમણે દેશપ્રીતિનાં કાવ્યો લખ્યાં. બંગાળામાં ચાલતી સ્વદેશી ચળવળમાં 'હિન્દુ મેળો' એક મહત્ત્વની વસ્તુ હતી. એ મેળા માટે તેમણે એ કાવ્યો લખ્યાં. દેશમાં દુકાળ પડચો હતો ત્યારે વાઇસરૉય લૉર્ડ લિટન દિલ્હીમાં મોટો દરબાર ભરતા હતા એ બેહૂદી વાત વિષેનું કાવ્ય તેમણે એ મેળામાં વાંચી સંભળાવ્યું હતું. (જુઓ ચિત્ર ૨)

રવીન્દ્રનાથના મોટાભાઈ દ્વિજેન્દ્રનાથના તંત્રીપદ નીચે 'ભારતી' માસિક ચાલતું. રવીન્દ્રનાથ પણ તેના સંપાદકમંડળમાં હતા. તેમાં તેઓ સાહિત્ય અને સામાજિક પ્રશ્નો વિષે લેખો લખતા. સાહિત્યની દૃષ્ટિએ રવીન્દ્રનાથ ખીલતા જતા હતા ને તેમની આત્મશ્રદ્ધા વધતી જતી હતી.

આ જ સમયમાં રવીન્દ્રનાથને એક રમૂજી તુક્કો સૂઝ્યો. એક પરિચિત સજ્જન પાસે તેમણે અંગ્રેજ બાળકવિ ચૅટર્ટનની વાત સાંભળેલી. એણે પ્રાચીન કવિઓની નકલ કરીને એવી કવિતાઓ લખી હતી કે કોઈ તેને પકડી શક્યું નહોતું. સોળ વર્ષની વયના રવીન્દ્રનાથે પણ વૈષ્ણવ કવિઓનાં પદોની શૈલીએ 'ભાનુસિંહ'ના નામે કેટલાંક પદો



(૪) ઈ. ૧૮૭૮: અમદાવાદમાં પોતાના ભાઇ સત્યેન્દ્રનાથને ત્યાં રહી, પછી તેમની સાથે પ્રથમ ઇંગ્લંડ અભ્યાસાર્થે ગયા ત્યારે



(૫) ઈ. ૧૮૮૩: બાવીસમે વર્ષે મૃણાલિનીદેવી સાથે લગ્ન થયું ત્યારે—નવવધૂ સાથે

વ્રજ બોલીમાં લખ્યાં, જે 'ભારતી'માં પ્રગટ થયાં. (ચિત્ર ૩) તેમાં વિદ્યાપતિનાં કલ્પનાચિત્રો, લય ને ભાષાનું ચતુર અનુકરણ હતું. આ અનુકરણથી વાચકો ખરેખરા ઠગાયા. કાવ્યોની ઘણી પ્રશંસા થઈ. શ્રી નિશિકાંત ચટ્ટોપાધ્યાય નામના એક અભ્યાસી તે વખતે જર્મનીમાં રહીને યુરોપનાં અને બંગાળીનાં ગીતો વિષે ડૉક્ટરની પદવી માટે અભ્યાસગ્રંથ લખતા હતા. તેમાં તેમણે આ પ્રાચીન કવિ ભાનુસિંહની કવિતાનાં ઘણાં વખાણ કર્યાં; અને એ ગ્રંથ માટે તેમને ડૉક્ટરની પદવી પણ મળી.

૧૮૭૮માં રવીન્દ્રનાથ તેમના ભાઈ સત્યેન્દ્રનાથની સાથે ઈંગ્લંડ ગયા (ચિત્ર ૪). ત્યાં પહેલાં શાળામાં ને પછી કૉલેજમાં દાખલ થયા. શાળાના ભણતરમાં એમનું ચિત્ત ચોંટ્યું નહિ. કૉલેજમાં અંગ્રેજ કવિ શેલી વિષે એક સરસ નિબંધ લખ્યો તેથી તેમના પ્રોફેસર ખુશ થઈ ગએલા. પણ ત્યાં યે તેઓ કંઈ વિશેષ ભણ્યા નહિ. માત્ર કવિતા લખવાની શરૂઆત કરી દીધી. ઇંગ્લંડમાં ગમ્યું નહિ એટલે દોઢ વર્ષમાં પાછા આવ્યા.

રવીન્દ્રનાથનો ખરો વિકાસ હવે શરૂ થયો. તેમની પ્રતિભાનાં અવનવાં પાસાં હવે દેખાવા લાગ્યાં. તેમની કવિતા પણ હવે જ પુખ્ત કવિતા બની. અત્યાર સુધીની કવિતા એક રીતે ભાષા અને છંદ ઉપર પ્રભુત્વ મેળવવાની કસરત રૂપ હતી. તેમની ખરી કાવ્યપ્રતિભા હવે પ્રગટવાની હતી અને આ બધી તો એની તૈયારી હતી.

વિલાયતથી આવ્યા પછી થોડા વખતમા રવીન્દ્રનાથને એક વિલક્ષણ અનુભવ થયો. તેમને એક અદ્ભુત દર્શન થયું, અને એ દર્શને તેમનામાં ભારે ફેરફાર કરી નાખ્યો. 'રિલિજિયન ઑવ મૅન' (માનવધર્મ) નામના પુસ્તકમાં તેમણે એ દર્શનનું વર્ણન આપ્યું છે:

'એક દિવસ પ્રાતઃકાળે હું વૃક્ષોની પાછળથી થતો સૂર્યોદય જોઈ રહ્યો હતો ત્યાં એકાએક જાણે ધુમ્મસનું કોઈ જુગજૂનું આવરણ મારી દૃષ્ટિ આગળથી એક ક્ષણમાં ખસી ગયું અને પ્રભાતના તેજમાં સમસ્ત સૃષ્ટિ પર આનંદની કોઈક આંતરિક પ્રભા પથરાઈ રહી.

આ અદ્ભુત અનુભવના પહેલા દિવસે લખેલી કવિતાને મેં 'નિર્ઝરેર સ્વપ્નભંગ' (ઝરણાની જાગૃતિ) શીર્ષક આપ્યું. ઝરણાનો જીવ હિમશિખરની એકલતામાં બંધાઇને સુષુપ્ત પડ્યો હતો. સૂર્યના સ્પર્શે ઝરણું જાગ્યું અને મુક્તિના ધોધ પરથી ધસમસતું અનંત બલિદાનમાં, સાગર સાથે અવિચ્છિન્ન ઐક્યમાં, પરમ સાર્થકતા અનુભવી રહ્યું.'

ઈ. ૧૮૮૩માં બાવીસ વર્ષના રવીન્દ્રનાથનું દસ વર્ષની કન્યા મૃણાલિની દેવી સાથે લગ્ન થયું (ચિત્ર ૫). કવિતાની સાથેસાથે નાટ્ય પ્રવૃત્તિ પણ હવે મહોરી રહી હતી. સ્વરચિત નાટકોમાં રવીન્દ્રનાથ પોતે તથા કુટુંબના સમવયસ્ક ભાઈ-ભત્રીજાઓ ભાગ લેતા અને જોડાસાંકોના મકાનમાં આપ્તજન તથા સ્નેહીમંડળ સમક્ષ શક્ય તેટલી શુદ્ધ સાંસ્કૃતિક પરંપરાપૂર્વક અને ભાવપૂર્ણરીતે તે ભજવાતાં. રવીન્દ્રનાથનું 'વાલ્મીકિ પ્રતિભા' એવું પ્રથમ નાટક હતું (ચિત્ર ૬). ઈ.



(૬) ઈ. ૧૮૮૫: પોતાના 'વાલ્મીકિ-પ્રતિભા' નાટકમાં વાલ્મીકિના પાત્રમાં



(૭) ઈ. ૧૮૮૬: પહેલા બાળક 'માધુરીલતા'ના જન્મ સમયે



(૮) ઈ. ૧૮૯૦: ફરીથી ઇંગ્લંડ ગયા ત્યારે

૧૮૮૩માં એમના પ્રથમ બાળક (પુત્રી માધુરીલતા)નો જન્મ થયો (ચિત્ર ૭) અને ઈ. ૧૮૯૦માં કવિ ફરીથી ઈંગ્લંડ ગયા (ચિત્ર ૮).]

એકત્રીસમે વર્ષે રવીન્દ્રનાથને પિતાની જાગીરનો વહીવટ કરવાનું કામ સોંપાયું. જાગીરની જમીનો બંગાળાના નદિયા, પબના, ફરીદપુર, રાજશાહી અને બાગ્રા જિલ્લામાં તથા ઓરિસાના કટક જિલ્લામાં વહેંચાએલી હતી. જાગીરનું વહીવટી મથક શિલાઈદહમાં હતું. ૧૮૯૦થી લગભગ અગિયાર વર્ષ સુધી રવીન્દ્રનાથે જમીનદારીનો વહીવટ અત્યંત કુશળતાથી સંભાળ્યો (ચિત્ર ૯). એ દરમિયાન રવીન્દ્રનાથનો એક મુખ્ય આનંદ હોડી(હાઉસબોટ)માં બેસીને નદીઓમાં ફરવાનો હતો. બંગાળાની આ નદીઓ ને તેમની અસંખ્ય શાખાઓ જાણે બંગાળાના ગાડાકેડા જ સમજી લો. વાંકાચૂંકા રસ્તાઓની જેમ એ તમને સમગ્ર ગ્રામવિસ્તારમાં લઈ જાય.


રવીન્દ્રનાથે હોડીમાં બેસીને ડાંગર, શણ ને શેરડીનાં ખેતરોથી ભરેલો આ આખો પ્રદેશ જોયો, તેનું જીવન જોયું: પરિશ્રમ, શાંતિ ને સુખથી ભરેલું જે જીવન કેટલાં યે યુગોથી ચાલ્યું આવતું હતું.

શિલાઈદહના નિવાસનો આ સમય રવીન્દ્રનાથના જીવનનો અત્યંત સર્જનાત્મક સમય હતો. આ સમય દરમિયાન તેમણે 'સાધના' માસિક શરૂ કર્યું. તેમાંનાં અરધાંથી વધુ લખાણો રવીન્દ્રનાથનાં હોય એમ બનતું. તેમનું એક શ્રેષ્ઠ કાવ્યનાટક 'ચિત્રાંગદા' આ જ સમયમાં લખાયું. ખાસ કરીને ટૂંકી વાર્તાઓ આ સમયમાં વધારે લખાઈ.


વિજ્ઞાનશાસ્ત્રી જગદીશચંદ્ર બોઝ દર રજામાં શિલાઈદહ આવતા. રવીન્દ્રનાથના એ ગાઢ મિત્ર. જગદીશચન્દ્ર પોતાના પ્રયોગોની વાતો કહે અને રવીન્દ્રનાથ પોતે લખેલી વાર્તા સંભળાવે. દર અઠવાડિયે જગદીશચંદ્રને એક નવી વાર્તા સંભળાવવી જ પડે. રવીન્દ્રનાથના વાર્તાલેખનમાં 'સાધના' અને 'ભારતી' માસિકના તકાદાનો હિસ્સો હતો તેવી જ રીતે જગદીશચંદ્રની માગણીનો પણ હતો.

૧૯૦૧માં રવીન્દ્રનાથ જાગીરદારીની વ્યવસ્થા છોડી શાંતિનિકેતન ગયા અને ત્યાં 'બોલપુર બ્રહ્મચર્યાશ્રમ'ની સ્થાપના કરી. ૧૯૦૧ના ડિસેમ્બરની ૨૩મીએ તેનું ઉદ્‌ઘાટન થયું.

આ સંસ્થા શરૂ કરવામાં રવીન્દ્રનાથનો ઉદ્દેશ શિક્ષણ વિષે પોતે આજ સુધી કરેલા વિચારોને અમલમાં મૂકી બતાવવાનો હતો. પણ શરૂઆતમાં તેમના માર્ગમાં પાર વિનાનાં વિઘ્નો હતાં. પહેલાં તો વિદ્યાર્થીઓ મેળવવાનું જ મુશ્કેલ હતું. મિત્રોને વિનંતી કરીકરીને ચાર વિદ્યાર્થીઓ ભેગા કર્યા, અને પાંચમા પોતાના પુત્ર રથીન્દ્રનાથને મૂકી પાંચ વિદ્યાર્થીઓથી સંસ્થા શરૂ કરી. આર્થિક મુશ્કેલી પણ ઘણી હતી. ટ્રસ્ટની વાર્ષિક આવક ૧૮૦૦ રૂપિયાની હતી. ટાગોરની પોતાની કૌટુંબિક આવક માસિક ૨૦૦ રૂપિયા હતી. આટલી આવકમાંથી આખી સંસ્થા નભાવવાની હતી. કેટલાં યે વર્ષ સુધી વિદ્યાર્થીઓ પાસેથી કૈં ફી લેવાતી નહિ. શિક્ષણ ને રહેવા-જમવાની સગવડ ઉપરાંત કપડાં પણ સંસ્થા તરફથી આપવામાં આવતાં. સંસ્થાના ખર્ચને પહોંચી વળવા રવીન્દ્રનાથનાં પત્નીએ પોતાનાં બધાં ઘરેણાં આપી દીધાં.



(૯) ઈ.૧૮૯૦. પિતાની જાગીરનો વહીવટ સંભાળ્યો ત્યારે શિલાઈદહમાં



(૧૦) ૧૮૯૪: 'સાધના' માસિક સ્થાપીને તેના તંત્રી થયા ત્યારે

રવીન્દ્રનાથની સાહિત્યપ્રતિભા ને સર્જનશક્તિ પૂર બહારમાં ખીલી રહ્યાં હતાં ત્યારે ૧૯૦૨માં તેમનાં પત્ની મૃણાલિનીદેવીનું અવસાન થયું. રવીન્દ્રનાથનો ઊંડો શોક કાવ્યરૂપે 'સ્મરણ' નામના સંગ્રહમાં ઊતર્યો. તે પછી એકાદ વરસમાં તેમની પુત્રી રેણુકાનું ક્ષયરોગથી અવસાન થયું, બીજાં બે વર્ષમાં તેમના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ મરણ પામ્યા. અને તે પછી ત્રણ વર્ષે સૌથી નાના પુત્ર રમીન્દ્રનાથનું અવસાન થયું. આ જ સમય દરમિયાન રવીન્દ્રનાથના બે પ્રિય ભત્રીજાઓનું અને શાંતિનિકેતનના તેમના બે સૌથી વધુ શક્તિશાળી સહાયકો સતીશ રૉય અને મોહિતચંદ્ર સેનનું અવસાન થયું.

વીસમી સદીનાં પહેલાં બારેક વર્ષનો જે ગાળો રવીન્દ્રનાથના સર્જનકાળનો સૌથી વધુ ફળદાયી સમય હતો તે જ સમય તેમને માટે પ્રિયજનોનાં શોકનો સમય પણ બન્યો. મૃત્યુ પ્રત્યે મમતા દર્શાવતાં એમનાં કેટલાંક કાવ્યોનું મૂળ કદાચ મૃત્યુ સાથેની આ નિકટતામાં હશે. મુશ્કેલીઓ કે શોક રવીન્દ્રનાથના ચિત્તની શાંતિને ચળાવી શકતાં નહિ. કોઈ આંતરિક શક્તિ તેમને આ બધું વેઠવાનું બળ આપતી.

ઉપરાઉપરી આવતી આફતો દરમિયાન પણ તેમની કલમ અટકી ન હતી. પુત્રી રેણુકાને હવાફેર માટે જ્યારે એક સ્થળેથી બીજે સ્થળે ફેરવતા હતા તે જ દિવસોમાં 'ચોખેરવાલી' અને 'નૌકા ડૂબી' નવલકથાઓ લખાતી હતી. તે હપતે હપતે પ્રસિદ્ધ થતી હતી, છતાં ગમે તેવા આપત્તિના કે શોકના સમયમાં પણ તંત્રીને હપતા માટે રાહ જોવી પડતી નહિ. ૧૯૦૦ થી ૧૯૧૨ સુધીનાં આ વર્ષોમાં એમનાં કાવ્યોનો મોટામાં મોટો ફાલ ઊતર્યો. તેમની શ્રેષ્ઠ નવલકથા 'ગોરા' આ ગાળામાં લખાઈ. નોબેલ ઈનામ મેળવનાર ગીતો યે આ સમયે લખાયાં.

ટાગોર કુટુંબમાં સ્વદેશીનું વાતાવરણ તો હતું જ. મોટાભાઈ જ્યોતિરિન્દ્રનાથે સ્વદેશીના ઉત્સાહથી નદીમાં જહાજો ચલાવવાની કંપની કાઢેલી અને અંતે ભારે નુકસાન વેઠેલું. બંગાળનાં ઉચ્ચ કુટુંબો પર અંગ્રેજી રીતભાત અને રિવાજોની અસર પડેલી હોવા છતાં આ કુટુંબ સંપૂર્ણપણે ભારતીય રહેલું: એટલે સ્વદેશી અને બંગભંગ સામેની ચળવળમાં રવીન્દ્રનાથ પડે એ સાવ સ્વાભાવિક હતું.

રવીન્દ્રનાથે લીધેલી આગેવાનીને લીધે તેઓ જાણે તેમના એકાંત ખૂણેથી નીકળીને એકાએક ભારતીય રાષ્ટ્રવાદના પુરોહિત બની ગયા. ગીતો, કાવ્યો અને પ્રવચનોમાં તેમણે બંગાળના ભાગલા પાડવાની લૉર્ડ કર્ઝનની નીતિ પર આકરા પ્રહારો કર્યા. એ સાથે લોકોને પણ એક થઈને ઊભા રહેવાની તથા સ્વમાની અને સ્વાશ્રયી બનવાની આગ્રહભરી વિનતિ કરી. રાખડીબંધનના પ્રચલિત રિવાજને તેમણે નવું રૂપ આપ્યું. નાનીશી રાખડી બંગાળની અતૂટ એકતાનું પ્રતીક બની ગઈ. પણ પછી ચળવળને રાજદ્વારી નેતાઓ જે વળાંક આપવા માગતા હતા તે તેમને ગમ્યો નહિ. હમેશાં રચનાત્મક કાર્યક્રમને જ વધુ અગત્ય આપતા. રવીન્દ્રનાથ આથી રાજકારણથી અળગા થઈ ગયા.

પત્નીના અવસાન પછી રવીન્દ્રનાથ શરીરની બહુ સંભાળ રાખતા નહિ. લખવા માટે વધુ સમય મેળવવા ઘણી વાર જમવાનું પણ જતું કરતા. વળી આ જ સમયે તેઓ સક્રિય રાજકીય પ્રવૃત્તિમાં પડ્યા. એમના સ્વભાવને એ અનુકૂળ ન હતું. આ ઉપરાંત શાંતિનિકેતનની વધતી જતી જવાબદારીઓ માટે નાણાંની ચિંતા પણ રહ્યા કરતી. આ બધાને લીધે એમનું સ્વાસ્થ્ય બગડવા માંડ્યું. ૧૯૧૨માં તબિયત બહુ કથળી ગઈ અને આરામ કરવા માટે રવીન્દ્રનાથ શિલાઈદહ ગયા.

શિલાઈદહના આ વખતના વસવાટમાં રવીન્દ્રનાથે પોતાનાં કેટલાંક કાવ્યોનું અંગ્રેજી ભાષાંતર કરવાનો આનંદ માણ્યો. પાછળથી આ અનુવાદો અંગ્રેજી 'ગીતાંજલિ' તરીકે પ્રગટ થયા. એ બધાં બંગાળી 'ગીતાંજલિ'નાં જ ગીતોનો અનુવાદ નથી; જુદા જુદા દસેક બંગાળી



(૧૧) ઈ. ૧૮૯૭: સર્વતોમુખી સાહિત્યપ્રતિભા ખીલી ઊઠી ત્યારે



(૧૨) ઈ. ૧૯૦૫: સ્વદેશી ચળવળમા પડયા ત્યારે : પિતાના મૃત્યુ બાદ


કાવ્યસંગ્રહોમાંથી એ કાવ્યો લીધેલાં છે. અને એ સંપૂર્ણપણે અનુવાદ પણ નથી; તે નવા રૂપે પુનર્જન્મ પામેલાં કાવ્યો છે. શિલાઈદહના નિવાસનો કોઈક અજ્ઞાત ભાવ એમાં ભળ્યો છે. પછીથી એ જ વર્ષે રવીન્દ્રનાથ ઇંગ્લંડ ગયા ત્યાં કલાકાર રોથેન્સ્ટાઈનને ત્યાં એક દિવસે સાંજે કવિ ડબ્લ્યુ.બી યીટ્સે કેટલાક જાણીતા કવિઓ ને વિદ્વાનોની સમક્ષ પોતાના સંગીતમય ને ઉલ્લાસથી ભરપૂર સ્વરે અંગ્રેજી 'ગીતાંજલિ'નાં એ કાવ્યો વાંચી સંભળાવ્યાં. કોઈ કાંઈ બોલ્યું નહિ. સહુએ ચુપચાપ સાંભળી લીધું અને ચુપચાપ રહી ચાલ્યાં ગયાં. નહિ ટીકા, નહિ પ્રશંસા, નહિ ઉત્સાહનો શબ્દ. રવીન્દ્રનાથ તો શરમથી અર્ધા થઈ ગયા. પણ બીજે જ દિવસે પત્રોનો વરસાદ વરસ્યો! દરેક શ્રોતાએ પત્ર લખ્યો હતો. આગલે દિવસે એ લોકો એવાં મંત્રમુગ્ધ થઈ ગએલાં કે શું બોલવું તે કોઈને સૂઝયું જ નહિ. અંગ્રેજ લોકોને એમ પોતાની લાગણી તરત વ્યક્ત કરવી ફાવતી નથી. પાછળથી આ કાવ્યો સંગ્રહરૂપે પ્રસિદ્ધ થયાં ને ૧૯૧૩માં એ કાવ્યો માટે તેમને નોબેલ ઇનામ મળ્યું.

૧૯૧૪માં બ્રિટનના શહેનશાહે તેમને સરનો ખિતાબ આપ્યો. પણ ૧૯૧૯માં જલિયાંવાલાના અત્યાચારોની માહિતી મળતાં જ વાઈસરૉયને પત્ર લખી રવીન્દ્રનાથે એ ખિતાબ પાછો મોકલ્યો.

પહેલા વિશ્વયુદ્ધની શરૂઆતમાં ગાંધીજી આફ્રિકાથી આવ્યા ત્યારે તેમની મંડળીને બીજે ક્યાંયે સ્થિર થયા પહેલાં શાંતિનિકેતનમાં રહેવાનું રવીન્દ્રનાથે આમંત્રણ આપ્યું, અને ત્યાં ગાંધીજી સાથે તેમની પ્રથમ મુલાકાત થઈ. પછીનાં વર્ષોમાં ગાંધીજીની પ્રવૃત્તિઓ શરૂ થઈ ત્યારે અસહકાર, ચરખો વિદેશી કાપડનો બહિષ્કાર અને તેની હોળી, સરકારી શાળા-કૉલેજોનો બહિષ્કાર વગેરે સામે રવીન્દ્રનાથે પોતાનો જોરદાર વિરોધ વ્યક્ત કર્યો. રવીન્દ્રનાથનો ખરો વિરોધ તો કોઈ પણ વ્યક્તિ, વિચાર કે પ્રવૃત્તિની અંધભક્તિ સામે અને એક જ વિચાર બધા પર પરાણે લાદવા સામે હતો.

ગાંધીજીએ પોતાના મુખ્ય વિચારોને વળગી રહ્યા છતાં પ્રજાને વારંવાર ચેતાવતા રહેવાની રવીન્દ્રનાથની રીતની પ્રશંસા કરી અને એક લેખમાં તેમને 'મહાન સંત્રી' કહીને બિરદાવ્યા. વિચારની બાબતમાં પરસ્પર જબરી ચર્ચા ચાલતી હોવા છતાં આ બંને મહાપુરુષો વચ્ચે અંગત સંબંધો છેવટ સુધી મીઠા રહ્યા હતા.

૧૯૨૧માં રવીન્દ્રનાથે એક આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી 'વિશ્વભારતી'-ની સ્થાપના કરી અને શાંતિનિકેતનની પોતાની સ્થાવર મિલકત, નોબેલ ઇનામની આખી રકમ ને પોતાનાં બંગાળી પુસ્તકોના કૉપી-



(૧૩) ઈ. ૧૯૧૩: 'ગીતાંજલિ' માટે નોબેલ પારિતોષિક મળ્યું ત્યારે




(૧૪) ઈ. ૧૯૩૧: ચિત્રકારી ભરપટ્ટે ચાલતી હતી ત્યારે

રાઈટ એ વિશ્વભારતીને આપી દીધાં. તે પછી થોડા વખતમાં ગ્રામ-પુનર્રચનાના કાર્ય માટે તેમણે શ્રીનિકેતન સંસ્થાની સ્થાપના કરી.

રવીન્દ્રનાથ અઠંગ પ્રવાસી હતા. વિશ્વભારતી માટે એમણે 'યત્ર વિશ્વં ભવતિ એકનીડમ્' (જ્યાં વિશ્વ એક માળો બને છે) એવો મુદ્રાલેખ પસંદ કર્યો હતો અને આખા વિશ્વને સાચેસાચ પોતાનું ઘર જ સમજતા હોય એટલી સ્વાભાવિકતાથી તેઓ જગતભરમાં ફરતા. એશિયા, યુરોપ અને ઉત્તર તેમ જ દક્ષિણ અમેરિકાના કેટલાયે દેશોના પ્રવાસો તેમણે કર્યા અને ત્યાં વિવિધ વ્યક્તિઓને મળ્યા, કાવ્યો વાંચ્યાં તથા વ્યાખ્યાનો આપ્યાં.

શાંતિનિકેતન ને વિશ્વભારતી માટે નાણાંની મુશ્કેલી કાયમ રહેતી. રવીન્દ્રનાથના કેટલાક પ્રવાસો નાણાં એકઠાં કરવાના ઇરાદાથી પણ યોજાએલા. ભારતમાં રવીન્દ્રનાથ શાંતિનિકેતનની મંડળી સાથે ફરતા અને નાટકો કરી નાણાં એકઠાં કરતા. ૧૯૩૬માં મંડળી દિલ્હીમાં હતી. ગાંધીજીને ખબર પડી: દેશના સર્વોત્તમ કવિને આમ નાણાં માટે ફરવું પડે એ કેવા અપમાનની વાત કહેવાય! તેમણે તપાસ કરી જોઈ કે રવીન્દ્રનાથને કેટલાં નાણાંની જરૂર છે. બીજે દિવસે સાઠ હજાર રૂપિયાનો ચેક રવીન્દ્રનાથના હાથમાં મૂકી તેમણે તેમની પાસેથી વચન લીધું કે હવે પછી તે નાણાં ઉઘરાવવા નહિ નીકળે.

અડસઠ વર્ષની વયે રવીન્દ્રનાથ ચિત્રકળા તરફ વળ્યા. અગાઉ ચોવીસેક વર્ષની ઉંમરે કંઈક રેખાઓ તાણવાનો પ્રયત્ન કરેલો. દસેક વર્ષ પછી ચિત્રકાર થવાની પ્રબળ ઇચ્છા થઈ આવી. પણ એ વખતે લાગ્યું કે હવે ચિત્રકળા માટે બહુ મોડું થયું છે અને ચિત્રકળા મારા પર નહિ રીઝે. ૧૯૨૮ના અરસામાં રેખાઓએ ફરી એમના ચિત્તને ઘેરો ઘાલ્યો. ઘડીભર તો એમને લાગી ગયું કે 'કવિતાદેવીએ આ મહેલનો હવે કાયમ માટે ત્યાગ કર્યો છે.'




(૧૫) ઈ. ૧૯૪૧
છેલ્લા દિવસો

સદ્ભાગ્યે કવિતા એમને છોડી ગઈ ન હતી. પરંતુ ચિત્રકળાની ઉપાસના એમણે ક્યારેક કવિતાની ઉપેક્ષા કરીને પણ કરવા માંડી. તેઓ પોતાનાં ચિત્રોને વિષે કહેતા કે એ મારી 'રેખાઓથી લખેલી કવિતા છે.' ચિત્રકળા શરૂ કર્યા પછી બીજે જ વર્ષે ૧૯૩૦માં પારીસમાં તેમનાં ચિત્રોનું પ્રદર્શન ભરાયું અને તે ખૂબ વખણાયાં. પછી તો યુરોપ-અમેરિકામાં અનેક સ્થળે એ પ્રદર્શિત થયાં ને પ્રશંસા પામ્યાં. જિન્દગીનાં છેલ્લાં બારેક વર્ષમાં તેમણે બે હજાર ચિત્રો દોર્યાં.

છેલ્લાં થોડાં વર્ષથી રવીન્દ્રનાથની તબિયત નબળી રહેતી હતી. ૧૯૪૦માં બે માસ ગંભીર બીમારી ભોગવી. ૧૯૪૧માં ફરી વાર ગંભીર માંદગી આવી ને લાંબી ચાલી. એ વર્ષે ભારતભરમાં એમની ૮૦મી જયંતી ઊજવાઈ. તે પ્રસંગે તેમણે 'સંસ્કૃતિનું સંકટ' નામનું જે વ્યાખ્યાન લખ્યું તે અત્યંત પ્રસિદ્ધ થઈ ગયું છે. તેમાં યુરોપની સંસ્કૃતિ ઉપર પોતે એક વાર બાંધેલી આશાઓના ચૂરેચૂરા થઈ ગયા છે તેની કબૂલાત હતી, તો બીજી બાજુ સંસ્કૃતિને બચાવનાર બળ પૂર્વમાંથી અવશ્ય ઊભું થશે એવી આશાભરી આગાહી હતી.

માંદગીના આ બિછાનેથી રવીન્દ્રનાથ ઊઠ્યા નહિ. ૧૯૪૧ની ૩૦મી જુલાઈએ ઑપરેશન કરવામાં આવ્યું અને સાતમી ઑગસ્ટે કલકત્તામાં પોતાના બાપદાદાના ઘરમાં જ તેમનું અવસાન થયું.



ઈ. ૧૯૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદના છઠ્ઠા અધિવેશન પ્રસંગે અમદાવાદ આવેલા ત્યારે: જીવકોર વનિતાવિશ્રામના મહિલા વિદ્યાલયની એમની મુલાકાત વખતે; મહાત્મા ગાંધીજી તથા વનિતાવિશ્રામનાં ત્યારનાં અધિષ્ઠાત્રી શ્રી શારદાબહેન મહેતા સાથે.

ત્રિમૂર્તિ

એલિબાઈથી જુદી જ રહસ્યકથા

રૂપાંતરકાર

પુષ્કરભાઈ ગોકાણી

★

સનાતન મેદાનમાં દૂર સુધી નજર ફેરવતો રહ્યો. વિશાળ મેદાનને છેડે બેઠા ઘાટનું એક ઘર હતું. વસતિથી દૂર આ એકલદોકલ મકાનમાં કોણ રહેતું હશે? તે વિચારી રહ્યો.

હમેશાં સવારે સાત વાગ્યે એ આમ ફરવા નીકળતો, ને લગભગ પોણા આઠ વાગ્યે હોટેલમાં પાછો આવી ચાનાસ્તો પતાવી સાડા આઠ વાગ્યે તે ફૅક્ટરીમાં કામ પર ચાલ્યો જતો.

એની બદલી તાજી જ થએલી, એટલે કારોબારથી બરોબર વાકેફ થયા પછી જ મકાન રાખવાનું તેણે વિચારેલું. અત્યાર સુધી તે મુંબાઇની ઑફિસમાં કામ કરતો હતો અને પોતાના કાકા સાથે રહેતો હતો. હવે તેને અહીં ફૅક્ટરી સંભાળવાની હતી. અઠવાડિયે એક વખત તે મુખ્ય ઑફિસે મુંબાઈ જઈ આવતો.

તેણે ઘડિયાળમાં જોયું: સાત ને પચ્ચીસ થઈ હતી. એવામાં ઓચિંતી સવારની ખુશનુમા હવાને ભેદતી ભયભરેલી એક તીણી ચીસ સંભળાઈ: 'ખૂન! દોડો! ખૂન! બચાવો...' અને પછી જાણે કે કોઈએ મોં પર હાથ દાબી દીધો હોય તેમ અવાજ અચાનક દબાઈ ગયો.

સનાતન એકદમ ઊઠચો અને અવાજની દિશામાં દોડચો. લાગ્યું કે કયાંક નજીકથી કોઈ સ્ત્રીની એ ચીસ આવી હતી. એટલામાં તો પેલું બેઠા ઘાટનું મકાન જ હતું. છૂટાંછવાયાં ચારપાંચ વૃક્ષ તેને ઢાંકતાં હતાં. એકદમ તે કંપાઉંડમાં દાખલ થયો, ને જોયું તો ત્યાં એક સુંદર યુવતી ફૂલ ચૂંટી રહી હતી. પ્રથમ તો થયું કે કદાચ તેણે જ બૂમ મારી હશે. પણ તેને તરત લાગ્યું કે મદદ માગનાર આવી સ્વસ્થતાથી ફૂલ ન ચૂંટતું હોય. આશ્ચર્યથી તે યુવતીએ સનાતન તરફ જોયું. તેની નજરમાં અણગમો હતો.

'માફ કરજો' સનાતન બોલ્યો, 'પણ હમણાં તમે બૂમ પાડી?'

'મેં?' તે બોલી: 'ના'.

સનાતનનો પ્રશ્ન સાંભળી તે એવી દિક્મૂઢ બની ગઈ હતી કે તે ગૂંચવાયો. બહુ જ કોમળ અવાજે તે બોલી: 'તમે અહીં કેમ આવ્યા?'

'હું?' સનાતન વધારે ગૂંચવાયો: 'ત્યારે તમે કોઈની મદદ માટે ચીસ સાંભળી?'

'મેં તો કાંઈ સાંભળ્યું નથી.' તે જરા કડક થઈ બોલી.

'પણ અવાજ તમારા તરફથી જ આવ્યો હતો!' સનાતને દઢતાથી કહ્યું. હવે તે તેની તરફ શંકાની નજરે જોવા લાગી.

'શાનો અવાજ હતો?'

'કોઈ સ્ત્રી ચીસ પાડી ઊઠી કે—'ખૂન, દોડો, ખૂન, બચાવો...'

'ખૂન?' તે બોલી: 'મને લાગે છે કાં કોઇએ તમારી મશ્કરી કરી, અગર તમે મારી મશ્કરી કરો છો. અહીં કોનું ખૂન થવાનું હતું?'

સનાતને આજુબાજુ નજર નાખી, જાણે કે તે કચારા આગળ જ તેને લાશ ન મળવાની હોય! ચીસ સાંભળ્યાની તો તેને પૂરી ખાતરી હતી. તેણે મકાનની બારી તરફ જોયું. બધું શાંત ને સ્થિર લાગતું હતું.

'તમારે અમારા ઘરમાં તપાસ કરવી છે?' તે સુક્કું હસી.

'ના, માફ કરજો; મને લાગે છે-કદાચ બીજી તરફથી આવ્યો હશે.'

તે પાછો વળ્યો. તેણે જોયું તો યુવતી ફૂલ ચૂંટવાના કામમાં ગૂંથાઈ ગઈ હતી. તે મેદાનની બાજુની ઝાડીમાં ફરી આવ્યો, પણ ત્યાં કાંઈ બન્યું હોય તેમ લાગ્યું નહિ. પણ તેને ખાતરી જ હતી કે તેણે ચીસ સાંભળી હતી. તેણે કાંડાઘડિયાળમાં જોયું: ૭ ૫૫ થયા હતા. ઑફિસે જવાની ઉતાવળમાં તે હોટેલ ઉપર પાછો ફર્યો.

ફૅક્ટરીમાં આવ્યો ત્યારે તેને વિચાર આવ્યો કે આ વાત પોલીસને જણાવી હોય તો? તેણે ફોન ઉપાડચો, પણ તરત તેની નજરે પેલી નિર્દોષ યુવતીનું મોં તરી આવ્યું. તે કદી ખોટું બોલે ખરી? તેને તો ઊલટું એમ લાગ્યું કે સનાતને અમસ્તી વાત કરી–ઓળખાણ કરવા માટે જ આ બધું ખોટેખોટું જાણે પૂછ્યું ન હોય! હવે તેને શંકા થઈ કે શું ખરેખર પોતે ચીસ સાંભળી હતી? તેણે ફોન નીચે મૂકચો.

તેણે પોતાના મગજને કસવા માંડચું. શું કોઈ પક્ષીના અવાજને તેણે સ્ત્રીનો અવાજ તો નહોતો ગણ્યો ને?

પોતે કેવો મૂર્ખ હતો? તેણે અવાજ સાંભળેલો તે મદદ માગતી સ્ત્રીનો હતો તેમાં શંકા જ નહોતી. શા માટે તે આવું વિચારતો હતો?

છતાં તેણે સાંજે દરેક છાપું જોયું, પણ તેમાં કાંઈ સમાચાર નહોતા. ઘડીક લાગ્યું કે તેના મન ઉપરથી બોજો ઊતરી ગયો છે. પણ ના, એ તો ઊલટો વધ્યો હતો!

બીજે દિવસે ઠંડી જરા વધારે હતી. તેથી તે ફરવા ન જઈ શકચો. તે દિવસનાં વર્તમાનપત્રો પણ કાંઈ જણાવતાં નહોતાં. 'તાજ્જુબ! પણ ચોક્કસ ત્યાં કાંઈક બન્યું છે. ચીસ જરૂર સંભળાઈ હતી!

કોઈ છોકરાઓએ ઝાડીમાં રમતાંરમતાં ટીખળ તો નહિ કર્યું હોય?

ભણકાર

ત્રીજે દિવસે તે વહેલી સવારે ફરવા નીકળ્યો. મેદાનમાં પહોંચતાં જ સ્વાભાવિક રીતે જ તેની નજર કાંડા પરની ઘડિયાળ ઉપર ગઈ. સાત ને ત્રેવીસ મિનિટ થઈ છે.' તે બબડચો.

ત્યાં તો તેની પાછળથી ભયાનક આર્તનાદ આવ્યો: 'ખૂન, દોડજો! ખૂન, બચાવો...'

સનાતન દોડચો: તે જ મકાન તરફ. ચીસ ત્યાંથી જ આવી હતી. તે જ યુવતી ત્યાં ફૂલ વીણતી હતી. સનાતન એકદમ તેની પાસે દોડતો આવ્યો: 'આ વખતે તમે જરૂર સાંભળ્યું હશે!'

તેની આંખ વધારે પહોળી થઈ. તે કશું બોલી નહિ; જરા પાછી હઠી ગઈ અને પાછળ ઘર તરફ જોયું-જાણે કે અંદર ચાલી જવા ન માગતી હોય? તેણે માથું ધુણાવ્યું: 'મેં કાંઇ જ સાંભળ્યું નથી' તે બોલી. કોઈએ સનાતનના પેટમાં મુક્કો માર્યો હોય તેવી તેની સ્થિતિ થઈ. યુવતીની વાતચીત ઉપરથી લાગતું હતું તે ખોટું બોલતી નહોતી.

'મને લાગે છે તમને કાંઇક થયું છે.' તે શંકાપૂર્વક બોલી. સનાતને જોયું કે તેની આંખમાં ભય હતો. કદાચ તે ઘરમાં ભરાઈ જશે!

તેને હવે વિચાર આવ્યો: શું મને જ કાંઇક થયું છે? શું થયું હશે? મનમાં આવા ભણકારા કેમ થતા હશે! એક પણ શબ્દ બોલ્યા વિના તે ઢીલે પગલે દરવાજામાંથી બહાર નીકળી ગયો.

જો તે હમેશાં અહીં સાત ને પચ્ચીસે આવી ચીસ સાંભળતો હોય તો તો... કદાચ આટલામાં કયાંય ભૂત તો નહિ થતું હોય ને?

આખો દિવસ તેને કચાંય ચેન પડચું નહિ. રાત્રે તે વહેલો સૂતો, સવારે ફરી ખાતરી કરવાના નિશ્ચયથી. પણ મોડી રાત સુધી નિદ્રા જ ન આવી; અને પછી પાછલી રાત્રે એવી આવી કે તે ઊઠચો ત્યારે ખૂબ મોડું થયું હતું.

ચિકિત્સા

તેને લાગ્યું કે તે ૭–૨૫ને સમયે કદાચ ત્યાં નહિ પહોંચી શકે; તો પણ તેણે ઊઠતાંવેંત દોટ મૂકી. તેની નજર કાંડા ઉપર જ હતી.

એ જ સમયે તેણે ફરીથી એ જ અવાજ સાંભળ્યો! એ જ નિ:સહાય દર્દભરી ચીસ; બચાવવાની આજીજીભરી માગણી; તે જ મકાન તરફથી. તેને થયું કે પેલી યુવતી તો પોતાની મજાક નહિ કરતી હોય ને! તે ધીરેધીરે તેની પાસે ગયો. આજે પણ તે ફૂલ વીણતી હતી.

'નમસ્તે' તે બોલ્યો. યુવતીએ પણ તેને હસીને આવકાર્યો.

'કેટલો મજાનો દિવસ લાગે છે!'

'હઅઅ...'

'ફૂલ પણ કેટલાં રૂપાળાં લાગે છે!'

'હા, કુદરતની બક્ષિશ છે એટલી.' તે બોલી. 'આજ તમે બહુ આનંદમાં જણાઓ છો.'

આહા...સનાતને વિચાર્યું; મને સારું લાગે માટે જ, મારા મનમાંથી વહેમ દૂર કરાવવા જ કદાચ તે આમ બોલતી લાગે છે!

'આજ જરા વધારે સારું લાગે છે.'

'વાહ, બહુ મજાની વાત.' કહેતી તે ઘર તરફ ચાલતી થઈ.

સનાતનને લાગ્યું કે તે પોતાની વાત માનતી નહોતી. પોતે જાણે ઢોંગ કરતો પકડાઈ ગયો હોય તેવી લાગણી તેને થઈ આવી.

તે પાછો આવ્યો. હૉટેલના ટેબલ ઉપર એક તરફ બેસી તેણે ચાનો ઑર્ડર આપ્યો. તેને લાગ્યું કે બાજુના ટેબલ ઉપરથી કોઇ તેને નિહાળી રહ્યું છે. કોઈ આધેડ પ્રતિભાશાળી માણસ તેની બાજુના ટેબલ ઉપર બેસી સિગારેટ ફૂંકી રહ્યો હતો. તેની રીતભાત ઉપરથી લાગતું હતું કે તે કોઈ ઉમદા પ્રકારનો ધંધો કરતો હશે. સનાતન સામાન્ય જાણતો હતો કે તે ડૉક્ટર હતો. તેણે કેટલાક મિત્રોમાં તેનું નામ એક મનોવૈજ્ઞાનિક તરીકે સાંભળ્યું હતું. તેને પોતાની તરફ તાકી રહેતો જોઇ તે સહેજ ગભરાયો. લોકો તેને પાગલ તો નહોતા માનતાને? શું તેની રીતભાત એવી છે કે લોકો તેને આવી રીતે જુએ છે? પોતે કાંઇ ગાંડો તો નથી થઈ ગયો ને? પોતાના આ વિચાર ઉપર તેને ધ્રુજારી છૂટી ગઈ.

અચાનક તેને વિચાર આવ્યો. અત્યાર સુધી પોતાની વાતનું કોઈ સાક્ષી નહોતું. પોતે કોઇને સાથે ફરવા લઇ જાય તો?

એ વખતે ત્યાં પેલી ચીસ સંભળાય તો? કદાચ તે બન્નેના સાંભળવામાં આવે—કદાચ આ ડૉક્ટર જ તેને માટે લાયક હતો.

તે સાંજે સનાતન તે ડૉક્ટર—શ્રીધર મહેતાને મળ્યો. તે પોતાના ખાસ દર્દી માટે હમણાં એકાદ બે અઠવાડિયાં અહીં રહેવાના હતા. એક જ દર્દીને સાચવવાનો હોઇ તે નિરાંતમાં હતા. અહીં હૉટેલમાં જ ઊતર્યા હતા. ડૉક્ટર શ્રીધર બહુ આનંદથી બીજે દિવસે તેની સાથે ફરવા જવા તૈયાર થયા.

તેઓ લગભગ સાત વાગ્યે નીકળ્યા. ખુશનુમા સવાર હતી. બન્ને ગપ્પાં મારતા જતા હતા. પણ સનાતનું મન વાતોમાં નહોતું. તે વારંવાર કાંડા ઘડિયાળ જોતો હતો.

ડૉક્ટર ખુશમિજાજમાં હતા. બહુ જ આનંદથી તડાકા મારતા હતા. આજે ઠંડી એટલી જ હતી. પેલા મકાનના કૅમ્પાઉન્ડમાં તેણે નજર કરી. પેલી છોકરી ફૂલ લેવા બહાર નીકળી. તેણે કાંડા ઘડિયાળમાં જોયું. સાત ને પચ્ચીસ થઈ હતી. આજે કેમ અવાજ જ ન આવ્યો? તેઓ આગળ વધ્યા. પેલું મકાન વટાવી આગળ નીકળ્યા. અચાનક શાંત વાતાવરણને ચીરતી ચીસ સંભળાઈ: 'દોડજો! ખૂન! બચાવો...'

તે ચમક્યો. તેણે ડૉક્ટર તરફ જોયું. તે તો પોતાની વાતમાં મશગુલ હતા. તેણે કાંઈ સાંભળ્યું લાગતું નહોતું. સનાતનને પોતાની આજુબાજુની જમીન ફરતી લાગી. તે એકાદ બે ડગલાં ચાલ્યો અને પછી...

જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે ડૉક્ટર તેની નાડી હાથમાં લઈ એકચિત્તે નિદાન કરવામાં મશગૂલ હતા.

'કેમ, શું થયું? મન ઉપર આમ બોજો ન રાખીએ. હજુ તો તમે જિંદગીની શરૂઆત કરો છો.' ડૉક્ટરે સહાનુભૂતિભર્યા અવાજે કહ્યું.

'શું થયું છે મને?'

'તમે બેભાન થઇને પડી ગયા હતા.'

'ઓહ!'

'શું હતું? મન નબળું પડી ગયું છે?'

'મારે તમને કેટલીક વાત પૂછવી છે.' સનાતન બોલ્યો: 'તે પછી હું તમને આ બધું શું છે તે કહીશ.'

'પૂછો, ખુશીથી.'

'તમે છેલ્લા એક બે દિવસથી મને તાકીને કેમ જોયા કરતા હતા? જ્યારે હું હૉટેલમાં આવતો ત્યારે તમારી નજર મારા પર જ રહેતી હતી.

'જરા વિચિત્ર પ્રશ્ન છે. આપણી સામે તો ઘણા જોતા હોય છે...' તેથી—'

એમ વાતને ઉડાવી ન દો. મારે આ પ્રશ્ન પૂછવાનું કારણ છે.'

ડૉક્ટર ગંભીર થઈ ગયા: 'ઠીક ત્યારે! તમારી વાતનો હું પ્રામાણિકપણે જવાબ આપીશ. હું જોતો હતો કે તમારા મન ઉપર કાંઈક છે, અને તમે પ્રયત્નપૂર્વક તેનાથી દૂર જવા મહેનત કરતા હો તેમ લાગતું હતું. તમારું ખેંચાએલું, મસ્ત માનસ જોઈ મને જાણવાનું મન થતું હતું કે તમને એવી તે કઈ વાત દબાણ કરી રહી છે?'

'કાંઈ જ નહિ' સનાતન બોલ્યો: 'મને લાગે છે હું પાગલ બની જઈશ.' તેને લાગ્યું ડૉક્ટર તેની વાત માનતા નથી. ફરી તેણે કહ્યું: 'ખરેખર હું પાગલ બની જઈશ.'

'તમે એકદમ નિરાશ થઈ ગયા લાગો છો. તમારા જેવા પ્રતિભાવાન યુવાન માણસમાં આવી નબળાઈ ક્યાંથી આવી? શું તમે કોઈ ભણકારાના—કોઈ વહેમના શિકાર તો નથી બની ગયા ને?'

'હા, તેમ જ છે, મારું મન બહુ જ નબળું પડી ગયું લાગે છે.'

'હું એ માનતો નથી.'

'તમારી વાત સાચી હશે, પણ મને કેટલીક વખત ખોટા ભણકારા સંભળાતા હશે. સંભળાય છે. કદાચ ખોટા હશે. પણ સંભળાય છે ચોક્કસ.'

'જમ્યા પછી સંભળાય છે?' ડૉક્ટરે પૂછ્યું.

'ના, સવારે.'

'એવું કદી બનતું નથી.' ડૉક્ટરે પોતાના અધિકારથી કહ્યું.

'હું સાચું કહું છું, હું કેટલુંક એવું સાંભળું છું જે કોઈ સાંભળતું નથી.'

'હજારે એકાદ માણસ ગુરુનો ચંદ્ર જોઈ શકે; પણ બીજા નવ સો નવાણું તે ન જોઈ શકે તેથી એમ ન કહેવાય કે ગુરુને ચંદ્ર જ નથી; અને એમ પણ ન કહેવાય તે ચંદ્ર જોનાર પાગલ છે.'

'પણ ગુરુને તો ખરેખર ચંદ્ર છે તે સાબિત થએલી વાત છે.'

'તો પછી એમ પણ બને કે આજે જે ભણકાર લાગતા હોય તે આવતી કાલે સાચી વાત બને એથી મન નબળું ન કહેવાય.'

ડૉક્ટરની વાતની અસર થઇ. સનાતનને લાગ્યું કે તે મનની નબળાઈનો ભોગ તો નથી થયો. ડૉક્ટર તેની તરફ જોઈ બોલ્યો: 'આટલી જ વાત હતી! તમારું જુવાનિયાનું આ એક મોટું દુઃખ છે. તમે માનો છો કે તમારી સમજમાં ન ઊતરે તેવું કાંઈ બની જ ન શકે, ને એવું કાંઈ બને તો તમને તે મનની નબળાઈ લાગે!' ડૉક્ટરે એક દર્દીની માવજત કરતા હોય તેમ કહ્યું: 'ચાલો ત્યારે, હું સાંભળું તો ખરો કે તમારા મન ઉપર શું છે? તમને તે ભણકારા વાગે છે કે તેમાં કાંઇ તથ્ય છે? તમે પાગલ બની જશો એમ તમે કેવી રીતે કહી શકો?'

બની શકે તેટલી ચોક્કસાઇથી સનાતને બધા બનાવો તેને

જણાવ્યા ને ઉમેર્યું: 'પણ મને એ નથી સમજાતું કે આજે તે અવાજ મેં સાત ને પચ્ચીસને બદલે સાડા સાતે કેમ સાંભળ્યો?'

ડૉક્ટર વિચારમાં પડી ગયા; પછી એકાએક પૂછ્યું: 'તમારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે?'

'પોણા આઠ' સનાતન પોતાની ઘડિયાળ જોઇ બોલ્યો.

'સાદી વાત છે.' ડૉક્ટર બોલ્યા: 'મારી ઘડિયાળમાં સાત ને ચાળીસ' થઈ છે. તમારી ઘડિયાળ પાંચ મિનિટ આગળ છે. જોકે આ વાત મારે માટે બહુ કીમતી છે.'

'કેવી રીતે?' સનાતનને હવે રસ પડચો.

'એક કારણ એમ પણ કહી શકાય;' ડૉક્ટર બોલ્યા: 'કદાચ તમે પહેલે દિવસે આવી ચીસ સાચે જ સાંભળી હોય, કે પછી કોઇએ મશ્કરી કરી હોય તેમ પણ બને. પણ બીજી સવારે તમે તે સાંભળવાની આશાથી અહીં આવ્યા, ને તે પણ બરાબર તે જ વખતે.'

'ના,' સનાતન બોલ્યો: 'હું તો ફરવા આવ્યો હતો.'

'તમે ભલે તેમ માનો, પણ તમારું અજાગૃત મન તે સાંભળવા તલસી રહ્યું હતું. તમને ખબર નથી આ અજાગૃત માનસ માણસ ઉપર કેટલીક વાર વિચિત્ર રમતો રમે છે. પણ તેથી જ તમે આ ચીસ સાંભળતા હોત તો તમે આજે પણ સાત ને પચ્ચીસે તે ચીસ સાંભળી હોત, અલબત્ત તમારી ઘડિયાળ પ્રમાણે.' જરા રહી તે બોલ્યા: 'પણ તમે તમારી ઘડિયાળ પ્રમાણે સાડા સાતે તે ભણકાર—કે ચીસ સાંભળી તેથી લાગે છે કે તે અજાગૃત માનસનું કારણ નથી.'

'ત્યારે?'

'એમ માની શકાય,' ડૉક્ટર બોલ્યા: 'કે તે મદદની માગણીની ચીસ આ જગ્યા અને આ સમયના ફલક ઉપર ખરેખર અસ્તિત્વ ધરાવે છે. આ બેઠા ઘાટના મકાનની આજુબાજુ ને સાત ને પચ્ચીસ મિનિટે ક્યારેક પણ અહીં કાંઇક બન્યું હશે.'

'પણ તો શા માટે હું એકલો જ તે સાંભળું છું અને બીજું કોઈ જ નહિ?' સનાતન બોલ્યો. તેની ઉત્કંઠા વધી. ઈશ્વરની અપાર દયા કે તેને સાચો મદદગાર મળ્યો હતો, નહિ તો તે ખરેખર પાગલ થઇ જાત.

'કદાચ તે વાતનો ઉકેલ આપણે હમણાં ન શોધી શકીએ. કેટલીક વખત આવી વસ્તુ એટલી ચોક્કસ અને અસરવાળી હોય છે કે વાતાવરણ તેને સાચવી રાખે છે અને તેને યોગ્ય ઝીલનારો મળે તો તેને સંભળાય છે. એવું ઘણી વાર બને છે કે કેટલાક જે સાંભળે છે તે તેની આજુબાજુના કોઇ સાંભળી શકતા નથી. તેથી તેમને લાગે છે કે તેમનું મન નબળું થઈ ગયું છે. તેમને ભણકારા વાગ્યા કરે છે. તે ભણેલા ન હોય તો ભૂવાભરાડા પાછળ દોડે છે, મંત્રજંત્ર દોરાધાગામાં બરબાદ થાય છે. પણ આ વસ્તુ વિદ્યુત જેવી છે. તેનું વાહક મળતાં તે પ્રગટ થાય છે. તેથી તેને વહેમ માની નાખી ન દેવાય. પણ વાતાવરણ આવી રીતે કેમ પકડ જમાવે છે તે આજે ભલે આપણે જાણતા નથી પણ કદીક તે વાત પણ આપણાથી અદીઠી નહિ રહે. તેના વડે આપણે માનસ અને કુદરતના ઊંડા સાગરનું કદાચ તળિયું જોઈ શકીશું.'

'પણ મારે શું કરવું?' સનાતન બોલ્યો.

'કાંઈ જ નહિ! હોટલે જઈને ચા અને નાસ્તો કરવો, કામ ઉપર જવું, ચિંતા છોડી દેવી, જાણે કે કાંઈ બન્યું જ નથી. દરમિયાન બધું મારા ઉપર છોડી દો. હું તે મકાન વિશે તપાસ કરીશ. મને લાગે છે કે તે મકાનમાં જ કાંઈક બન્યું હશે.'

'વારુ' સનાતન બોલ્યો: 'મારા મનનો બોજો હળવો થયો; પણ—'

'પણ શું?'

તે જરા ખંચકાયો. પછી બોલ્યો: 'મને ખાતરી છે કે પેલી ત્યાં રહેતી યુવતીને તો આમાં કાંઈ જ લાગતુંવળગતું નથી. તે નિર્દોષ છે.'

ડૉક્ટર તે યુવાનને જતો જોઈ હસ્યા.

વધારે વિગત

તે સાંજે સનાતન ઉતાવળે હોટેલ ઉપર આવ્યો. ડૉક્ટર શ્રીધર તેને અસાધારણ માણસ લાગ્યો. તેની વાત સતર્ક હતી. ડૉક્ટરે વાત સ્વીકારી લીધી તેથી સનાતનને તેના ઉપર ભાવ વધ્યો હતો.

તેણે જોયું કે ડૉક્ટર તેની રાહ જોઈ રહ્યા હતા. સનાતન પણ એમના ટેબલ પર જમવા બેઠો. 'કાંઇ જાણવા મળ્યું?' સનાતને પૂછ્યું.

'હા. અગાઉ ત્યાં એક ગરીબ કુટુંબ રહેતું હતું. પણ આ તરફ વસતિ વધતાં તેના માલિકે તે ઘર ખાલી કરાવી આખા મકાનને રંગરોગાન કરાવી વેચી નાખ્યું. તેના નવા માલિક શ્રી હાર્ડિકર અને તેનાં સુંદર પત્ની પછી ત્યાં આવીને વસ્યાં. તેઓ કોઈની સાથે બહુ હળતાંભળતાં નહિ. તેનાં પત્ની ગુજરાતી હતાં. તેમણે કદાચ પ્રેમલગ્ન કર્યું હશે તેથી જ તેઓ સમાજથી સંકોચાતાં ને અતડાં રહેતાં હશે.'

ડૉક્ટરે આગળ ચલાવ્યું: 'અચાનક એક દિવસે તેઓ ચાલ્યા ગયા. પાછા આવ્યા જ નહિ. પણ થોડા દિવસ પછી અહીંના મકાન-દલાલને પૂનાથી એક પત્ર મળ્યો. એ મકાનને વેચી નાખવાની શ્રી હાર્ડિકરે તેમાં સૂચના આપી હતી. ફર્નિચર સાથે એ ઘર વેચાયું તે શ્રી કાપડિયાએ ખરીદ્યું છે. કાપડિયા વનસ્પતિશાસ્ત્રી છે. અહીં એકાંતમાં તેની પુત્રી સાથે રહે છે ને પોતાના અભ્યાસમાં દિવસો વિતાવે છે. હજુ પંદરેક દિવસથી જ તેઓ રહેવા આવ્યા છે.

'પણ આમાંથી આપણને ખપની કાંઇ વાત મળતી નથી.' સનાતને એક ચિત્તે વાત સાંભળતાં કહ્યું.

'મને લાગે છે કે હાર્ડિકર બાબતમાં આપણે તપાસ કરવી જરૂરી છે. તે અચાનક ચાલ્યા ગયા. કોઇએ તેને જતાં જોયા નહોતા. જોકે પૂનામાં તેને જોનારા મળી આવ્યા, પણ કોઇએ તેની પત્નીને પછી જોઈ નથી.'

સનાતનનાં ભવાં ખેંચાયાં: 'તો શું તેણે તેની પત્નીનું ખૂન—'

'ઉતાવળા ન થાઓ, મહેરબાન!' ડૉક્ટર બોલ્યા: 'હા, કદાચ આવા પ્રકારના મૃત્યુની અસર તેની આજુબાજુના વાતાવરણે પકડી રાખી હોય, અને યોગ્ય વાહક મળતાં તે ફરી બહાર પડી ગઈ હોય. આ કેઈસમાં તમારા મારફત.'

'પણ હું શા માટે?' તે બોલ્યો: 'કોઇ બીજા મારફત કેમ નહિ?'

'અહીં જ ખૂટતી કડી છે. કુદરતની ગતિને કોણ જાણી શક્યું છે? ક્યાં બળો તેમાં કામ કરતાં હશે તે જાણી લઇએ તો આખો કોયડો ઊકલી ન જાય?' ડૉક્ટરે સમજાવ્યું; 'મેં ખૂબ વિચાર કર્યો, પણ ભૂતની વાત મારા મનમાં બેસતી જ નથી. આ બાબતમાં કાંઇક વિચિત્ર બળો કામ કરે છે અને ચોક્કસ તે તેનો અંત લાવશે જ.'

સનાતન ગભરાયો. ડૉક્ટર બોલ્યા: 'તેથી મન ઉપર કાંઈ લાવવાની જરૂર નથી. ધીમેધીમે કોકડું ઉકેલાઈ જશે. મેં તો તમને તેની શક્યતાઓ જણાવી. હવે માત્ર સમયની રાહ જુઓ. ચાલો, આપણે શાંતિથી જમીએ. બહુ વાતો કરી.' સહાનુભૂતિ પૂર્વક ડૉક્ટરે તેને ખભે હાથ મૂક્યો. તે પણ ગૂંચવાએલા લાગતા હતા.

સનાતને વાતને મન ઉપરથી દૂર કરવા યત્ન કર્યો. દરમિયાન ત્રણ-ચાર દિવસ વીતી ગયા. તેણે પણ પેલા ઘર સંબંધ તપાસ કરાવી, પણ ડૉક્ટરે મેળવેલી હકીકતથી તે વધારે કંઇ મેળવી શક્યો નહિ.

પુરાવો

અચાનક એક દિવસ રૂમબૉયે આવી તેને કહ્યું કે કોઈ તેને મળવા માગે છે. સનાતને જોયું તો પેલા બેઠા ઘાટના મકાનવાળી યુવતી જ તેને મળવા આવી હતી. ગેસ્ટ રૂમમાં તેને બેઠેલી જોઈ સનાતનનું

હૃદય ધડકી ઊઠયું. 'માફ કરજો.' તે મધુર અવાજે બોલી : 'આવી રીતે તમને તકલીફ આપું છું; પણ મારે તમને કાંઇક કહેવું છે.' તેણે શંકાથી આજુબાજુ જોયું.

'તમને હરકત ન હોય તો મારી રૂમ ઉપર આવશો?' તે તેને ઉપર દોરી ગયો: 'બેસો અં—'

'મારું નામ વસુધા કાપડિયા.'

'બોલો.'

તેણે જરા વસ્ત્ર સંકોર્યાં. તે ખૂબસૂરત હતી. મીઠાશ તેનામાં ભારોભાર ભરી હતી. નિર્દોષ ગોરું મુખ કોઇનું પણ મન હરી લે તેવું હતું. સનાતનનું હૃદય ધડકી ઊઠયું. 'શું કહેશે તે?'

'તમે જાણો છો, અમે કયાં રહીએ છીએ તે.' એ બોલી : 'પહેલે-થી જ ત્યાંને માટે લોકોના મનમાં વહેમ છે. તેથી તો કોઈ નોકરચાકર પણ ત્યાં આવતો નથી. પણ મારા પિતાશ્રીને એકાંત જોઇએ; એટલે હું એકલી જ તેમની બધી સગવડ સાચવી લઉં છું.

'પ્રથમ તો મને તમારી વાત ઉપર વિશ્વાસ નહોતો.' તેણે ચલાવ્યું : 'હું ભૂતપ્રેતમાં માનતી નથી. પણ ચાર દિવસ પહેલાં મને જે અનુભવ થયો તેણે મારી માન્યતાને હચમચાવી દીધી છે. ચાર રાત્રિ થયાં મને એક જ પ્રકારનો અનુભવ થાય છે. રોજ રાત્રે મને એક જ પ્રકારનું સ્વપ્નું આવે છે. સ્વપ્નમાં હું જોઉં છું કે એક ખૂબ રૂપાળી સ્ત્રી તેના હાથમાં કાળી પત્થરની ત્રિમૂર્તિ લઇને ઊભી હોય છે. તેણે સુંદર વસ્ત્રો પહેર્યાં હોય છે. વારંવાર તે મારું ધ્યાન પેલી 'ત્રિમૂર્તિ' તરફ ખેંચતી હોય છે. એલિફન્ટામાં તમે જોઈ હશે તેવી જ અસલ ત્રિમૂર્તિ એ છે. વારંવાર તે એ મૂર્તિને આગળ કર્યા કરતી હતી. પણ કંઈ બોલી શકતી નહોતી. તેને શું કહેવું છે તે સમજાવી શકતી નહોતી. તે અસહાય સ્ત્રીને જોઈ બહુ જ દયા આવે. બરોબર બે રાત તે પ્રમાણે મને સ્વપ્ન આવ્યું. પણ પરમ દિવસે રાત્રે તેના હાથમાંથી ત્રિમૂર્તિ નીચે પડી અને તે ચીસ પાડી ઊઠી : 'ખૂન! દોડજો, ખૂન! બચાવો...' મને યાદ છે જેવું તમે તે દિવસે બોલ્યા હતા તેવું જ—હા, તે પ્રમાણે જ તેણે અસહાય ચીસ નાખી. હું ભયમાં ને ભયમાં જાગી ઊઠી. ચોક્કસ તે સ્વપ્ન હતું. પણ કાલે રાત્રે તે સ્વપ્ન ફરી આવ્યું. આ શું હશે તે તમે કહી શકશો? તે દિવસે હું તમને માનતી નહોતી. તમે ખોટી મિષે મારી સાથે વાત કરવા માગો છો તેવું મને લાગતું હતું. પણ આજ મને જણાય છે કે મેં તમને નાહક ખોટા માન્યા. તમે પણ તેવી જ ચીસ સાંભળી હતી, પછી તમે કાંઈ કર્યું? આમાં કંઇ આપણે શું...'

તેનું મુખ ભયત્રસ્ત હતું. તેને કપાળે પરસેવો વળી ગયો હતો. તે અટકી જઇને સનાતન તરફ મીટ માંડી બેઠી.

'તમે ગભરાશો નહિ,' તે અંતે બોલ્યો : 'જો તમને હરકત ન હોય તો તમે આ વાત મારા ડૉક્ટર મિત્રને ફરી કહી જશો? તે અહીં જ રહે છે; ડૉક્ટર શ્રીધર મહેતા.' તે મૂગી રહી. લાગ્યું કે તેને તેમાં હરકત નહોતી. સનાતન થોડી વારમાં ડૉક્ટરને બોલાવી લાવ્યો.

ડૉક્ટર તેની તરફ તાકીને જોઇ રહ્યા. તેણે સનાતન માફક તેને પણ આશ્વાસનના શબ્દો કહ્યા અને તેની વાત એક ચિત્તે સાંભળી.

'તાજ્જુબ!' તે બોલ્યા: 'તમે તમારા પિતાશ્રીને આ વાત જણાવી?'

વસુધાએ ડોકું ધુણાવ્યું 'તે તેના અભ્યાસમાં મગ્ન છે. તેને ચિંતા કરાવવી મને ઠીક લાગી નહિ. મારી મા જતાં તે બહુ એકલવાયા રહે છે.' તેની આંખમાં આંસુ હતા : 'તેને ઉદ્વેગ થાય તેવું કૈં પણ ન બને તેની હું કાળજી રાખું છું. તે એકલા જ અત્યારે મારો સહારો છે.'

'હંઅ...ડૉક્ટર બોલ્યા : 'એક રીતે તેઓ જાણતા નથી તે સારું છે, નહિ તો આ અસરમાંથી બચી ન શકત. પણ સારું જ થયું, તમે અહીં આવ્યાં તે. સનાતનને પણ તેવો જ અનુભવ થયો છે, એટલે આપણે હવે આ રહસ્ય શોધી શકીશું. તમને પોતાને આ બધામાં કાંઈ કારણ જણાય છે?'

'હા,' તે બોલી : 'જુઓ, ત્યાંના એક જૂના કબાટની પાછળથી મને આ એક છબિ મળી આવી છે.'

ચિત્રકારે દોરેલી એ એક સુંદર છબિ હતી. કાગળ જૂનો હોઈ ખવાઈ ગયો હતો. રંગ પણ ઝાંખા પડી ગયા હતા. છતાં તેમાં આલેખેલી સ્ત્રી તો હજીયે સુંદર લાગતી હતી. તે એક ટેબલ પાસે ઊભી હતી. તે ટેબલ ઉપર ત્રિમૂર્તિ મૂકેલી હતી. વસુધા બોલી : 'આ સ્ત્રીને જ મેં સ્વપ્નમાં જોઈ હતી ને તેની પાસે આ જ ત્રિમૂર્તિ હતી.'

'વાહ!' ડૉક્ટર શ્રીધર બોલી ઊઠયા : 'મને લાગે છે આખી વાતની કડી આ ત્રિમૂર્તિ લાગે છે. આ મૂર્તિ મને જોકે જૂની લાગે છે. પણ એલિફન્ટાની ત્રિમૂર્તિ જેવી હૂબહૂ લાગતી નથી.

'ના, હૂબહૂ તેવી જ છે,' સનાતન બોલ્યો : 'મેં મારા કાકાને ત્યાં આવી જ ત્રિમૂર્તિ જોઇ હતી. તેઓ પુરાતત્ત્વના બહુ શોખીન છે. ઘણી યે જૂની પ્રતિમાઓ તેઓ પાસે છે. તેમાં આને માટે તો તેમણે ખાસ એક સુંદર કેઈસ બનાવ્યું છે. પોતાના ખાનગી રૂમમાં જ તે રાખ્યું છે. તેઓ કહે છે તેઓ તેનું ધ્યાન કરે છે.'

'આવી જ ત્રિમૂર્તિ, અને તે તમારા કાકા પાસે...' ડૉક્ટર બબડયા : 'સનાતન, તમારા કાકા પાસે તે કેટલા વખતથી છે?'

'મને ખાસ ખયાલ નથી.'

'તો યે કાંઈક અટકળ ખરી?'

'મને લાગે છે તેઓ પાસે બહુ ઝાઝો વખત થયાં નથી.'

'હું ધારું છું કે, તેમણે કદાચ તે પેલા હાર્ડિકર પાસેથી મેળવી હશે. હાર્ડિકરને પણ આ ઘર છોડી ગયે ઝાઝો વખત થયો નથી.'

'કદાચ તેમ જ હશે.' સનાતન બોલ્યો, 'મને લાગે છે મારા કાકાએ તેની પાસેથી જ ખરીદી હશે. તેઓ પોતાના જીવનનો ઘણો વખત યાત્રામાં અને પુરાતત્ત્વનો અભ્યાસ કરવામાં ગાળે છે. તેમની પાસે સારો એવો પૈસો છે. વળી તેમણે 'પુરાતત્ત્વ અને પૃથ્વીનો ઇતિહાસ' નામે પુસ્તક પણ લખ્યું છે.

'મને લાગે છે કે તે ત્રિમૂર્તિ તમારે ત્યાં આવી તેથી જ કદાચ તમે આવું સાંભળી શકયા હશો અને આ બહેન ત્યાં રહે છે તેથી જ તેને તેવાં સ્વપ્નાં આવતાં હશે.' ડૉક્ટરને જાણે કે કાંઇક ઉકેલ મળ્યો હોય તેવું તેજ તેની આંખોમાં હતું : 'સનાતન, તમારા કાકા પાસેથી તમે બને તો તે ત્રિમૂર્તિ અહીં ન લઈ આવો?'

'પણ કાકા તો યાત્રાએ ગયા છે;' સનાતન બોલ્યો : 'અને મને તેમના સરનામાની પણ ખબર નથી કે તેમને લખી શકાય. તેઓ તો જલદી પાછા ફરે કે ન પણ ફરે.'

'ત્યારે કશું જ થઈ શકે તેમ નથી.' નિરાશાથી વસુધા બોલી.

'કેમ કાંઈ ન કરી શકીએ?' શ્રીધર બોલ્યા : 'જોકે જરાક વિચિત્ર માગણી છે, વસુધાબહેન! પણ જો તમે એક રાત્રિ અમને બન્નેને તમારે ત્યાં ગાળવા દ્યો, અને સનાતન પેલી ત્રિમૂર્તિ જો ત્યાં લાવે તો કદાચ આપણે અંદરનું તત્ત્વ જાણી શકીએ.'

'તેમ કરવાથી શું જાણી શકીશું? ત્યાં શું બનશે?' સનાતન બોલ્યો.

'તે બાબત હું અત્યારથી ન કહી શકું. મને ખરેખર ખબર નથી કે ત્યાં શું બનશે. કદાચ એમ પણ બને કે તે મૂર્તિ કદાચ પોલી હોય અને તેની અંદર કદાચ આ બધી વાતનો ખુલાસો થાય તેવું કોઈએ કંઈ છુપાવ્યું પણ હોય. કદાચ મિસિસ હાર્ડિકર પણ આપણને તે કહેવા ઇચ્છતાં હશે.' વસુધા બે હાથે તાળી પાડી ઊઠી : 'હા, કદાચ તે રીતે

જ આપણે સત્યનો તાગ મેળવી શકીશું.' તેની આંખમાં ઉત્સાહ હતો.

જોકે સનાતનની મરજી નહોતી. તેનું દિલ ધડકી ઊઠયું. તે જરા મનમાં ગભરાતો હતો. પણ વસુધાની સામે પોતાનો ગભરાટ બહાર પડે તે તેને ગમ્યું નહિ. ડૉક્ટરને તો લાગ્યું કે આ બધું રહસ્ય ખુલવાનું હાથવેંતમાં જ છે.

'તમે ક્યારે ત્રિમૂર્તિ લઈ આવી શકશો?' વસુધાએ પૂછ્યું.

'આવતી કાલે. કાકાના ઘરની ચાવી મારી પાસે જ છે.' સનાતન સહેજ કચવાટથી બોલ્યો.

તે મકાનમાં રાત્રે

બીજે દિવસે સાંજે સનાતન કાકાને બંગલે જવા મુંબાઈ ઉપડયો. ને રાત્રે નવ વાગ્યે તે ત્રિમૂર્તિ લઈને આવ્યો. તેણે તે મૂર્તિને ફેરવી-ફેરવીને જોઈ, પણ તેને તેમાં ક્યાંય ઉઘાડવાનું ઢાંકણ મળ્યું નહિ. ડૉક્ટર હોટેલમાં તેની રાહ જોતા હતા. બન્ને સાથે જમ્યા.

તેઓ પેલા મકાનમાં ગયા ત્યારે રાત્રિના અગિયાર વાગ્યા હતા. વસુધા તેઓની રાહ જોતી હતી. જરા ખખડાવતાં જ તેણે બારણું ખોલ્યું.

'આવો,' તે બહુ જ ધીમેથી બોલી: 'મારા પિતાશ્રી બાજુના ઓરડામાં સૂતા છે, તે જાગી ન જાય તો સારું. મેં તમારે બન્નેને માટે કૉફી બનાવી છે.' તે બંનેને પાછળના ખંડમાં દોરી ગઈ. થોડી વારમાં મઘમઘતી કૉફી બંને માટે આવી. મૂંગામૂંગા તેઓએ કૉફી પીધી.

ત્યાર પછી સનાતને ખોખામાંથી ત્રિમૂર્તિને સાચવીને કાઢી.

'બરાબર, આ તે જ મૂર્તિ છે.' તે બોલી ઊઠી: 'આ મૂર્તિ જ મેં સ્વપ્નમાં જોઈ હતી.' હવે ડૉક્ટરે પોતાની તૈયારી કરવા માંડી. તેણે ટેબલ ઉપથી બધું દૂર ખસેડયું. મૂર્તિ પોલી છે કે નહિ તે જોવા ટકોરા પણ મારી જોયા. આખરે નિરાશ થઈ તેમણે ત્રિમૂર્તિને ટેબલ ઉપર મૂકી. ટેબલની આજુબાજુ તેમણે ત્રણ ખુરશીઓ ગોઠવી. 'હવે' તે બોલ્યા: 'આપણે લાઇટ ઠારીને બેસીએ.' સૌએ તેમ કર્યું. સનાતનનું હૃદય ધડકી ઊઠયું. વસુધા તેની બાજુમાં જ બેઠી હતી.

અંધારામાં ડૉક્ટર બોલ્યા: 'હવે બીજું કાંઈ વિચારશો નહિ. તમારા મનને આ ત્રિમૂર્તિમાં જ પરોવજો, કદાચ આપણને સૌને આ વિષે એકસરખો અનુભવ થશે. કદાચ કાંઈક અકુદરતી હોય તોપણ આપણે સૌ સાથે છીએ, તમારા મનમાંથી ભય કાઢી નાખજો. ભય જેવું દુનિયામાં કાંઈ જ નથી.'

ચારે તરફ પાછી શાંતિ ફેલાઈ ગઈ. સેકંડો ને હવે મિનિટો પસાર થવા લાગી. સનાતનને ગભરાટ થવા લાગ્યો. તેને લાગ્યું કે વસુધા પણ બીએ છે. તેને પરસેવો વળી ગયો. અચાનક તે ધીમેથી બોલી: 'કદાચ કાંઈક ભયાનક બનશે એમ મને લાગે છે.'

'ભયને દૂર કરો' ડૉક્ટર બોલ્યા: કોઈ પણ અસરમાં પડવું નહિ.'

અંધારું વધારે ભયાનક થતું ચાલ્યું ને તેમતેમ ભય વધતો ચાલ્યો.

સનાતન મૂંઝાવા લાગ્યો. તેને નાસી જવાનું મન થયું. તેને ચીસ પાડી ઊઠવાની વૃત્તિ થઈ. તેને લાગ્યું કોઈ તેની નજીક આવી રહ્યું છે... એક માદક સુગંધ પ્રસરી રહી અને તે ઊંડો ઊતરતો ચાલ્યો. તેની આંખો મિચાઈ ગઈ, ચારે તરફ શાંતિ...અંધકાર...અંધકાર...

રહસ્ય

સનાતન જરા હલ્યો. તેનું માથું ભારે લાગતું હતું. તે ક્યાં હતો?

તડકો ખૂબ ચડી ગયો હતો. પક્ષીઓ બોલતાં હતાં. તે એક ઝાડ નીચે પડયો હતો. તે એકદમ બેઠો થઈ ગયો. તેણે ચારે તરફ જોયું. તે પેલા બેઠા ઘાટના મકાનથી થોડે દૂર મેદાનમાં પડયો હતો. તેની પાસે કોઈ નહોતું. તેણે કાંડા ઘડિયાળ જોઈ. સાડા બાર થયા હતા. પોતે અહીં આમ પડયો હતો તો પેલાં બંનેનું શુંય થયું હશે એ ખયાલે કંપતો તે પેલા મકાન તરફ દોડયો.

તેણે ઊઠીને જોરથી બૂમ પાડી. કોઇએ જવાબ આપ્યો નહિ. કોઈ ત્યાં હોય તેમ લાગ્યું નહિ. સનાતનને ધ્રુજારી છૂટી ગઈ.

તે તરત હોટેલ પર આવ્યો. અને એકદમ મૅનેજરની ઑફિસમાં ધસ્યો તો ત્યાં પોતાના કાકાને જ બેઠેલા જોયા!

'અરે, કાકા! તમે? મને તો એમ કે તમે માઈલો દૂર ક્યાંક મહાબલિપુર કે હમ્પીનાં ખંડેરોમાં હશો.'

'હા, પણ હું તબિયતને કારણે અચાનક પાછો વળ્યો. આજે સવારે વહેલો મદ્રાસથી પ્લેનમાં આવ્યો. તેં ચિઠ્ઠી મૂકેલી એટલે તને મળવા દોડી આવ્યો.'

'સારું થયું તમે આવી ગયા. મારે તમને એક ઘણી જ અસાધારણ વાત કરવાની છે. પણ તમે જમ્યા?'

'હા,' કાકા બોલ્યા: 'પણ તું અત્યાર સુધી ક્યાં હતો?'

સનાતને તેને પહેલેથી માંડીને બધી વાત કરી. 'પણ હવે પેલાંઓની શી ગત થઈ હશે તે તો ભગવાન જાણે.' તેણે પૂરું કર્યું.

પણ કાકાના માનસ ઉપર તેની જુદી જ અસર થઈ. તે તો ગુસ્સે થયા લાગતા હતા: પણ પેલી 'ત્રિમૂર્તિ ક્યાં?'

સનાતન મૂંઝાઈ ગયો. પણ પછી કાકાએ જે વાત કરી તેના ઉપરથી આ બધી વાતનું રહસ્ય તેને સમજાઈ ગયું.

કાકા કહેતા હતા: 'ખરેખર, બેનમૂન અને અલૌકિક તે ત્રિમૂર્તિ હતી. મારા ખજાનાનું રત્ન હતી. તેં ચિદમ્બરમમાં માણેકની નટરાજની મૂર્તિ જોઈ છે? આવી જ કાળી છે. તેની પાછળ દીવો ધરે તો તે લાલ થઈ જાય છે. કાળા માણેકનો તે ગુણ છે. તેવી જ આ માણેકની ત્રિમૂર્તિ હતી લગભગ દોઢેક લાખની કિંમતની હશે. એક અમેરિકન ટૂરિસ્ટે તેની ચાલીસ હજાર ડૉલરમાં તો માગણી કરી હતી. અરેરે... તેં મારી એ ત્રિમૂર્તિને ખોઈ કે શું?' સનાતન મૅનેજરને પૂછવા દોડયો.

મૅનેજરે કહ્યું: 'ડૉક્ટર શ્રીધર ને? હા, તેઓ કાલે મોડી રાત્રે મોટરથી ગયા. તમારે માટે એક ચિઠ્ઠી આપી ગયા છે.' અને ખાનામાંથી સનાતનને એક કવર કાઢી આપ્યું. ઉતાવળે સનાતને તે કવર ફોડયું. અંદર નાની ચિઠ્ઠી હતી. તેમાં લખ્યું હતું:

'મારા પ્રિય યુવાન મિત્ર,

મિસિસ હાર્ડિકરના ખૂનનું રહસ્ય હવે ઉકલી ગયું હશે, નહિ? જરા વૈજ્ઞાનિક-મનોવૈજ્ઞાનિક રીતે રજૂ થયું હતું એટલે તરત તો ન સમજાય. અમો 'ત્રિમૂર્તિ'—એટલે કે હું, વસુધા તથા તેના વનસ્પતિશાસ્ત્રી (?) પિતા—તમારો આભાર માનીએ છીએ-તમોએ અજાણતાં આપેલી ભેટ બદલ. અમે તમારાથી બાર કલાક આગળ છીએ, અને તેટલો વખત તો પૂરતો છે.'

—શ્રીધર મહેતા

અરુપરુ અજવાળાંની છેલ્લી માયા

ચન્દ્રવદન મહેતા

હવે હૉટેલમાં રહેવાના પૈસા ચૂકવી નૉર્વે ઊપડીએ એ પહેલાં એકબે નાની પણ અગત્યની વાતો રજૂ કરી દઈ એ: અહીંની કાગળની બનાવટ—ઓહોહો...! લખવાના નોટપેપરની જ વિવિધ જાત જોઇને છક થઈ જઈએ. અહીં લાકડું એવું સારું, મસ્ત થએલું, કસાએલું ઊગે કે એમાંથી, કહે છે કે, મુલાયમ, મખમલિયા, ઝીણા, કરકરા, સુંવાળા, પરપોટીઆ, ઊપસી રહેલા એવા જાતજાતના કાગળો બનાવી શકાય છે. એક આલીશાં હોટેલમાં રોટરી ક્લબના લન્ચના મેળાવડામાં ભાષણ કરતાં મેં કહ્યું કે ગમે તેવો ગમાર માણસ પણ હેલસિન્કી આવે અને એને પ્રેમની જરા જેટલી પણ સૂઝ ન હોય તો પણ એ જો તમારી સ્ટેશનરીની દુકાનમાંથી એકાદ રાઇટિંગ પૅડ લે, તો એને કોઈ પ્રિયતમા ન હોય તોયે પ્રેમપત્ર લખવાનું મન થઈ જાય!


ત્યાં પહોંચતાં બીજે કે ત્રીજે દિવસે જ એવી એક દુકાનમાં હું જરા આમતેમ નજર કરતો હતો; અને આંખે ચડયાં, એટલે ચારેક જુદીજુદી જાતનાં મનોરમ મુલાયમ 'અનિયન-સ્કિન'—એટલે કે 'કાંદા છાલ' (ડૂંગળીના ફોતરા જેવા પાતળા, ચીકણા ને ખડખડિયા) નામે પ્રખ્યાત (પણ જરાયે ન ગંધાય એવા) કાગળનાં લખવાનાં પૅડ લીધાં. મેં એનું બિલ માગ્યું, એટલે એ દુકાનમાં એ વિભાગમાં વેચનારી પોટ્ટી, અંગ્રેજીમાં 'જરા થોભો' કહી ઠનઠન કરતી મૅનેજર પાસે દોડી ગઈ અને ઘડીભરમાં એના મોટા સાહેબને બોલાવી લાવી. દરમિયાન એ બંનેએ ફિનાઇ ભાષામાં શી ગુસપુસ કરી હશે તે ભગવાન જીસસ જાણે; પણ વડા સાહેબે હાથ મિલાવી, બીજાં એકબે સૌથી સરસ–અને જરૂર મોંઘાં દાટ હોવાં જોઈએ એવાં પૅડ બતાવ્યાં. તે ઝડપી લેવા માટે બાળક જેવી ઇચ્છા તો થઈ, પણ જોઈને પાછાં આપ્યાં, અને મારાં અગાઉની પસંદગીનાં ચાર પૅડ માટે બિલ માંગ્યું. તો એ બંદો કહે કે 'પેલાં ચાર અને આ મેં પસંદ કરેલાં બે, એ છ યે પૅડ એક બંડલમાં સાથે બંધાશે.' એની સૂચના પણ એણે પેલી પોટ્ટીને આપી. એ દોડી ગઈ અને મેં નોટો કાઢી, એવી જ એણે તે મારા પાકિટમાં પાછી ગોઠવી આપી અને કહ્યું કે આ અમારી નજીવી ભેટ આપ સ્વીકારો તો અમને આનંદ થશે. ગઈ કાલે સવારે જ અમારા અહીંના છાપામાં તમારો ફોટો અને જીવનવૃત્તાંત પ્રગટ થએલાં એ અમે વાંચેલાં–જોએલાં, એટલે અમારી આ વેચનારીએ મને કહ્યું કે આ તો પેલા ભારતના પ્રોફેસર લાગે છે. તમે અમારી દુકાનમાં આવ્યા એથી અમને ઘણો આનંદ થયો. દરમિયાન પેલી અદુકડી, સફેદ ચાંદની-માંથી ઊતરી આવી હોય તેવી, વાળનાં ઝુલ્ફાં હલાવતી બંડલ બાંધી લઈ આવી, અને પૂછે છે કે કયા હોટલમાં મુકામ છે? ત્યાં આ બંડલ પહોંચતું કરીએ. ઓજ્જા! હું તો એ બંડલ પાછું ઉઘાડી કાગળો ઉથલાવી જોવાને તલપાપડ થએલો, તે વળી એવો વિરહ વેઠું ખરો? ના રે! ખૂબ આભાર માની મેં બંડલ લીધું, મૅનેજર સાહેબને સલામ કરી કહ્યું કે તમે બધા આતિથ્યથી ગભરાવી નાંખો છો. બીજું તો કંઈ નહિ, પણ તમારી આ મઘમઘતી પોટ્ટીને આવતી કાલે મારી સાથે લંચ લેવા આવવા રજા આપશો તો આભાર થશે. અને બીજે દિવસે એ ઈલ્વા સિવોલા નક્કી કરેલે ઠેકાણે જમવા આવી પણ ખરી. એટલું જ નહિ પણ ફિનલૅન્ડના સાહિત્ય વિષે વાત નીકળતાં એમના પ્રખ્યાત લેખકો સંબંધે તથા એમનાં નટનટીઓએ હેલસિન્કીની બહાર વીએના, પારી(સ), બર્લિન, સાલ્ઝબર્ગ, સ્ટૉકહોમ વગેરે જુદાંજુદાં શહેરોમાં જઈ ભજવી બતાવેલાં નાટકો વિષે પણ સારી જેવી હકીકત આપી.

અમદાવાદના મારા દોસ્ત જિતેન્દ્ર મહેતાએ હેલસિન્કીના રોટરીઅન દોસ્ત બિજ્યુટેરી ટિલૅન્ડર ઉપર મારે વિષે કૈં કાગળ લખ્યો હશે. તે તો નીકળ્યા ત્યાંના બહુ મોટા ઝવેરી—સોનાચાંદીના વેપારી. એમણે મને શોધી કાઢયો, એક દિવસ પોતાને ત્યાં ફિનાઇ રસોઇ જમવા પણ લઇ ગયા, અને જાતજાતની વાતો કરી તે જુદી.

પણ ફિનલૅન્ડની પ્રજાની આતિથ્યભાવનાનો ટોચ કળશ તો છેક છેલ્લે દિવસે, પૂર્ણાહૂતિને બીજે દિવસે ચડયો. આખા દિવસનો ભરચક કાર્યક્રમ ગોઠવ્યો હતો, અને એમાં જો હું ન જાત તો જગતનું એક અદ્વિતીય થીએટર જોવાનું રહી જાત. સાતમી જૂન, રવિવાર ૧૯૫૯ ને રોજ સવારના સાડા નવ વાગ્યાની ગાડીમાં સ્ટેશન ઉપરથી ઊપડી બપોરે બાર સત્તરે ટેમ્પરે નામના ગામમાં પહોંચવાનું; ત્યાંથી બેત્રણ મોટાં તળાવોને સાંકળીને બનાવેલા સ્ટીમલૉંચના માર્ગે (લૉંચમાં લંચ લેતાં) હેમિલિના પહોંચવાનું; સાંજે તે શહેરમાંનાં થીએટરો જોવાનાં; એક નાનકડું નાટક પણ માણવાનું ને ત્યાંના આલીશાં આલંકા હોટેલમાં ફિનાઈ સુઆમો બાથ લઈ, જમી, રેલગાડીમાં બાર વાગ્યે હેલસિન્કી પહોંચવાનું. એમાં ક્યાંય કોડીનો ખર્ચ નહિ. અને બંને ભોજનસમારંભની યોજના (તે દિવસે મારી સાથેના અંગ્રેજ સાથીદાર અને જુવાનીમાં એક વાર ઑક્સફર્ડમાં દુષ્યંતનો પાઠ કરનાર કૅલરેન્સ ડરવેન્ટ વારંવાર કહ્યા કરતા તેમ) કોઈ બાદશાહના સ્વાગત વખતે જે ઠાઠમાઠ કરવામાં આવે એ હિસાબે કરવામાં આવી હતી! સારામાં સારા ફ્રેન્ચ શૅમ્પેઇન, ઉત્તમમાં ઉત્તમ જર્મન મોસલ અને ભૂખ લગાડે એવા એપરટિપ્સથી માંડી વિધવિધ ખાવાની વાનીઓ પછી તરેહતરેહનાં પાચક પીણાં સુધી તે ખૂબ બુદ્ધિપૂર્વક યોજાયો હતો. બધા જ પ્રતિનિધિઓ આતિથ્યથી દંગ થઇ ગયા!

પણ આપણે હવે ટેમ્પરે શહેરમાં જઈએ અને જેને સાચા અર્થમાં ઓપનઍર થીએટર કહેવાય એવી ત્યાંની અદ્ભુત કારીગરીવાળી કૃતિ જોઇએ. ટ્રેનમાંથી ઊતરતાં જ બસો તૈયાર. પાટિયાં અને શણગાર એટલે ભૂલ થાય જ નહિ. અને અહીં પણ કોઈ સ્વયંસેવકોની ગડમથલ નહિ. સવા લાખની વસતિનું આ ગામ, બે મોટાં તળાવોને નાનકડી નહેરથી સાંકળેલી એ સાંકળની બંને બાજુ પથરાએલું છે. એ અત્યંત સ્વચ્છ અને સુન્દરતાથી ભરપૂર હોવાનો ત્યાંના રહેવાસીઓનો દાવો છે. શહેરમાં જાતજાતના ઉદ્યોગો તો છે જ; પરંતુ નાનામોટા પૂલ ઉપર પણ કોતરકામના બેનમૂન શણગાર અને જાતજાતની પથ્થરની કલાત્મક આકૃતિઓ! એવા આ કલાસુશોભિત ગામની ઘણી દિલચસ્પ વસ્તુઓ જોઈ અમે શહેરના એક ખૂણામાં એક સુંદર બાગમાં પહોંચ્યા. ત્યાં એક ટેકરી, એની તળેટીમાં એક વિશાળ તળાવ, એને કાંઠે–ટેકરી અને તળાવની વચ્ચે–બાગના એક ભાગમાં પીનીકી થીએટર. ૧૯૫૭માં એનો નકશો બનાવાયો, ૧૯૫૮માં બંધાઈ ગયું, અને ૧૯૫૯ની શરૂઆતમાં ત્યાં નાટકો પણ ભજવાવાં શરૂ થયાં. વીસ મીટર પહોળું, સારા પ્રમાણમાં ઢોળાવવાળું, આઠસો ચાળીસ બેઠકોવાળું આ છાપરા-છત વગરનું થીએટર દુનિયાભરમાં અદ્વિતીય છે. ખાસ પ્રકારના લાકડાને મઠારી એનો ઘાટ છીપોલી જેવો, યા પંખા





ડાબી બાજુ: 'સી ગલ' નાટકમાં ઇવા-કારીના અને તામીં મન્ની; જમણી બાજુ: ટેમ્પરેના ઓપન એર થીએટરનું ફરતું પ્રેક્ષકગૃહ

જેવો બનાવવામાં આવ્યો છે—એવો કે જ્યાં પ્રેક્ષકો બેસે એ આખું બેઠકગૃહ સોળ ગોળ ફરતાં પૈંડાં ઉપર ફક્ત એક ચાંપ દબાવવાથી ફરે! ચાંપ ક્યાં કોણ દબાવે છે, તેની ખબર ન પડે, એટલું જ નહિ પણ બેઠેલી સાડી આઠસો વ્યક્તિઓને અવાજના ઘરઘરાટનો પણ અણસારો સરખો ન આવે એવી એમાં કરામત છે. એક બાજુ ટેકરી, બીજી બાજુ તળાવની પાળ, ત્રીજી ને ચોથી બાજુ બે વિવિધ જાતનાં બાંધેલાં ઘર. ધારો તે ઘડીએ અને ધારો તે ઘાટમાં ફેરવી શકાય. એમ એકીવખતે ચાર વાસ્તવિક દશ્યો તો યોજી શકાય. રંગભૂમિ ત્યાંની ત્યાં રહે અને પ્રેક્ષકો બેઠાબેઠા ફર્યા કરે, એવું આ અદ્ભુત થીએટર ટેમ્પરેની મ્યુનિસિપાલિટીએ બાંધ્યું છે. અમને બધાને એ સ્થાન ઉપર લઈ જઈ બેસાડયા ને સામે એક નાનકડો નાનો પ્રવેશ ભજવી બતાવવામાં આવ્યો; અને પછી તરત અમને ફેરવીને બીજું એવું જ નાનું દશ્ય પણ બતાવવામાં આવ્યું. અલબત્ત, નાસ્તાપાણી આવ્યાં તે જુદાં. પ્રો. ઉનરો તો દંગ થઈ ગયા. મને શોધતા આવ્યા અને કહે કે આપણે નાસ્તાપાણી છોડી, ચાલો એની યોજનાનો અભ્યાસ કરવા જઇએ. અમે ખૂણોખાંચરો જોઈ વળ્યા. ઉનરો કહે કે આ નાનકડા ટેમ્પરેના ગામલોક આ જગ્યાએ અમારા જર્મન સ્થાપત્યકલાના વિધાયકોને આબાદ હંફાવી ગયા. એ તો ગજવામાંથી નોંધપોથી કાઢી જાતજાતની નોંધ કરે, માપ લખે, આકૃતિઓ પાડે, એની ચઢઊતર જુએ, નીચેનાં પૈંડાંની ધરી તપાસે, લાકડાને ટકોરા મારે, અને વારેવારે ત્યાંના શહેરીઓમાંથી સ્વાગત કરવા આવેલા વડાઓની પીઠ થાબડે, મુક્ત કંઠે વખાણ કરે, વાહવાહ પુકારે.

અહીંથી 'સિલ્વર લાઈન' બોટમાં અમારો કાફલો હેમિલીના શહેર તરફ તળાવોની સાંકળ ખંખોળતો ઊપડચો. અમે તે આસપાસના અદ્ભુત સૃષ્ટિ જોઇએ, કે નીચેના વિશાળ ડાઇનિંગ હૉલમાં એક પછી એક પીરસાયે જતી વાનીઓ ઝાપટવામાંથી પરવારીએ? શૅમ્પેઈન, પાણીની માફક રેલાતો, દૂધમાખણ આઈસક્રીમનો હિસાબ નહોતો, જાતજાતની વાનગીઓ એક પછી એક થાળમાં ફર્યા કરતી, ફળફળાદિનો ટેબલ ઉપર જ ઢગલો હતો. કેવળ ફળનો તાજો રસ જોઈએ તો તે પણ માગે તેટલો મળતો; સાગરછોળ જેમ છાલક મારતાં તળાવનાં પાણી સૂર્યના તેજમાં ખુશ હતાં. આ પ્રસંગે એક નવી દિલોજાન દોસ્તી થઈ તે ક્લૅરેન્સ ડર્વેન્ટ સાથે. ૭૫ વર્ષનો એ પીઢ નટ; અવાજ તો જાણે મધની નીતરતી નિર્મળી ધાર. ઇંગ્લંડના બર્કૅક ઈન્સ્ટીટ્યૂટમાં અભિનય શીખી લંડન અને ન્યૂયૉર્કની રંગભૂમિ ઉપર ભારે ખ્યાતિ મેળવી. ૧૯૪૮માં બ્રોડવેમાં 'મૅડ વિમેન ઑવ શાલિયૉટ' નાટકમાં, એટલે કે ૬૪ની ઉમરે, છેલ્લી વાર નાટકમાં ઊતર્યો અને ત્યાર બાદ હવે આપકમાઈના પૈસામાંથી વર્ષભરમાં ઉત્તમમાં ઉત્તમ નટનટીઓને એ પોતે ઈનામો આપતો.

ના, આ હકીકત એણે મને નથી કહી. જમતાંજમતાં જ્યારે એણે કાલિદાસનો એક શ્લોક લલકાર્યો ત્યારે મેં ગ્લાસ નીચે મૂકી હાથ લંબાવ્યો અને અમારા હૃદયનો મેળ મળી ગયો. ઑક્સફર્ડમાં દુષ્યંતનો પાઠ એણે કરેલો, એક જ વાર ૧૯૨૪–૨૫માં, ત્યારે શાકુન્તલ એણે વાંચ્યું હતું. પછી તો એણે ભજવેલા અનેક પાઠો વિષે અમે જે ચર્ચા કરી! ઇંગ્લંડ છોડી એ છેક ન્યૂયૉર્કમાં જઈ અમેરિકન નાટ્ય સેન્ટરનો પ્રમુખ થયો, અને એ હક્કે જ આ પરિષદમાં એ આવ્યો હતો. ઈ. ૧૯૧૦થી ૧૯૪૦ સુધીનાં ત્રીસ વર્ષનાં ઉત્તમ નાટકોનું એણે જમતાં જમતાં જે સરવૈયું આપ્યું એ હકીકત હજી મારા કાનમાં રણકી રહી છે. ભારત વિષે એણે ઘણી વાત કરી. નિવૃત્તિ પછી દુનિયા ફરતાં ફરતાં એણે મુંબાઈ, કલકત્તા, દિલ્હી, આગ્રા જોયાં હતાં. ઇંગ્લંડમાં મારે ક્યાં ક્યાં નાટક જોવા જવું એની અનેક સૂચનાઓ એણે આપી. દોસ્તી તો એવી જામી કે રાત સુધી અમે સાથે જ રહ્યા, સાથે જ ફર્યા. સાથે તો ઘણાં જણની ફરીએ છીએ, પણ જીવનો મેળ જૂની લેણદેણ વિના એકાએક મળતો નથી. ચર્ચાસભામાં એણે નાનકડું પણ સચોટ ભાષણ કર્યું હતું. આ કુશળ નટો આંગિક અભિનયના તો ખાં, પણ વાચિક અભિનયના પહેલા ઉસ્તાદ. અવાજને કેળવી કેળવી એવો તો મુલાયમ બનાવે કે કેળવાએલી એ કણેકની એક રોટલીમાંથી સાતપડ ઘરાઘર ઊકલી આવે. આહોહો! એ મીઠો અવાજ રંગભૂમિ ઉપર રણકતો હશે ત્યારે કયા પ્રેક્ષકના હૈયાને મુગ્ધ નહિ કરતો હોય? આવા ધુરંધરો જ્યાં એકઠા થાય એવી આ પરિષદ. અને કેટલી શાંતિથી કામનો ઉકેલ લાવે એ જોતાં તઆજ્જુબી થાય!

અમે તો જે વાતે ચડચા તે હેમિલીના પહોંચ્યા ત્યારે જ ચોંકચા. અહીં વળી ઓર રોનક હતી. જૂનું, બે લડાઈઓને લઈને ઘવાએલું,

પછી વધેલું, હવે નવી ઢબે બંધાએલું સુઘડ સુંદર શહેર. બીજી બધી બાબતો જવા દઈએ તોપણ અહીં યુરોપનો એક પ્રખ્યાત સંગીતકાર જન્મ્યો, શહેરે બિરદાવ્યો, અને એના ઘડપણમાં એના ઘર આગળથી એક પણ બસ ન જાય, કશો ઘોંઘાટ ન થાય એવી શાંતિ આપી એનું બહુમાન કર્યું. અનેક દિલચસ્પ સિમ્ફનીઓના રચયિતા એવા પ્રખ્યાત ઝ્યાં સિબેલિયસનું આ ગામ.

સિબેલિયસ સંગીતના ઘાટનો રચનાર. એને નાટક સાથે લેવાદેવા નહિ. પણ ૧૯૪૯માં ઝુરિકમાં એને મળવાનો મને લ્હાવો મળ્યો હતો, એટલું જ નહિ પણ ચોત્રીસ વર્ષની ઉમરે એણે જે સિમ્ફની નં ૧ લખો અને રજૂ કરી (ને તે દિવસથી જ એણે વર્ડી જેવા મહાન સંગીતકારની હરોળમાં બેસવા જેટલી કીર્તિ સંપાદન કરી લીધેલી) એ સિમ્ફની સાંભળવાનો પણ પ્રસંગ મને પ્રાપ્ત થયો હતો, એટલે મને સ્વાભાવિક આનંદ થાય એ દેખીતું હતું. ૧૮૬૫માં જન્મી, ૯૨ વર્ષની લાંબી જિંદગી ભોગવી, ૧૯૫૭માં એણે વિદાય લીધી. ગણિતનો એ નિષ્ણાત, વાયોલિન ઉપર હાથ અજમાવતાં અજમાવતાં મહાન સંગીતજ્ઞ બની ગયો. પાંત્રીસ વર્ષની વયે તો ફિનલૅન્ડની સરકારે એને જીવે ત્યાં સુધીનું પેન્શન બાંધી આપ્યું, શાંત ઘર બાંધી આપ્યું, ને કોઈ અવાજ એને ખલેલ ન કરે એવી શાંતિ મળે એવો પ્રબંધ પણ કરી આપ્યો. કહે છે કે એની આ સિમ્ફનીએ ફિનલૅન્ડના આત્માને સ્વતંત્રતા હાંસલ કરવા જાગ્રત કરી દીધો. એવા સિબેલિયસનું આ ગામ. ત્યાં પણ લાકડાનું નાજુક બાંધકામનું એક થીએટર જોયું, રંગભૂમિની રચના જોઈ, ને પછી ગામમાં ફરી, રાતના ભોજન માટે ત્યાંના તળાવકાંઠે આવેલી સરસ હોટેલમાં અમને બધાને લઈ જવામાં આવ્યા.

સૌ સાથે બેસીને ભોજન લેવાનો આ આખર પ્રસંગ હતો. હેલસિન્કી પરિષદના સંચાલક, નટ-નાટકકાર-સૂત્રકાર, રાષ્ટ્રીય નાટકશાળાના સંચાલક આરવી કિવિમાની આંખમાં પાણી છલકાતાં હતાં. ક્રૅમ્પટનબેલે, અમેરિકાના નાટ્યશાસ્ત્રના પ્રોફેસરે જમણની શરૂઆતમાં હેમિલીનાના નાગરિકોનો આભાર માન્યો. શહેરીઓએ પોતાના ગામ વિષેની અનેક ચિત્રો સાથેની, સુંદર કાગળો પર છાપેલી દળદાર ચોપડી દરેકને ભેટ આપી. પુસ્તક અર્પણ કર્યું હતું ઝ્યાં સિબેલિયસને. એની છબિ પહેલે પાને હતી. મારી સાથે બેઠેલા બિરાદર ડર્વેન્ટની મેં સલાહ લીધી; અને એણે હિમ્મત આપી. દરમિયાન બધા જ પ્રતિનિધિઓ ગળગળા થઈ ગયા હતા. આ હતી છેલ્લી સાંજ. કાલે કોઈ ક્યાં કોઈ ક્યાં-પોતપોતાની ધારેલી દિશાઓ પકડવાના. ફ્રેન્ચ પ્રતિનિધિઓના નેતા ઝ્યાં બર્નાર્ડે બે મિનિટમાં ફ્રેન્ચમાં ધીમેધીમે શબ્દો છૂટા કરી ફૂલની પાંખડીઓ વેરી. વિના-અનુવાદ એનો દરેક શબ્દ સૌને સમજાતો ગયો, શબ્દો હતાય વેધનારા, છતાં આભાર માનવાને શબ્દો નથી, એમ જ્યારે એક ફ્રેન્ચ નાટકકાર ઊર્મિલ થઈને કહે ત્યારે તો હદ જ થાય ને? અમે સિત્તેરેક પ્રતિનિધિઓ અને સોએક ત્યાંના શહેરીઓ—સૌ કોઇનાં હૃદય ઉપર સમીપમાં જ આવેલા ઉત્તર ધ્રુવનો સમસ્ત ઠાર આવી પથરાયો હતો. એમાં આ બુઝર્ગ બર્નાર્ડે બોલતાં સહેજ અચકી, ઉપલા ખિસ્સામાંથી ડોકિયું કરતો સ્વચ્છ બરફ જેવો સફેદ રૂમાલ કાઢી આંખો લૂછી, અને બાકી રહેલા બેત્રણ બોલવાના શબ્દો ફક્ત બે હાથને અભિનયે પૂરા કર્યા. અને એ બેઠા—જાણે નીચે ખળખળ વહેતી નદીનું ઉપરનું પડ થીજી જઇ બરફનું પડ જામ્યું. સ્વસ્થ ડર્વેન્ટે મને કોણી મારી જાગ્રત કર્યો. મેં એની સામે જોયું. એની આંખમાં આજ્ઞાનો ઈશારો હતો. અને દોઢ મિનિટ મેં લીધી.

'હેમિલીનાના શહેરીઓ! મહાન સિબેલિયસનું આ તમારું શહેર. દસ વર્ષ પહેલાં એ મહાન સંગીતકારને ઝૂરિકમાં હું મળેલો. આજે એના જન્મસ્થાનમાં આવતાં હું ભારે મગરૂરી અનુભવું છું. મારા અહીંના સાથીદારો તરફથી, મારી માતૃભૂમિ ભારત તરફથી, હું નમ્ર અંજલિ ચરણે ધરું છું, એ કબૂલ કરશો તો આભારી થઈશ.'

તાળી તો પડતી જ નહોતી. ફોટાફોટી, રેકૉર્ડિંગ, ન્યુસ રીલના ફ્લૅશ કે નેસ માઇક્રોફોનનાં ધમાલ, ઘોંઘાટ તો હતાં જ નહિ. પહેલી પંદર મિનિટ સુધી તો એવી ચૂપકીદી ફેલાઈ ગઈ કે કોણે ક્યારે મૂગા મૂગા ખાવાનું શરૂ કર્યું એની કશી ખબર પણ પડી નહિ. જમણની બે વાનીઓ પૂરી થઈ એટલે થોડો ગાળો કાઢી મેયર તથા બીજા પાંચ શહેરીઓ મારી પાસે આવ્યા. મૂગા મૂગા હાથ મિલાવી, નમી, પોતાને આસને પધાર્યા. બેસી જઈ મેં ડર્વેન્ટનો ભારે આભાર માન્યો. એણે એનો જમણો હાથ નાજુક વહાલથી મારે ખભે ફેરવ્યો......

... ...

એવું છે, કે કેટલીક વાર કોઈ વિગતને લંબાવી, ઉત્કંઠા વધારી, થોડો ગાળો વીત્યા કેડે કહેવી એવું પ્રમાણ છે; પરંતુ નાટકમાં તે બરાબર છે, હકીકતોના દાસ્તાનમાં ઠીક ન ગણાય. એટલે અહીં જ ઉમેરું છું કે અમે બે-હું અને ડરવેન્ટ-હેલસિન્કી પહોંચી, સ્ટેશન સામેના રેસ્ટોરાંમાં બેસી, રાતની કૉફી પી, (એ ઇંગ્લંડ થઈ, ત્યાં મહિનોમાસ રહી ન્યૂ યૉર્ક જવાના એટલે) ઇંગ્લંડમાં મળવાનું નક્કી કરી, ભેટી છૂટા પડ્યા. જૂનની વીસમી તારીખે લંડનમાં એમના માનમાં એક રિસેપ્શનનો મેળાવડો યોજવામાં આવ્યો હતો. ત્યાં મને નોતરું મળતાં અમે પાછા મળ્યા. પચ્ચીસમી જૂને અમે સાથે એક નાટક જોયું, માણ્યું, જમ્યા; અને અમે ફરી ક્યાંક ભારત યા ન્યૂ યૉર્કમાં મળવાનું નક્કી કર્યું. ચાલતાં ચાલતાં અમે ઑક્સફર્ડ સર્કસના ટ્યૂબ સ્ટેશન સુધી આવ્યા. મારે બે સ્ટેશન દૂર જવાનું, એમને આગે જવાનું. ભૂગર્ભમાં ઊતરી ટ્રેનમાં બેઠા. માર્બલ આર્ચ ગયું અમે મૂગા હતા. ત્યાર પછીને મથકે અમે ફરી જોરથી મૂગામૂગા હાથ મિલાવ્યા. હસ્યા મલક્યા કે રોયા તે ભગવાન જાણે. હું ઊતર્યો, ઉપર ગયો અને પાર્કકોર્ટ હોટેલ સુધી જતાં રડયો. બેત્રણ વાર રસ્તે એકલો 'ડર્વેન્ટ ડર્વેન્ટ' એમ ગણગણ્યો.

એ હતી પચ્ચીસમી જૂન. પછી પચ્ચીસમી જુલાઈ. અને નવમી ઑગસ્ટે સ્પેનમાં મૅડ્રિડમાં સવારે ફરતાં નાકાવાળી બાઈ પાસેથી લંડનનું 'ટાઇમ્સ' લઉં છું, પાસેના બાંકડા ઉપર બેસી વાંચું છું, અને દસમે પાને 'ક્લેરેન્સ ડર્વેન્ટ ન્યૂ યૉર્કના પોતાના ફ્લૅટમાં ગુરુવારે સવારે હૃદય બંધ પડવાથી અવસાન પામેલા મળ્યા હતા' એ સમાચાર વાંચું છું, અને વિચારું છું કે શું ફક્ત મને મળવા માટે જ એ હેલસિન્કી આવ્યા હશે? દર સાલ ઇનામો આપવાની વાત એમની એ મૃત્યનોંધમાં તે દિવસે મેં વાંચીને જ જાણી હતી, પોતે નહોતી કહી. એણે તો બીજું ઘણું કહેવાનું મને મૂગામૂગા કહ્યું હતું. કોણ જાણે કેમ, 'ટાઇમ્સ'ની એ કાપલી હજી મેં સાચવી રાખી છે. સમાચાર જાણીને દિલાસાપત્ર લખીને દિલ હળવું કરવા વિચાર કર્યો. પણ કાગળ કોને લખું? એક ઠેકાણે બેસીને લખ્યો, અને તે અમારી સાથે પરિષદમાં જે બ્રિટિશ પ્રતિનિધિ તરીકે આવ્યા હતા અને લંડનમાં બ્રિટિશ કાઉન્સિલમાં અધિકારી હતા એ સ્ટીવન ટૉમસ ઉપર બીડી મોકલાવ્યો. એ ભલા ભાઈનો એવો જ દર્દભર્યો જવાબ આવ્યો.


... ...

બીજો દિવસ આખો હેલસિન્કીમાં ગાળી હું ત્રીજે દિવસે વહેલી સવારે પ્લેન પકડવાનો હતો. ઉતાવળ કશી હતી નહિ એટલે આરામથી હેલસિન્કી પહોંચવું અને આરામથી નીકળવું એવો મનસૂબો. એ દિવસ મેરીઆટ્ટાને ત્યાં, શહેરમાં ફરવામાં અને આટલા-તેટલામાં

(અનુસંધાન પૃષ્ઠ ૪૫૮ ઉપર)



માતા અને બાળક (રવીન્દ્રનાથ ઠાકુર): જાગીરનો વહીવટ સંભાળતાં દરમિયાનના એક દસકામાં રવીન્દ્રનાથને બંગાળના જનસમાજનો જે બહોળો સંપર્ક અને અવલોકન સાંપડ્યાં તેનું આલેખન એમની ટૂંકી વાર્તાઓમાં કર્યું તેમ એમનાં ચિત્રોમાં પણ એ જનસમુદાયનાં નૂજવાં પાત્રોને ખાસ તો તેમના લાક્ષણિક મનોભાવ સાથે પોતાની આગવી શૈલીએ એમણે ઉતાર્યાં છે. (ગુજરાત રાજ્યના માહિતી ખાતાના સૌજન્યથી)



આચાર્ય કાકાસાહેબ કાલેલકર ('કાલેલકર અધ્યયનગ્રંથ'માંથી સાભાર)

ગઈ તા. ૧લી ડિસેમ્બરે 'ભારતના અર્વાચીન આચાર્ય' પૂ કાકાસાહેબ (દત્તાત્રેય બાલકૃષ્ણ) કાલેલકરના ૭૭મા વર્ષે અમદાવાદે–બલ્કે ગુજરાતે એમનું આદરપૂર્વક સંમાન કરી એક 'અધ્યયનગ્રંથ' એમને અર્પણ કર્યો, જેમાં જાણીતા વિદ્વાનોના, કાકાસાહેબના સાહિત્યની ચિરકાળ ટકી રહે તેવી અભ્યાસપૂર્ણ આલોચના કરતા લેખો સંગ્રહાયા છે. એ પ્રસંગને અનુલક્ષીને વ્યક્ત થએલા નીચેના ઉદ્ગારો કેટલા બધા સમુચિત છે?

> "આચાર્ય આનંદશંકર પછી ગુજરાતના એ ગુરુપદે છે. એમણે ભારતને, વિશાળ ભારતને, ગુજરાતને આંગણે આણ્યું છે; ગુજરાતી ભાષાને સંગમતીર્થ બનાવ્યું છે. એમણે પોતાના અવલોકન અને ચિન્તન સારુ રૂઢ-અરૂઢ, સરલ-સંસ્કૃતમય ગદ્ય, સહજ વાણીરૂપે પ્રયોજી તેને લલિત ઝરણાં જેમ વહેતું કર્યું છે. વળી ઉદ્ગાતા કે ઉપદેશકના કશા ય આડંબર વિના જીવનનાં પરમ ભદ્રોને આપણા જીવનમાં સ્થાપવા તેમણે સતત ને એકધારો પુરુષાર્થ કર્યો છે."
>
> —વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

શરીરવૃદ્ધિ માટે બધાં જરૂરી ઘટકો ધરાવનાર સંપૂર્ણ ખાદ્ય

દૂધ



વિષે વિગતવાર સમજણ આપતો 'આહાર ને આરોગ્ય'નો ચોવીસમો હપતો

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

વનસ્પતિજન્ય અને પ્રાણિજ એ ખોરાકના બે મુખ્ય વિભાગો છે. પોષણના સાધન તરીકે આ બન્ને વિભાગોના ખોરાકનો પાયાનો તફાવત મુખ્યત્વે એ છે કે અન્નાહારમાંથી સ્ટાર્ચ અને સાકર રૂપે કાર્બોહાઈડ્રેટ મળે છે; જ્યારે પ્રાણીસૃષ્ટિમાંથી ખોરાકના ચાર પ્રકાર મળે છે: (૧) દૂધ અને દૂધની પેદાશો (૨) ઈંડાં (૩) માછલી ને (૪) માંસ.

દૂધ એ આંચળવાળાં પ્રાણીઓનાં અપક્વ બચ્ચાંના પોષણ માટે કુદરતે યોજેલો સંપૂર્ણ ખોરાક છે. રાસાયણિક બંધારણની દૃષ્ટિએ પ્રાણિજ ખોરાકોમાં દૂધનું સ્થાન વિશિષ્ટ છે, કારણ એમાં પ્રોટીનો, કાર્બોહાઇડ્રેટ અને ચરબી આ ત્રણેય પોષણ-ઘટકો આવેલા છે. આવાં બીજાં ખાદ્યોમાં સોયાબીન, કવચવાળાં ફળો અને શેલફિશ નામની માછલી છે.

દૂધમાં પ્રોટીનો, ચરબી, કાર્બોહાઇડ્રેટ ઉપરાંત ખનિજદ્રવ્યો અને વિટામિનો–આ પાંચે ખાદ્ય પ્રાણોનો એવો તો સુમેળ જામેલો છે કે તે બચ્ચાંની વૃદ્ધિ માટે બધાં આવશ્યક પોષણઘટકો પૂરાં પાડે છે. દૂધ એ કુદરતી સંપૂર્ણ ખાદ્ય છે. દોઢ વર્ષની ઉમર સુધી તો બાળકો માટે તે મુખ્ય ખોરાક છે, ઊછરતા કિશોરોના વૃદ્ધિકાળ દરમિયાન તે રક્ષણદાયી આહાર છે, તો પુખ્ત વયનાં માણસોના રોજિંદા આહારમાં અતિ કીમતી અનુષંગી ખાદ્ય છે. આજથી છેક અઢી હજાર વર્ષ પર ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં થઈ ગએલા આપણા પ્રાચીન આહારશાસ્ત્રી મહર્ષિ ચરકે દૂધની સર્વોત્તમ આહારોપયોગિતા આ પ્રમાણે સૂત્રબદ્ધ કરી છે:

प्रवर जीवनीयानां क्षीरमुक्तं रसायनम्

જીવન માટે ઉપયોગી બધાં દ્રવ્યોમાં દૂધ સૌથી શ્રેષ્ઠ જીવનીય અને રસાયન (એટલે જરા અને વ્યાધિનો નાશ કરનાર) છે.

શૂકધાન્યોમાં રહેલી કૅલ્શ્યમ અને વિટામિનોની ઊણપ ભરપાઈ કરવા માટે દૂધનું સ્થાન સ્વીકારાયું છે. કોઈ પણ ધાન્ય કરતાં દૂધનાં પ્રોટીનો અને ખનિજ દ્રવ્યોની બીજા ખોરાક સાથેની મેળવણી શ્રેષ્ઠ અને સપ્રમાણ બને છે. આમ ન્યૂન ખોરાકોની ચોક્કસ જરૂરિયાત પૂરી પાડવામાં દૂધ શ્રેષ્ઠ છે.

દૂધમાં જે ત્રણથી સાડાત્રણ ટકા પ્રોટીનો છે તેમાં મુખ્ય પ્રોટીન દ્રવ્ય કેસિનોજેન (કેસિન) નામનું છે. ગાયના દૂધનાં કુલ પ્રોટીનોના પાંચમા ભાગનું બીજું પ્રોટીન લેક્ટાલ્બ્યુમિન છે. માનવ દૂધમાં તો આનું પ્રમાણ ઘણું વધારે હોય છે. દૂધનાં મિશ્ર પ્રોટીનોનું જૈવકમૂલ્ય અતિઘણું છે અને તેમાં ય મિથિયોનિનનું પ્રમાણ વધારે હોવાથી તે શરીરની પેશીઓ ઘડવામાં અને તેના પુનર્જનનમાં ખાસ ઉપયોગી છે.

દૂધનાં પ્રોટીનો અતિ ઉચ્ચ પોષણમૂલ્યવાળાં ને સહેલાઈથી પચે એવાં છે. બીજાં પ્રાણિજ પ્રોટીનો કરતાં અન્નમાર્ગમાં તે ઓછો સડો આણનાર છે. વળી તે 'સંપૂર્ણ પ્રોટીનો' છે. અનન્ય આહાર તરીકે વપરાતાં જે જિંદગીને જાળવે અને બચ્ચાંનો સામાન્ય વિકાસ સાધે તે 'સંપૂર્ણ પ્રોટીનો' કહેવાય છે. આવાં પ્રોટીનો દૂધ, ઈંડાં, સોયાબીન, ઘઉં અને મકાઈમાં હોય છે.

દૂધમાં કાર્બોહાઇડ્રેટ દૂધશર્કરાના કે લેક્ટોઝના રૂપમાં ચારથી પાંચ ટકા પ્રમાણમાં છે. આહારશાસ્ત્રી રૉબર્ટ હચિન્સન લખે છે કે 'ઈક્ષુ-શર્કરા (શેરડીની સાકર) અને દૂધશર્કરામાં ફેર ખાસ કરીને ગળપણનો છે. સ્ત્રીના ધાવણમાં દૂધશર્કરા વિશેષ છે, પણ એથી યે વિશેષ તે ગધેડીના દૂધમાં (૩·૩ ટકા પ્રમાણમાં) છે! ગાય ને બકરીના દૂધમાં તેનું પ્રમાણ ૪·૫ ટકા તો ભેંસના દૂધમાં ૩ ૫ ટકા છે. વળી દૂધશર્કરાની બીજી વિશિષ્ટતા વિપાકી ન થવાની છે. આ કારણે તે હોજરીના અમુક રોગોમાં પથ્ય નીવડે છે. દૂધ સહેલાઈથી પચે એવું હોવાથી, વધારે ઉષ્ણાંક આપનાર કાર્બોહાઇડ્રેટ આહારની આયોજનામાં તેની કીમત છે. સહેજ ગરમ કે નવશેકું દૂધ થોડો સમય હવાના સ્પર્શમાં રહેતાં તેમાંનું થોડું લેક્ટોઝ લેક્ટિક ઍસિડમાં ફેરવાય છે. આ ઍસિડ કૅલ્શ્યમ સાથે ભળવાથી કેસિનની કણી પડે છે. કેટલાક જીવાણુઓને લીધે આ ફેરફાર થવાથી દૂધ ખાટું બને છે.

ગાયના દૂધમાં સાડા ત્રણથી ચાર ટકા ચરબી છે. ખોરાકની ચરબી કરતાં આ ચરબીની વિશિષ્ટતા એ છે કે તેની સાથે ચરબીદ્રાવ્ય વિટામિનો, (ખાસ કરીને વિટામિન 'એ') છે. બીજાં દૂધમાં ચરબીના પ્રમાણમાં ફેર રહે છે. એનું સૌથી વધારે પ્રમાણ વ્હેલ માછલીના ૪૩·૭ ટકા છે, તો હાથીના ૧૯·૬ ટકા છે. કૂતરીના દૂધમાં ૯·૬ ટકા, ઘેટીના દૂધમાં ૮·૬૩ ટકા, ભેંસના દૂધમાં ૭·૫ ટકા, બકરીનામાં ૪·૮ ટકા, તો માનવદૂધમાં ૩·૮ ટકા છે. ઓછામાં ઓછું ગધેડીના દૂધમાં ૧·૬ ટકા છે.

દૂધમાં ચરબી અતિ સૂક્ષ્મ કણોરૂપે અસાધારણ ઉત્કૃષ્ઠ સુમિશ્રિત પ્રવાહી (ઈમલ્ઝન)ના રૂપમાં રહેલી છે. આથી તે સુપાચ્ય છે. વાસણમાં દૂધ થોડો સમય સ્થિર રહ્યાથી ચરબી મલાઇના રૂપમાં ઉપર તરી આવે છે. સારા દૂધમાં ૮ થી ૧૨ ટકા મલાઈ હોય છે. એને ઉતારી લીધા બાદ રહેલા દૂધને સ્કિમ્ડ મિલ્ક કહેવામાં આવે છે. યંત્ર (સેન્ટ્રીફ્યુગલ સેપરેટર)થી વલોવીને આ મલાઇ (ક્રીમ) કાઢી લીધેલા દૂધમાં $\frac{1}{3}$ ટકા કરતાં ઓછી મલાઇ રહે છે. આને સેપરેટેડ દૂધ કહે છે.

દૂધમાં ખનિજદ્રવ્યો સારા પ્રમાણમાં છે. આમાં મુખ્ય કૅલ્શ્યમ ફૉસ્ફેટ, સોડિયમ ને પોટાશ્યમના ક્લોરાઇડો અને મૅગ્નેશ્યમ ફૉસ્ફેટ છે. લોહ બહુ ઓછું છે અને બાળકને એની બહુ જરૂર પણ રહેતી નથી, કારણ તે માતાના શરીરમાંથી મેળવી એના પૂરા જથ્થા સાથે જ જન્મે છે. હા, માતાના ધાવણ વગર બહારના દૂધ ઉપર ઊછરતા બાળકને લોહની જરૂર પડે છે ખરી; કારણ માતાના દૂધ કરતાં ગાયના દૂધમાં ઓછું લોહ હોય છે. આથી લાંબા સમયથી કેવળ દૂધના આહાર ઉપર નભતા રોગીને રક્તક્ષય પણ થઈ આવે છે.

કૅલ્શ્યમ અને મૅગ્નેશ્યમની સાથે દૂધમાં સાઇટ્રિક ઍસિડ પણ હોય છે. સારી ગાયના આખા દિવસના દૂધમાંથી બે કે ત્રણ લીંબુમાં હોય એટલું સાઇટ્રિક ઍસિડ મળે છે!

દૂધના જેવો સુ-સમતોલ પ્રમાણવાળો, બધાં વિટામિનોથી યુક્ત ખોરાક તો બહુ થોડો છે. દૂધમાં વિટામિન 'એ' અને વિટામિન 'બી–૨' (રિબોફ્લેવિન) સારા પ્રમાણમાં છે. અઢી રતલ દૂધમાં બે રતલ માંસમાં હોય તેટલું રિબોફ્લેવિન છે. એ ઉપરાંત વિટામિન 'બી–૧', નિકોટિનિક ઍસિડ અને વિટામિન 'બી–જૂથ'નાં બાકીનાં વિટામિનો પણ દૂધમાં છે. વિટામિન 'સી' થોડા પ્રમાણમાં છે, પણ 'ડી' સારા

પ્રમાણમાં છે. લીલું ઘાસ ખાનારાં ઢોરના દૂધમાં વિટામિનોનું પ્રમાણ ઊંચું રહે છે. ગાયના સાડા ત્રણ ઔંસ દૂધમાંથી ૬૫ ઉષ્ણાંક ગરમી મળે છે તો ભેંસના તેટલા જ દૂધમાંથી ૧૧૭ ઉષ્ણાંક. માનવ ને ગાયના દૂધોના ઉષ્ણાંક સરખા રહે છે.

ઉપર જણાવી તે રચના ગાયના સરેરાશ સારા દૂધની સંરચના છે. બાકી તો ગાયની જાત ને ઉંમર, એનો ખોરાક અને વિયાયા પછીના સમય પ્રમાણે દૂધની સંરચનામાં તફાવત રહે છે. ઢોરના ખોરાક અનુસાર દૂધનાં રંગ, સોડમ અને સમૃદ્ધિનો ફેર રહે છે. વળી તે દોહવાના સમય અને સંખ્યા ઉપર પણ આધારિત છે. બે વખત દોહવાતાં વચ્ચે બાર કલાકનો સમય રહે તો સવારના કરતાં સાંજના દૂધમાં ચરબી ઓછી હોય છે. આ માટે ઢોરની આખા દિવસની કામગીરી કારણભૂત લેખવામાં આવે છે. આયુર્વેદના કથન અનુસાર સાંજનું દૂધ મૂલ્યવાન ગણાય છે. મહર્ષિ સુશ્રુત કહે છે: 'પશુઓ રાતના ખીલે બંધાઇ રહી વ્યાયામ ન પામતાં હોવાથી સવારનું દૂધ ઘણું કરીને ભારે હોઇ પીધા પછી પેટમાં ગડગડાટ કરે છે. જ્યારે ઢોરના આખા દિવસના તડકો, વ્યાયામ અને ખુલ્લી હવાના સેવનથી (दिवाकरगक्षि तप्तानां व्यायामानिलसेवनात्।। સૂત્રસ્થાન ૪૫: ૫૫–૫૬) સાંજનું દૂધ પચવામાં સુપાચ્ય, પરિશ્રમ હરનાર અને નેત્રોને હિતકારી છે.' દોહવાતા દૂધના શરૂઆતના ભાગમાં વધારે પાણી તો પછીના ભાગમાં વધારે ચરબી હોય છે. શિયાળામાં દૂધ ઘટ્ટ તો ચોમાસામાં પાતળું હોય છે.

પણ દૂધ અત્યંત સુંવાળું છે, તે બૅક્ટેરિયા યીસ્ટ અને ફૂગ જેવા જીવાણુઓનું શ્રેષ્ઠ આશ્રયસ્થાન ઝડપથી બને છે. આ જીવાણુઓ અને ખાસ કરીને બૅક્ટેરિયાને લીધે દૂધ એ બગડી જનારું ખાદ્ય છે.

ચોખ્ખા અને તંદુરસ્ત ઢોરનું દૂધ તદ્દન જીવાણુરહિત વિશુદ્ધ હોય છે; પણ આવું દૂધ ખાવા મળવું અસંભવિત છે. તે અશુદ્ધ બનવાનાં બે કારણો છે: એક તો ઢોરનો રોગ. વળી દોહતી વખતની અપૂરતી સ્વચ્છતા અને દોહ્યા પછી તે ગ્રાહક સુધી પહોંચે તે દરમિયાનની બિનકાળજીથી તે રોગજનિત જીવાણુઓથી દૂષિત બને છે. કાં તો ક્ષય અને 'અન્ડયુલન્ટ ફિવર' (તાવ)થી પીડાતી ગાયના રોગોત્પાદક જીવાણુઓ દૂધમાં આવે છે, અગર તો દૂધ દોનાર વ્યક્તિ ડિફ્થેરિયા, મરડો, ટાઇફૉઈડ વગેરે રોગોની વાહક હોઇ એનાં આંગળાં વાટે દૂધ દૂષિત બને છે. એવું પણ બને કે રોગોત્પાદક જીવાણુઓવાળા પાણીથી મંજાવાથી દૂષિત બનેલા વાસણમાં દૂધ દોહવાથી કે ઘરમાખીઓના સ્પર્શથી પણ રોગનાં જીવાણુઓ દૂધમાં ભળ્યાં હોય. વળી પવનના સપાટે ઊડેલી ધૂળ પણ દૂધને દૂષિત બનાવે છે. આપણા દેશમાં દોહવાથી માંડીને તે જે વાસણમાં દૂધ વેચાય ત્યાં સુધીના દરેક તબક્કે દૂધ ઉગ્ર રીતે દૂષિત બનવાનો પૂરો સંભવ છે.

દૂધમાં સામાન્યત: લેક્ટિક ઍસિડ બૅક્ટેરિયા, કૉલિફૉર્મ અને સ્પોર પ્રોડ્યુસિંગ બેસિલાઇ હોય છે. દૂધ જ્યાંજ્યાં ઉત્પન્ન થતું હોય ત્યાં સર્વત્ર પહેલી જાતના જીવાણુઓ તો હોય છે જ. બાકીના બે ઢોરના છાણમાંથી દૂધમાં પ્રવેશે છે. દૂધ દોહ્યા પછી ચારથી છ કલાક સુધી તો આ જીવાણુઓ સંખ્યામાં વધતા નથી, પણ પછી ઝડપથી વધે છે. આ કારણે દૂધ ખાટું થવા માંડી જામી જાય છે. ફૂગથી દૂધનો રંગ ભૂરો થાય છે, તો ઘણી વાર પ્રોટીનોના વિપાકથી ટોમાઇન ઝેરની અસર ઊપજે છે. વાસી દૂધનાં બનાવેલાં આઇસક્રીમ, બાસૂદી કે દૂધપાક ખાધા બાદ ઝાડાઊલટી થઈ આવે છે તે આ ઝેરના કારણે.

લેક્ટિક ઍસિડ બૅક્ટેરિયા આપણા શરીર માટે નિરુપદ્રવી છે. પણ અસ્વચ્છ હવાપાણી અને સ્પર્શથી દૂધમાં ભળેલા રોગોત્પાદક જીવાણુઓથી ચેપાળ બનેલા દૂધથી ક્ષય, ટાઇફૉઇડ, ડિફ્થેરિયા, ગળું આવવું (સોર થ્રોટ), અન્ડયુલન્ટ ફિવર અને બાળકોમાં આંતરડાંના વિવિધ બગાડો થવાનો સંભવ રહે છે.

આપણા દેશના ગરમ હવામાનમાં વિવિધ જાતનાં જીવાણુઓને વૃદ્ધિનું અનુકૂળ આશ્રયસ્થાન મળી રહે છે. ઑક્ટોબરથી જાન્યુઆરી સુધીના સમયમાં દૂધમાં સરાસરી ઓછા જીવાણુઓ હોય છે. ત્યાર બાદ જૂન માસમાં વરસાદ આવતાં સુધીમાં તેમાં થોડો વધારો થઈ, વરસાદ પછી તો પુષ્કળ વધી જઈ, સપ્ટેંબરમાં ઘટાડો થતાંથતાં શિયાળાની સપાટી ઉપર આવે છે. ચોમાસાની શરૂઆતમાં એકદમ વધારો થવાના કારણમાં ઢોરોને ખેતરોમાંથી લાગેલાં કાદવ કીચડ ને ધૂળ છે, જે દોહતી વખતે દૂધમાં પડવાથી દૂધ વધારે દૂષિત બને છે.

દૂધ દૂષિત બનતું અટકાવવા આટલી બાબતો જાળવવી જરૂરી છે: (૧) દોહતાં અગાઉ ઢોરનાં પેટ ને થાપાઓ પર લાગેલાં છાણ ને કાદવ-ધૂળ સાફ કરવા ખરેરો કરવો; (૨) આઉ ચોખ્ખા પાણીથી સારી પેઠે ધોવું; (૩) દોહનારે પોતાના હાથ પણ સારી પેઠે ધોવા; (૪) પૂંછડું વીંઝવાથી દોહાતા વાસણમાં કચરો ન પડે તે માટે પૂંછડું બાંધી રાખવું; (૫) પવનથી ઊડતી ધૂળ દોવાતા દૂધમાં ન પડે તે માટે ગમાણની ભોંય છો કે પથ્થરની કરી તેને સ્વચ્છ રાખવી.

જીવાણુઓથી દૂષિત થએલું દૂધ દેખાવમાં ખાસ ગંદું નથી દેખાતું. એટલે ચોખ્ખું દેખાતું દૂધ પણ જીવાણુઓથી દૂષિત હોઇ શકે. દૂધની 'ચોખ્ખાઇ' અને 'સલામતી' આ બે જુદી જ બાબતો છે. માટે દૂધ ચોખ્ખું હોવા સાથે તેને સલામત બનાવવાનું જરૂરી છે. આ માટે કાં તો દૂધને ગરમ કરવું અગર તેની પાશ્ચરણી (પૅશ્ચુરાઇઝેશન) કરવી.

પાશ્ચરણી કરવાની બે રીતો છે: 'હોલ્ડર પ્રોસેસ' અને 'ફ્લૅશ પ્રોસેસ'. પહેલી રીતમાં દૂધને ત્રીસ મિનિટ સુધી ૧૪૫ અંશ ફેરનહાઇટ ગરમી આપી પછી તેને એકદમ ઠંડું પાડી સ્ટરીલાઇઝ કરેલી બાટલીઓમાં ભરાય છે. બીજી રીતમાં દૂધને પંદર જ સેકન્ડમાં ૧૬૨ અંશ ફેરનહાઇટ જેટલી તાતી ગરમી આપી એકદમ ઠંડું પાડવાની છે. યુરોપ-અમેરિકામાં આ ફ્લૅશ પદ્ધતિ પ્રચલિત છે.

પાશ્ચરણીથી દૂધમાંના રોગોત્પાદક જીવાણુઓનો નાશ થવા સાથે જો તેને ઠંડી જગ્યાએ રાખવામાં આવે તો તે બગડ્યા વગર લાંબો સમય સારું રહે છે. હચિન્સન લખે છે કે 'હોલ્ડર પદ્ધતિથી પાશ્ચરણી કરેલું દૂધ ૩૪ અંશ ફેરનહાઇટ ઉષ્મામાને રાખવામાં આવે તો એક મહિના સુધી સારું રહી શકે છે. વધારામાં તે એમ પણ લખે છે કે: 'પાશ્ચરણીથી દૂધનું આહારમૂલ્ય દેખાઈ આવે એવું બદલાતું નથી. માત્ર વીસ ટકા એસ્કૉર્બિક ઍસિડ (વિટામિન 'સી') અને દસ ટકા થાયમિન (વિટામિન 'બી-૧') નાશ પામે છે, પણ આ વિટામિનો માટે દૂધ ખાસ અગત્યનું ગણાતું નથી. દૂધની મહત્તા તો તેમાંના વિટામિન 'એ', રિબોફ્લેવિન (વિટામિન 'બી-૨') અને વિટામિન 'ડી' માટે છે. તેનો નાશ પાશ્ચરણીથી થતો નથી. વળી પ્રોટીનો, કૅલ્શ્યમ અને બીજાં ખનિજદ્રવ્યો પણ તેમાં જળવાઈ રહેતાં હોવાથી પાશ્ચરાઈઝ થવાને કારણે દૂધનું પોષણમૂલ્ય જરા યે ઘટતું નથી.'

પણ પાશ્ચરણી કરેલું આવું દૂધ માત્ર મોટાં શહેરો પૂરતું જ લભ્ય છે. બીજી બધી જનતા માટે દૂધને સલામત બનાવવાની સાદી અને સરળ રીત તેને ઊભરો આવતાં સુધી ગરમ કરવાની છે. ડૉ. રંગપ્પા તો કહે છે કે દસ મિનિટ સુધી દૂધ ગરમ કરવાની રીત કે પાંચ ટકા જેટલું તેનું પ્રમાણ ઘટે એટલું બાળવાની રીત પાશ્ચરણી કરતાં પણ વધારે કાર્યક્ષમ છે. આવું ગરમ કરેલું દૂધ ઢાંકેલા વાસણમાં ઠંડું પાડવામાં આવે તો તે ચોવીસ કલાક કરતાં વધારે સમય સુધી સારું રહે છે.'

ગરમ કરેલું દૂધ ધીરે ધીરે ઠંડું પડતાં તેની સપાટી ઉપર મલાઈ

અને વાસણના તળિયે કણીદાર ખપોટી બાઝે છે. એ ખપોટી (રેઝિડ્યુ)માં ગુણવિકૃત (ડિનેચર્ડ) કેસિન અને કણી પડેલાં (પ્રેસિપિટેટેડ) ખનિજદ્રવ્યો હોય છે; જ્યારે મલાઈમાં ચરબી, ખનિજદ્રવ્યો અને ગુણવિકૃત પ્રોટીન હોય છે. ગરમ કરતી વખતે દૂધ સતત હલાવતાં રહેવાથી તાત્કાલિક તર બાઝતી નથી. પાશ્ચરણીથી દ્રાવ્ય (સોલ્યુબલ) કૅલ્શ્યમ અને ફૉસ્ફરસનો થોડો નાશ થાય છે, જેથી તેના જૈવકમૂલ્યને થોડી અસર પહોંચે છે ખરી. ૧૧૬ અંશ સેન્ટીગ્રેડ ગરમીએ અઢી કલાક સુધી દૂધ ગરમ કરવાથી તેમાંનું ૨૫-૩૦ ટકા લેક્ટોઝ નાશ પામે છે. એક ઊભરો આવતા સુધી દૂધ ગરમ કરતાં વિટામિન 'સી'ના ૨૨ ટકા નાશ પામે છે; દસ મિનિટ પછી તેના ૬૬ ટકા ને ૩૦ મિનિટે સોએ સો ટકા નાશ પામે છે, પણ બંધ કરેલા વાસણમાં એક ઊભરો આવતા સુધી દૂધ ગરમ કરવાથી વિટામિન 'સી'નો મોટો ભાગ જળવાઈ રહે છે. દૂધ ગરમ કરતાં વિટામિન 'બી-૧'નો થોડો ઘટાડો થાય છે ખરો, પણ રિબોફ્લેવિન (વિટામિન 'બી-૨') અતિ જૂજ બગડે છે; પરંતુ સીધા કે વ્યાપ્ત (ડિફ્યૂઝ્ડ) સૂર્યપ્રકાશમાં તેનો જલદી નાશ થાય છે.

પાશ્ચરણીથી કે ગરમ કરવાથી દૂધનાં સાતેક જાતનાં આથવણો નાશ પામે છે; પણ દૂધ ગરમ કરવાના ઉપરના ક્રમાનુસાર તેની પચનીયતા વધે છે. મહર્ષિ સુશ્રુત પણ 'ગરમ કરેલું દૂધ અત્યંત હલકું' (સૂત્રસ્થાન ૪૫: ૫૭) હોવાનું લખે છે. એટલે ગરમ કરવાથી તેને જે કંઈ અસર પહોંચે છે તે ખામીઓને સ્વીકારીને પણ દૂધ ગરમ કર્યા વિના કદી ન ખાવું. દૂધ કોઇ ને કોઇ રીતે દૂષિત થએલું હોવાથી શેડકઢું કે તાજું દોહેલું દૂધ પણ સલામતી ખાતર ગરમ કર્યા વિના ન ખાવું.

દૂધ પાણીની જેમ હોજરીમાંથી સીધું આંતરડાંમાં જતું હોવાની માન્યતા ભૂલભરેલી છે. અલબત્ત, દૂધ દેખીતું તો પ્રવાહી છે, પણ હોજરીમાં ગએલા દૂધ પર થોડી વારમાં રેનિન નામના પાચક રસની અસર થવાથી તેમાં નક્કર કોકડાં બાઝે છે. દૂધમાં રહેલા કેસિનના પ્રમાણ અનુસાર આ કોકડાંની ઘટ્ટતા રહે છે. આ ક્રિયામાં પ્રથમ દૂધ મુરબ્બા જેવું બને છે. પછી કોકડાં સંકોચાય છે ને છાશ છૂટી પડે છે. કોકડાંમાં કેસિન ને ચરબી હોય છે. છાશમાં શર્કરા, આલ્બ્યુમિન ને બીજા દ્રાવ્યક્ષારો રહે છે. ચવ્વડ ને ચામડા જેવાં કોકડાંનું હોજરીમાં પાચન દુષ્કર બને છે. પાચક આથવણોથી તેનું રૂપાંતર આલ્બુમોસિસ અને પેપ્ટોનમાં થાય છે. નાનાં બાળકોની હોજરીમાં હાઇડ્રોક્લોરિક ઍસિડ થોડો કે બિલકુલ ન હોવાથી તેમાં ઊનના ગુચ્છા જેવાં કોકડાં સીધાં આંતરડાંમાં જાય છે. મોટી ઉમરનાં બાળકો અને માણસોમાં ઍસિડની હાજરીથી કેસિન છૂટું પડી કોકડાં ઘટ્ટ બને છે, જેનું પેપ્સીનથી પાચન થાય છે. જો વધારેપડતો ઍસિડ હોય તો કોકડાં ચવ્વડ બનવાથી પચવામાં વાર લાગે છે. માણસે માણસે હોજરીના સ્રાવોમાં અમ્લતાના પ્રમાણમાં ફેર રહે છે. આ કારણે કેટલાક માણસોને દૂધ જલદી પચે છે તો બીજાઓને તે માફક નથી આવતું.

આ માટે દૂધમાં પાણી ઉમેરવું. એથી હોજરીમાં દૂધની પચનીયતા વધે છે. સાદા પાણીને બદલે જવનું પાણી (બાર્લી વૉટર) વાપરવાથી તેના સ્ટાર્ચને લીધે કોકડાં ચવ્વડ બનતાં નથી. રોટલી, ભાખરી કે ખીચડીમાં ચોળીને દૂધ ખાવાથી તે જાડું બનતાં સહેલાઇથી પચે છે. વળી કાચા દૂધ કરતાં ગરમ કરેલા દૂધનાં કોકડાં બાઝતાં પણ વાર લાગે છે. ઉપરાંત આ પણ જાણવા જેવું છે કે ઘૂંટડે ઘૂંટડે દૂધ પીવાને બદલે એકસામટું દૂધ ગટગટાવી જવાથી નાનાં કોકડાં બાઝે છે, જે હોજરીમાંથી જલદી પસાર થાય છે. સેપરેટેડ દૂધનાં ચવ્વડ કોકડાં બાઝે છે તો આખા દૂધનાં પોચાં. બાળકને કોકડાં બાઝતાં હોય તો

દૂધમાં ચપટીપૂર સોડિયમ સાઇટ્રેટ નાખવાથી ફાયદો થાય છે. ચૂનાના પાણી (લાઈમ વૉટર)માં પણ કોકડાં વળતાં અટકાવવાનો ખાસ ગુણ છે.

એક ગ્લાસ જેટલું દૂધ લીધું હોય તો તે બે કલાક પર્યંત હોજરીમાં રહે છે. પણ ડૉ. ઘોષ લખે છે કે આ સમયનો આધાર દૂધની જાત ઉપર રહે છે. મહર્ષિ સુશ્રુતનું કથન છે કે, બહુ જ પકાવેલું (કઢેલું) સર્વ પ્રકારનું દૂધ ભારે છે અને શરીરને પુષ્ટિ આપનાર છે (સૂત્રસ્થાન: ૪૫-૫૭)

આંતરડાંમાં અગ્ન્યાશય (પૅન્ક્રિયાસ)ના સ્રાવથી જ દૂધનું પાચન સંપૂર્ણ બને છે. હોજરીના પાચકરસો ન હોય તોપણ આ અગ્ન્યાશયના પાચકરસથી પણ દૂધ પચી જાય છે. દૂધની ખૂબી એ છે કે બીજા કોઈ પણ ખોરાક કરતાં તે ઓછી મહેનતે આંતરડાંમાં શોષાય છે. આથી આંતરડાંના ઘણા રોગોમાં દૂધના આહારની કિંમત છે. વળી દૂધથી આંતરડાંમાં સડાની ક્રિયા ઉપર કાબૂ આવે છે.

માંસના પ્રોટીન કરતાં પણ દૂધનાં પ્રોટીન સારાં શોષાય છે; તેની ચરબી અને શર્કરા પણ જલદી અને પૂરી શોષાય છે. આવું હોવા છતાંય હચિન્સન લખે છે કે મોટાં માણસો કરતાં બાર વર્ષની ઉંમર સુધીના કિશોરોમાં અને એમના કરતાં યે નાનાં બાળકોમાં દૂધ બહુ સારી રીતે શોષાય છે. પુખ્ત વયના માણસને એકલા દૂધનો આહાર બહુ સારી રીતે શોષાતો નથી; પણ રોટલા કે ભાખરી સાથે ખવાતા દૂધના ૯૭થી ૯૮ ટકાનું પાચન થાય છે, કેમકે એકલા દૂધના આહારમાં દૂધના બંધારણનું મોટા ભાગનું પાણી શોષણમાં અંતરાયરૂપ થઈ પડે છે. (ચાલુ)

કંકાવટી

ઘરનું સુખ

ઘરનો મુખ્ય હેતુ ગૃહવાસીઓને બાહ્ય જગતથી રક્ષણ આપીને સુખી બનાવવાનો હોય છે. સુખી ગૃહજીવન માટે ઘરની અમુક પ્રકારની બાંધણી તથા સવલતોની જરૂર છે તે ખરું; પણ સુખ એવું સરકણું હોય છે કે તેને શબ્દોથી વ્યક્ત થતી વ્યાખ્યામાં કોઈ બાંધી શકતું નથી, તો પછી ઘરની ચાર દીવાલોનું તો તેને જકડી રાખવાનું શું ગજું? માત્ર શરીરને સગવડ આપનારાં સાધનોથી સુખી થવાનું હોત તો શ્રીમન્ત લોકો સદાસર્વદા સુખમાં આળોટતા હોત. સુખનો ઘણો આધાર મનુષ્યના મન પર રહેલો હોય છે. શરીરને સુખી કરવા માટે પૈસો એ એક-માત્ર સાધન કદાચ પૂરતું હોઇ શકે, પણ મન—માણસનું મન—એમ ઝટ પ્રસન્ન થઈ જાય એવું—આશુતોષ—નથી હોતું. ચિત્તની પ્રસન્નતા બીજી અનેક વસ્તુઓ પર અવલંબતી હોય છે.

ઘરમાં સુખથી વસવા માટે બે બાબતો સૌથી મહત્ત્વની હોય છે: સંપ અને સંતોષ. મિલ-માં સામાન્ય કારકુની કરતા, ટૂંકા પગારવાળા એક પુરુષને એવી ડાહી, ચતુર સ્ત્રી મળી છે કે તેનો ઉજળો ગૃહસંસાર જોઇ કોઇને પણ આનંદ થયા વગર ન રહે. એક જ ખંડમાં પોતાના ઘરમાં તે પોતે તથા ચાર બાળકો સાથે કિલ્લોલતો સંસાર ચલાવે છે. જ્યારે જુઓ ત્યારે ગૃહિણીનો ચહેરો હસતો હોય છે, અને બાળકો પણ સ્વચ્છ અને ઠીકઠાક જણાય છે. એક ખંડના ઘરને પણ તેણે એવી સરસ રીતે સજાવ્યું છે, ઘરવખરી એવી સારી રીતે ગોઠવી છે કે તેને ઘેર જઇએ તો ઘડીભર બેસવાનું મન થાય. સહકારી ધોરણે બંધાતી એક મંડળીમાં જોડાઈ તેના પતિએ હમણાં જ નાનુંશું મકાન બંધાવ્યું. મેં તે ઘરનું નામ 'સંતોષ' પાડી આપ્યું. તે નામથી તે સંતોષી કુટુંબના સંતોષમાં ઓર વધારો થયો છે.

—વિનોદિની નીલકંઠ



વાળની સંભાળ

નહાતાં પહેલાં લીંબુની બે ફાડ કરી ધીમે-ધીમે પાંચ-દસ મિનિટ સુધી માથામાં ઘસો, પછી લીમડાનાં પાન ઉકાળેલા પાણી વડે માથું ધોવાથી માથાનો ખોડો દૂર થશે.

કાળી માટીને રાતભર છાશમાં પલાળી રાખી સવારે તેના વડે માથું ધોવાથી વાળ સુંવાળા અને મુલાયમ થશે. માથાની ખોટી ગરમી પણ તેનાથી દૂર થશે.

માથું ધોવા માટે એક બીજું ઉમદા ચૂર્ણ પણ છે. તલના તેલમાં તળેલાં આમળાંનું ચૂર્ણ ૮ તોલા, સૂકું કોપરું ૪ તોલા અને કપૂરકાચલી, સુગંધીવાળો, મોથ, અગર-તગર, સુખડ તથા ગુલાબની સૂકી પાંખડીઓ, એ દરેક એક એક તોલો લઈ, બધાંને બારીક વાટીને બારીક ભૂકો કરી રાખવો. સ્નાન પહેલાં થોડી વારે થોડું પાણી લઈ અર્ધાથી એક તોલો આ ભૂકો તેમાં પલાળવો ને પછી એનાથી માથું ધોવું.

આમાંનું કંઈ જ ન બને તો ખાટા દહીંની (મલાઈ ઉતારેલી) છાશ, એકથી બે ખાટાં લીંબુનો રસ ને થોડું મીઠું લઈ એનાથી વાળ ધોવાથી વાળનો મેલ, ચિકાશ વગેરે દૂર થઈ વાળનાં મૂળ સ્નિગ્ધ બનશે.


સવારનો હૂંફાળો તડકો પણ વાળને માટે ઘણો લાભદાયી છે.

ઉત્તમ તેલ

લીલાં આમળાંનો રસ બશેર, વાળો, મોથ, સુખડ, કપૂરકાચલી, ગુલાબનાં પાન આ દરેક અઢી અઢી તોલા અને ડમરો ૨૦ તોલા લો. પ્રથમ સૂકાં વસાણાંને ખાંડીને ચૂર્ણ કરી, તેમાં ડમરો નાખી આમળાંના રસ-માં લસોટી લુગદી બનાવો અને પછી દસ શેર તલનું તેલ લઈ તેમાં પેલી લુગદી નાખી ધીમે તાપે ઉકાળો. પાણી બળી ગયે નીચે ઉતારી તેમાં એક તોલો કપૂર નાખો ને ઠંડું પડયે ઉપ-યોગમાં લો. વાળની અને માથાની માવજત માટે આ એક ઉત્તમ તેલ છે.

વાળની માવજત માટેની આ ઉપર આપી તે અને એવી બીજી અનેક ઉપયોગી માહિતી આપતી **'લાંબા કાળા વાળ'** નામે એક પુસ્તિકા ભાયાણી બુક ડીપો (૧૫૦ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨)એ પ્રકટ કરી છે. કિં. ૧-૨૫. વાળ ઓળવાની કેટલીક શૈલી દર્શાવતાં ચિત્રો પણ તેમાં છે. જે પૈકીનું એક લેખને મથાળે છે.

સ્ત્રી જો 'પુરુષ'ને આકર્ષી શકે તો તેનામાં જાતીય આકર્ષણ રહેલું છે; જો તે બીજી 'સ્ત્રીઓને' આકર્ષી શકે તો તેની રીતભાત ને વર્તન આકર્ષક છે, અને જો તે 'સર્વ'ને આકર્ષી શકે તો તેનામાં સાચી મનોહરતા છે. —ગ્રેશિયન



ગાજનો ટાંકો અને સાદો ટાંકો, બંનેનું સુંદર પ્રયોજન કરીને ટેબલક્લૉથની બૉર્ડર, 'ફ્રાક' કે 'પેટીકોટ'ની કિનાર યા બત્તીના શેડમાં ઉપર આપેલી ભાતને વિવિધ રંગમાં ભરી લો. પછી બહારની રેખા પાસેથી સંભાળીને વધારાનું કાપડ કાપી નાખો. સુંદર કાંગરીદાર કિનારી બની જશે. ફૂલપાનમાં યોગ્ય રંગના કાપડના ટુકડા કાપીને એને ઉપર પ્રમાણે ગોઠવી ગાજના ટાંકાથી સાંધી લો તો તો વળી કંઈ ઓર જ અસર નીપજશે.

જીવનના ઉલ્લાસનો રંગ મેંદી



રાજસ્થાની મેંદી ફૂલબુટ્ટાની ભાત

ભારતીય નારીનાં સૌંદર્યપ્રસાધનોમાં અગ્રત્યનું સ્થાન ધરાવતી મેંદીનો જે ઉપયોગ આપણને જાણીતો છે એ ક્યારે ને ક્યાંથી શરૂ થયો એ વિષે નિશ્ચિતપણે કાંઈ કહી શકાતું નથી. મિસરના પિરામિડોમાંથી મળેલા મૃતદેહો 'મમી'ના હાથ, પગ ને વાળ પણ લાલ રંગાએલા મળી આવ્યા હોઈ એમ મનાય છે કે મેંદીનું મૂળ સ્થાન મિસર જ હશે. પણ એમ તો અજંતાનાં ભીંતચિત્રોમાં પણ હાથપગ રંગાએલા છે.


અરબીમાં મેંદીને 'હિના' કહે છે. ફારસી અને અંગ્રેજીમાં પણ તે નામે એ ઓળખાય છે. આમ, એ તરફ બધે 'હિના'ને નામે ઓળખાતી આ વનસ્પતિ ભારતમાં 'મેંદી' કઈ રીતે બની ગઈ હશે એ સંશોધનનો વિષય બને છે. વળી, મિસરના મૃતદેહોનાં અંગ ઉપરનો રંગ મેંદીનો જ હશે કે નહિ એ પણ પ્રશ્ન છે. ગમે તે હોય પણ મેંદીનું મૂળ વતન અને એના પ્રચલિત ઉપયોગનું ઊગમસ્થાન હજી અસ્પષ્ટ જ છે.

આરબો છેક પ્રાચીનકાળથી તેનું વાવેતર કરતા આવ્યા છે અને મુસ્લિમ દેશોમાં એનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થાય છે. પહેલી સદીના રોમન ઇતિહાસકાર પ્લીનીએ પણ રોમમાં 'મિસરના સરૂ' મેંદીનો ખૂબ પ્રચાર હોવાનો ઉલ્લેખ કર્યો છે. એ કહે છે કે એ તરફ લોકો વાળ રંગવા માટે એનો ઉપયોગ કરતા અને એમને ત્યાં આ પ્રથા મિસરમાંથી આવેલી. આજે પણ ભૂમધ્ય-કાંઠાના લગભગ બધા જ દેશોમાં એનું વાવેતર થાય છે. ઇંગ્લંડ પણ મેંદીને Egyptian priveteને નામે ઓળખે છે. લાટિનમાં એને Lawsonia Alba કહે છે. બાઈબલમાં એને camphireને નામે ઓળખાવી છે. મિસરીઓ એને 'સ્વર્ગીય સુગંધ'ને નામે ઓળખતા. ભારતમાં પણ અનેક જૂના સંસ્કૃત સાહિત્યમાં એનો ઉલ્લેખ છે. શબ્દકલ્પદ્રુમમાં એને 'મેંદી' અને 'મેન્ધિકા'ને નામે ઓળખાવેલી છે. રીતિકાલીન કવિઓએ સ્ત્રીઓના સોળ શૃંગારમાં મેંદીને પણ ગણાવી છે. આમ ભારતમાં તો સહેજ ઉચ્ચારભેદ સાથે એ બધે 'મેંદી'ના નામે જ ઓળખાય છે; 'હિના' તરીકે નહિ જ. મુસલમાનો પણ એને અહીં મેંદી તરીકે જ ઓળખે છે.

મેંદીની બે જાત થાય છે: વાસ વિનાની અને સુવાસિત. વાસ વિનાની જાત મોટે ભાગે બાગબગીચાની વાડ તરીકે વવાય છે. મેંદીનો છોડ ખૂબ પાતળો ને સાતઆઠ ફૂટ ઊંચો થાય છે. એને લીલાશપડતાં સફેદ ફૂલોનાં ઝૂમખાં બાઝે છે. શિયાળાના અંતમાં એની ફાલવાની મોસમ પૂરી થતાં એને લીલાં નાનાં ફળ આવે છે. છોડ પુખ્ત થયે એને કાંટા બાઝે છે અને કદાચ એટલે જ વાડ તરીકે તેનો ઉપયોગ થાય છે. વળી, ગમે તેવી ક્ષારવાળી જમીનમાં પણ એ ઊગી શકે છે. બી વાવીને પણ એ ઊગાડી શકાય, પરંતુ મોટે ભાગે કલમનો જ ઉપયોગ થાય છે.

ગરમી શાંત કરવાની એની શક્તિને લીધે આંખની અને હાથપગની ગરમીમાં અને પિત્તના બગડવા પર એનો ઉપયોગ થાય છે. તાવમાં પણ મેંદી ફાયદો કરે છે. કોઢની દવાઓમાં પણ એનો ઉપયોગ કરાય છે. ચામડાં રંગવા માટે પણ તે વપરાય છે. તેના ફૂલમાંથી 'હિના' નામે ઓળખાતું સુગંધીદાર અત્તર પણ બને છે. પણ આ બધાંમાં સૌથી વિશેષ તો એના લાલ રંગ આપવાના ગુણને કારણે નારીઓના સૌંદર્યપ્રસાધનોમાં ઘણો ઉપયોગ છે. એટલું જ નહિ, આ ક્ષેત્રે તો એનું સ્થાન એટલું મહત્ત્વનું બની રહ્યું છે કે કેટલાક પ્રાંતોમાં સ્ત્રીસોહાગનું એ એક અનિવાર્ય અંગ ગણાતું હોઈ લગ્ન વખતે શ્વશુરપક્ષ તરફથી કન્યાને મોકલાતી ભેટમાં મેંદીનો પડો પણ અતિ જરૂરી મનાય છે. એ મેંદીથી હાથપગ રંગીને જ કન્યા માંડવામાં આવે છે. ઉત્તર ભારતના પ્રદેશોમાં મેંદીનો ચાલ સવિશેષ છે, અને તેમાં યે રાજસ્થાનમાં તો ગૃહિણીઓમાં લોકકળાના એક ખાસ અંગ તરીકે તેનો ઘણો વિકાસ થયો છે; પરિણામે ત્યાંની સ્ત્રીઓ–અને કેટલીક તો સળી કે એવા કોઈપણ સાધનની સહાય વિના ઝીણી ને અટપટી એવી સુંદર ભાત ઉપજાવે છે કે દંગ થઈ જવાય.

આ દરેક ભાતના એના આકારાનુસાર પડેલા નામનું વૈવિધ્ય જોતાં સહેજે સમજાઈ જાય કે એનું મહત્ત્વ કેટલું બધું હશે. રાજસ્થાન ઉપરાંત



ઉપર: ખોજાઓમાં પ્રચલિત મેંદીનો એક પ્રકાર. જમણા હાથમાં એ લોકોમાં પરંપરાથી ઊતરી આવેલી પાનવેલની ભાત અને ડાબા હાથના પોંચા ઉપર ઘરેણા જેવી આકૃતિ ઉતારી છે. વચ્ચે: મારવાડી ઢબ. જમણા પગમાં 'દસાકી વેલ' અને ડાબા પગમાં 'ખટભુજાની વેલ'. તે પછીની પગ પર મૂકેલી મેંદીની ભાત રાજસ્થાન તરફની છે.

રાજસ્થાની મેંદી-માંડણાં

લેખક · સુનીલ કોઠારી

જેમ ભૂમિ પરનાં અલંકરણો રાજસ્થાનમાં ગ્રામ નારીઓની મનમાની પ્રવૃત્તિ છે તેમ મેંદી માંડણાં પણ એમનો એક પ્રિય શોખ છે. હથેળી પર તેમજ પગની પાનીએ મેંદી મૂકી વિભિન્ન આકૃતિઓ આલેખવામાં મારવાડી સ્ત્રીઓનું કૌશલ જાણીતું છે. ગોરા હાથ અને પાની પરની એ ભાતભાતની આકૃતિઓ અત્યંત કલાપૂર્ણ તેમજ આકર્ષક હોય છે.

શણગારના નિમિત્ત સિવાય પણ ધાર્મિક તહેવારો તેમજ વિવાહ વગેરે અવસરે મેંદી મૂકવાની પ્રથાથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. રાજસ્થાનમાં ગણગૌરના લોકપ્રિય તહેવાર દરમિયાન તો સૌભાગ્યવતી સ્ત્રીઓને મેંદી મૂકયા વિના ચાલે જ નહિ. ત્યારે સૌભાગ્યનું ચિહ્ન ગણી એકબીજાને મેંદી આપવાની પ્રથા પણ ત્યાં છે. વહુદીકરીને ઘેરથી વિદાય કરતી વેળા પણ મેંદી મુકાય છે.

પરંતુ મેંદી મૂકવાનું આ કામ કાંઈ સહેલું નથી હોતું. ખાસ્સો પરિશ્રમ વેઠીને સ્ત્રીઓ આ પ્રવૃત્તિ આદરે છે અને કંઈ કેટલા ય પ્રકારે તે મૂકવાનું કૌશલ અજમાવે છે. માટે તો એક રાજસ્થાની લોકગીતમાં 'લેખના પઢના છોડ દો, નિરખો ગોરીરા હાથ'નો પડઘો પડયો છે.

ગ્રામનારીઓ અને કન્યાઓ તો પોતાના સરલ સ્વભાવાનુસાર સરળ આકૃતિઓ કાઢે. એક હાથમાં રૂપિયો અને પાંચ માંડ, તો બીજામાં 'મુઠિયા'. પાંચીકા અને રૂપિયાના આકારની તો નકલ જ જોઇ લો. વળી એને રેખાઓ વડે એકબીજા જોડે સાંકળી લઈ ભાત ઉપસાવવામાં ય આવે. 'મુઠિયા' એટલે મેંદીની લાડુડી મુઠ્ઠીમાં રાખવાથી પડતી ભાતને લઇને આલેખાતી રચના. મુઠ્ઠી બંધ કરવાથી જે જગ્યાએ સળ પડી જાય તે ભાગ સફેદ રહે. એથી એમાં સૌંદર્યતત્ત્વ પ્રવેશે છે. ગામડાની ભલીભોળી કન્યાએ એ સીધોસાદો કલાપ્રકાર અપનાવ્યો.

બારીક કામ તો કોઈ અભિજાત રમણીના હાથ પર જોવા મળે! કોઇએ 'ચોપડ માંડ' મૂકી હોય, તો કોઇએ 'ગાલીચો'; કોઇએ 'ચૂંદડી', તો કોઇએ વળી 'ઘેવર'. ત્યાં વળી કોકે 'સાત ફૂલની જોડ', તો કોઇએ વળી 'ચાર ફૂલ' પર પસંદગી ઢોળી હોય. કોઇએ વળી વેલ ચીતરી હોય, તો કોઇએ ફૂલ! આંગળીઓ પર પણ એ પ્રસરે. અને તેમાં ય હથેળીની પાછળ વેલની જે ફૂલગૂંથણી માંડે તે તો 'પીહરવાટ'- એના પિયરની વાટ ગણાય! પગની પાનીએ પણ ફૂલવેલની મનોરમ ગૂંથણી!

મોટે ભાગે દીવાસળીથી, કદીક સોયથી કે પછી લાંબી પાતળી સળી દ્વારા મેંદીમાંડણાં મૂકવાની પ્રથા હોય છે. મેંદી તૈયાર કરવાની ય અલગ અલગ રીતો. આમલીનું પાણી, કાથો ને ઘાસલેટ પણ એમાં વપરાય. વળી કોઈ કોઈ સ્ત્રીઓ રોસો નામના સુગંધી ઘાસના તેલનું હાથ પર મર્દન કરે છે, તો કેટલીક સ્ત્રીઓ ઇચ્છિત સફેદ આકૃતિઓ મીણથી માંડે ને તેના ઉપર મેંદી મૂકે. સુકાયે મીણ કાઢી નાખે.


મેંદી-માંડણાની નાનાવિધ જાતનાં નામ જાણવા જેવાં છે: ચૂંદડી, ચક્ર, ઘેવર, લહરિયાં, ચૌપડ, પચેટા, શંખ, સાત્યા, ગલીચા, ફૂલોંકી જોડ, છાબડી, પાન, પંખા, ષટ્કોણ, છલ્લા, પતાસા, રૂપયો, સક્કરપારે કે બૂટે, તોપખાના, દલીચોક (દિલ્હીચોક), કરમાચૂલ, પાંચ, બા-

પંજાબ, ઉત્તર પ્રદેશ, બિહાર અને ગુજરાતમાં પણ મેંદીનો ચાલ ઠીક લોકપ્રિય છે. સ્ત્રીજગતમાં એનું સ્થાન કેટલું લાડીલું છે એ તો લોકગીતોને સ્વરૂપે પ્રકટ થતા નારીહૃદયના ભાવ સાંભળતાં સહેજે કલ્પી શકાય. ઉપર્યુક્ત દરેક વિસ્તારનાં લોકગીતોમાં અને એમનાં અર્વાચીન કાવ્યોમાં પણ મેંદીને ખૂબ જ લડાવવામાં આવી છે.

મેંદી મૂકવી એ પણ એક કળા છે. ભૌમિતિક અને પ્રાકૃતિક આકારોનું અનેકવિધ વૈવિધ્ય તેમાં જોવા મળે છે. દક્ષિણ ભારતની સ્ત્રીઓ પોતાની આંગળી વડે ને ખોજા તથા વહોરા કોમની સ્ત્રીઓ મોટેભાગે સળી-સાંઠીકડાની સહાયથી મેંદીની ભાત આલેખે છે. પણ આ બધામાં રાજસ્થાન અને ત્યાં પણ ચિત્તોડ ને તલાવદાની તોલે કોઈ ન આવી શકે.

મેંદી આમ તો બારે માસ મુકાય છે પણ, 'સાવન'—શ્રાવણમાં એનાં લાડ વધી જાય છે. ઉત્તર પ્રદેશ ને રાજસ્થાનમાં પરણેલી નવવધૂઓ આ મહિને પિયર આવી 'તીજ' (શ્રાવણ વદ ત્રીજ)નું વ્રત કરે છે. એ પ્રસંગના એમના દેહશણગારમાં મેંદીનું સ્થાન અત્યંત ઊંચું જ નહિ અનિવાર્ય પણ બની રહે છે. આમ લૌકિક મંગલાચાર અને શુભ શકુનોમાં એનું મહત્ત્વ સ્થપાએલું છે. લગ્ન પ્રસંગે કન્યાને જે રાતે મેંદી મૂકવાની હોય એ રાત 'મેંદી કી રાત' તરીકે ઓળખાય છે.

આ મેંદી મૂકવાનો વિધિ પણ ઠીકઠીક તપસ્યા અને સમય માગી લે છે. (આમે ય સ્ત્રીનો કયો શણગાર સમય નથી લેતો?) એ મૂકવા માટે તો કોઈ હોશિયાર સખીની સહાય જોઇએ. એનો રંગ બરાબર બેસે એટલા સારુ એને ખૂબખૂબ પીસવી-ઘૂંટવી પડે છે. રાજસ્થાનમાં એને કાંસાની થાળીમાં ભીંડી ઘૂંટેલા પાણી સાથે મસળવામાં આવે છે



ડાબી બાજુથી: ચૂંદડીની ભાત તથા ખજૂરીની વેલ, આંગળીઓ અને હથેળીની પાછળ મંડાતા 'ટોરા'નો એક નમૂનો તથા ચાંદતારા અને વેલની ભાત. આ ત્રણે મારવાડ તરફની પ્રચલિત ભાત છે. તે પછીની બંને ભાત રાજસ્થાનની છે—ચૌપાડ અને લહરિયા.

રહ, સોલહ, બત્તીસા, બદરમિયા જાલ, પત્તી કી જાલ, રોડ, પીલા, દૂધિયા, પંખી, ચકરી કા લહરિયા ઇત્યાદિ.

ગ્રીષ્મ કાળમાં ગરમી પડે ત્યારે પગે મેંદી મૂકવામાં આવે છે. એથી ઠંડક પણ સારી અનુભવાય છે. દિવાળીને બીજે દિવસે ગોવર્ધન-પૂજા ટાણે ગાય, બળદ તથા વાછરડાંની પીઠ પર કટોરી, હાથ તથા દીપક વગેરે આકૃતિઓનાં મેંદી-માંડણાં આલેખાય છે. વિવાહપ્રસંગે મુકાતી મેંદીને 'હથેલવા' કહે છે. એમાં જો 'હથેલવા'ની ભાત સરસ આવે તો દંપતીનો સંસાર સરળતાથી ગુજરશે એવું ધારવામાં આવે છે. વરવધૂ જ્યારે ચોરીમાં બેસે છે ત્યારે બ્રાહ્મણ પંડિત હોમ કરે છે. એમાં ઘીમાં બોળી બોળી પાતળી લાકડીઓ બાળવામાં આવે છે. તે વખતે પણ વધૂના જમણા હાથમાં મેંદી મૂકવામાં આવે છે. પછી વરનો જમણો હાથ વધૂના હાથ પર મૂકી એ પર લાલ કપડું વીંટાળવામાં આવે છે. એ લૂગડાને 'અંતરવાસ્યા' કહે છે. જો મેંદીની ભાત સારી ઉપસી આવે તો વર-વધૂને 'હાશ' થાય. અલબત્ત, સૌ કોઇ આમાં શ્રદ્ધા ધરાવતું નથી, પણ પ્રથા અનુસાર આ રીત હજી પ્રચલિત છે.

રાજસ્થાનના ગણગૌરના તહેવાર વખતે પાર્વતીપૂજા સમયે જે મેંદી મુકાય છે તે ભાતનું નામ 'ચૂંદડી'. ત્યારે પોષાક-પરિધાનમાં પણ 'મોતીચૂર' ચૂંદડી સ્ત્રીઓ પહેરે છે. દિવાળી આદિ પર્વો પર 'ચક્ર' ભાતની મેંદી મુકાય છે. ચક્ર ઈશ્વરી શક્તિનું દ્યોતક છે. શ્રાવણી તહેવારો દરમિયાન 'લહરિયાં'ની ભાતની મેંદી મુકાય છે. એ વખતે લહેરિયાં ભાતનાં ઓઢણાં પહેરીને કન્યાઓ બાગ બગીચામાં ફરવા નીકળી પડે છે, કોડીએ રમે છે કે ઝૂલા બાંધી રમતાદિ ક્રીડાઓમાં રમમાણ રહે છે. સોળ સોગઠીઓથી રમાતી ચૌપડ(ચોપાટ)ની રમત ગણગૌરમાં રમાય છે અને તે પ્રસંગે તે ભાત સવિશેષ માંડવામાં આવે છે.

મેંદી મોટે ભાગે તો રાત્રે સૂવાના સમયે લગાડવામાં આવે છે. સવારે ઊઠતાંવેંત હાથે-પગે લાગેલી મેંદી દૂર કરી તલ અથવા સરસવનું તેલ ચોપડવામાં આવે છે. પરિણામે મેંદીનો રંગ ઓર ખીલી ઊઠે છે.

મેંદીને લગતાં બે પ્રચલિત રાજસ્થાની લોકગીતો નીચે મુજબ છે:

ફલાણા ઓ પૂછે ગોરીને વાત,
પ્રેમરસ મહેંદી રાચણી,
કણી[1] માંડચા એ વસવાગણ[2] થારા હાથ,
પ્રેમરસ મહેંદી રાચણી,
બાઈ ફલાણી માંડચા મારા હાથ, પ્રેમરસ૦
થારા હાથ મારા હિવડા[3] ઉપર મેલ,
મારા જીવડા[4] ઉપર મેલ, પ્રેમરસ૦
મહેંદી દીજો રાચાંરા ફલાણા વારા રે હાથ,
પ્રેમરસ૦

બીજું ગીત

ફલાવા સા રસિયા બાઈ!
આપરી આપરી લુગ્યાં[5]ને આ મહેંદી રોપાવ
આપરી આપરી ગોર્યાં[6]ને મહેંદી રોપાવ
બાઇ મારી મહેંદી પાછી દે.
તોલમેં આપરા બબૂઆને દે
મોલમેં આપરા નાનાને દે
ઘડચા બઢચામેં નાના માયાને દે
કે બાઈ મારી મહેંદી પાછી દે.

૧ કોણે, ૨ સોહાગણ, ૩ હૈયા, ૪ છાતી, ૫ સ્ત્રીઓ, ૬ કન્યાઓ

ને પછી એના રંગને વધુ તેજસ્વી ને ટકાઉ બનાવવા એમાં અનેક ચીજો ઉમેરાય છે. સ્થળભેદે આ ઉમેરણની વસ્તુઓ પણ અલગ અલગ હોય છે. જેમાં કાથો, રતનજોત, નાગરવેલનાં પાન, ચૂનાનું પાણી, લીંબુનો રસ, આમલીનું પાણી, ફણસની આંતરછાલ ને ચિકાશ માટે આમલીના કચૂકા વગેરેનો સમાવેશ થાય છે. રંગના ઉઠાવ તથા લાંબા સમયના ટકાવ માટે ઉમેરાતી આ બધી ચીજોનું કોઈ ખાસ ધોરણ નથી. નિત્યાનુભવે સ્ત્રીઓને જે સૂઝ્યું તે તેમણે ઉપયોગમાં લેવા માંડ્યું હશે.

મેંદી મૂકતાં પહેલાં હાથપગ બરાબર સ્વચ્છ કરી લેવા જોઇએ. મારવાડમાં તો હાથપગ ધોઈ પ્રથમ તો નીલગિરિનું તેલ ચોપડે છે ને પછી એના પર મેંદી મુકાય છે. ઝીણી ભાત પાડવા મેંદીની મધ જેવી ધાર થવી જરૂરી હોઈ એમાં ભીંડાનો રસ પણ ભેળવે છે. એ સુકાવા આવે એટલે એના પર સાકરનું પાણી છાંટે છે ને પછી બરાબર સુકાઈ રહે તેના પર તેલ લગાડી દે છે, ને બીજે દિવસે સવારે હાથપગ ધોઈ નાખે છે.

ગુજરાતમાં મેંદી લસોટતી વખતે તેમાં કાથો, ચકલીની અઘાર કે લીંબુનો રસ ને મેથી પણ ભેળવે છે, ને મૂકીને સુકાયા પછી તેલ લગાડીને હાથ ધોઈ નાખે છે. સૂરત તરફ તો મેંદી મૂકેલી છોકરીઓને ઠાકોરજીની પૂજા કરવા નથી દેતા. ગોરનું વ્રત કરનારી છોકરીઓ જવારા પૂજી શકે, પણ પાટલે બેઠેલા ઠાકોરજીને ન પુજાય. મુસલમાનો મોટે ભાગે આમલી ભેળવીને મેંદી મૂકે છે. એથી એનો રંગ ઘેરો રાતો થાય છે.

આમ, ભારતીય નારીનાં સૌન્દર્યપ્રસાધનોમાં તથા એમની પ્રેમાળ ભાવનાઓ વ્યક્ત કરતાં ગીતોમાં લાડકું સ્થાન પામેલી મેંદીને તત્ત્વજ્ઞ કવિઓએ પણ બિરદાવી છે. પ્રાચીન-અર્વાચીન કવિઓએ પોતાના સાહિત્યમાં એનો જે ઉપયોગ કર્યો છે એનો અભ્યાસ તો એક સ્વતંત્ર વિષય બની રહે એટલો બહોળો છે. અને આ મેંદી દર વર્ષે આપણને પંદર-સોળ લાખ રૂપિયાનું પરદેશી હુંડિયામણ પણ અપાવે છે એ જાણો છો? ભારત દર વર્ષે લગભગ ૭૦,૦૦૦ મણ મેંદીની નિકાસ કરે છે!




મેંદીની કેટલીક કાઠિયાવાડી ભાત: ડાબી બાજુથી (૧) મીણથી પાડેલી ટપકાં અને ચોકડીની ભાત, (૨) ચૂંદડી, (૩) સાદી મેંદી યા થપ્પો, (૪) લહેર અને (૫) ઘેબર. ('અંગના'ના સૌજન્યથી)

કલાવાતાં

કલાકાર શ્યાવક્ષ ચાવડા

રેખાઓના લયકાર શ્રી શ્યાવક્ષ ચાવડાની કલાથી 'કુમાર'ના વાચકો છેક અજાણ નથી. હમણાં જ લલિતકલા અકાદમીએ એમનો અને એમની કલાનો પરિચય આપતું એક સુંદર નાનકડું પુસ્તક પ્રકટ કર્યું છે (કિં. ૨–૫૦). શુદ્ધ કલાતત્ત્વ પ્રત્યેનો આદર, સંગીતનો પ્રેમ (ને જ્ઞાન પણ) અને ભારતીય કળાના પ્રાણ સમી લય અને તાલબદ્ધતાના અભ્યાસ અને અવલોકનમાંથી કેળવેલી દૃષ્ટિ તથા સિદ્ધિમાંથી એમની આગવી જ એક શૈલી સરજાઈ છે. એમાં ક્યાં યે આડંબર નથી, રંગની ઝાકઝમાળ નથી, રૂપકડું એવું કોઈ તત્ત્વ નથી કે નથી ક્યાં યે જરા સરખી કામુકતાનો નિર્દેશ ને છતાં તેમાં નવીનતા અને સુંદરતા પણ છે.

આધુનિક હિંદની પ્રામાણિક છબિ એમની કળામાં જોવા મળે છે. પટરચના અને રંગાવટની રમત એમને પ્રિય છે. લોકજીવનનું આલેખન કરવાની એમની ઊલટ અને પોતાના વિષયનો પાકો ખયાલ એમની કળામાંથી સાંપડે છે. એ મેળવવા એમણે ભારતભરની સફર ખેડી છે. યુરોપ, મલાયા, ઈન્ડોનેશિયા પણ જઈ આવ્યા છે. ગામડાંઓમાં રખડીને એમણે લોકજીવનની અને માણસો તથા પ્રાણીઓની લાક્ષણિકતાઓને—એમના હલનચલનના મરોડોને એમણે પોતાની રેખાઓમાં ઉતારી લીધાં છે. મંદિરેમંદિરે ફરી એમણે માનવપાત્રો, પ્રાણીઓ ને વનસ્પતિનાં કલામય નિરૂપણોનો અભ્યાસ કર્યો છે. ને આ પ્રત્યેક અભ્યાસની રેખાબદ્ધ નોંધ એમણે એટલી તો સચોટતાથી કરી છે કે એ એકેએક રેખાંકન પણ એક સ્વતંત્ર સુંદર ચિત્રરૂપ લાગે. એમનાં એ વિવિધરંગી ત્વરિતાલેખનોની વેગવંતી અને સ્ફૂર્તિમાન રેખાઓમાં પીંછીની કુમાશ અને ઉઠાવ જોવા મળે છે. ક્ષણમાત્રમાં સ્કેચ ઝડપી લેવો એ તો જાણે એમની આગવી સિદ્ધિ છે, પછી ભલેને સામે નૃત્યાવેગમાં ઘૂમતું કોઈ પાત્ર હોય કે દોડી જતું કો પ્રાણી હોય. નૃત્યના—ભારતીય, જાવાનીઝ, બાલીનીઝ, રશિયન કે ઇંગ્લિશ નૃત્યોના જાણે તેઓ નકશાનવીસ છે. એમનાં આ આલેખનોમાં એમ જ એમનાં ચિત્રોમાં આ રેખા જ જાણે એનો પ્રાણ અને આત્મા જણાય છે. પોતાની વાત સિદ્ધ કરવા ઓછામાં ઓછી રેખાઓ પણ એમને માટે પૂરતી છે. વચ્ચે





નૃત્યના આવેગ · શ્રી ચાવડાની ત્વરિતાલેખન-શક્તિનું એક ઉદાહરણ

વચ્ચે ક્યાંક થોડીક છાયાને ઇશારો કરે ને આલેખનમાં ત્રિપરિમાણતા આવી જાય! ક્યાંક વળી રંગનાં બેચાર ચટકાં મૂકે ને ચિત્ર ભર્યુંભર્યું બની જાય! જોકે આમ તો તેઓ ચિત્ર-કળાના લગભગ દરેક માધ્યમ ઉપર સરસ કાબૂ ધરાવે છે (આ અંકનું મુખચિત્ર એનું એક ઉદાહરણ છે.) પરંતુ એમનું પ્રિય માધ્યમ તો છે તૈલ રંગો અને ટેમ્પેરા.

ભારતમાં તો તેઓ આજે પ્રખ્યાત છે જ, પણ દેશના કિનારાઓ વટાવી તેની યે પાર જવાની શક્તિ એમની કળામાં છે. જેમ ભારતની ઘણી જાહેર ઇમારતો આજે એમનાં વિશાળ ભીંતચિત્રોથી શોભે છે તેમ પારી(સ) 'યુનેસ્કો'ના પ્રદર્શનમાં પણ એમનાં ચિત્રો સ્થાન પામ્યાં છે. લંડનના બર્લિંગ્ટન હાઉસના ભારતીય કળાના પ્રદર્શનમાં, પારી(સ)માં સેલૉં દ માઇમા, અમેરિકન ફેડરેશન ઑવ આર્ટ તરફથી ભારતીય કળાના ફરતા પ્રદર્શનમાં અને એસેન (જર્મની)માં ભારતીય કળાના પ્રદર્શનમાં પણ એમની કૃતિઓ રજૂ થઈ છે. આ ઉપરાંત ભારત, લંડન, પારી(સ), ઝૂરિચ, જાકાર્તા ને સિંગાપોરમાં પણ એમનાં નિજી-પ્રદર્શનો યોજાયાં છે. આમ આજે તેઓ આધુનિક ભારતના એક ઘણા આગળપડતા ને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં રજૂઆત કરતા સિદ્ધહસ્ત કલાકાર છે.



ઘરકામ
શ્રી ચાવડાનું ત્વરિતાલેખન

રવીન્દ્રસંગીત-મહોત્સવ

' * * * '

અમદાવાદને તા. ૧૯મી ઑક્ટોબરથી તા. ૨૨મી ઑક્ટોબર લગી ચાર દિવસ, ઉપર્યુક્ત મહોત્સવમાં રજૂ થએલી રવીન્દ્રનાથની કૃતિઓનો, તેમની સંગીતજ્ઞ તરીકેની વિલક્ષણ પ્રતિભાનો, તેમજ ઠેઠ બંગાળથી આવેલા શાંતિનિકેતનના ગાયકો-પ્રાધ્યાપકો તેમજ રવીન્દ્રનાથના અંતેવાસીઓના કંઠે જ સૂર ને કાવ્યનો આત્મીયતાભર્યો જે પરિચય કેળવવાની તક સાંપડી તે રવીન્દ્ર શતાબ્દીવર્ષનો એક યાદગાર પ્રસંગ બની રહેશે. વિશાળ ધોરણે આવા ઉત્કૃષ્ટ સમારંભનું આયોજન કરવા માટે ગુજરાત રાજ્ય અને એમનું માહિતીખાતું સમુચિત રીતે જ યશનાં અધિકારી છે. સમગ્ર કાર્યક્રમ પાછળની આયોજના કલાત્મક દૃષ્ટિની દ્યોતક હતી. શાંતિનિકેતન, કલકત્તા, મુંબાઈ, વડોદરા અને સ્થાનિક કલાકારોના સહકારથી આ કાર્યક્રમ અનેક દૃષ્ટિએ નોંધપાત્ર ઠર્યો. વિશેષતઃ બંગાળ બહાર અમદાવાદને આવો પ્રસંગ સાંપડ્યો તેમાં રવીન્દ્રનાથને ગુજરાતે એની આગવી આતિથ્યશીલ ઢબે શ્રદ્ધાંજલિ અર્પી.

અમદાવાદ–શાહીબાગમાંના આજના 'રાજભવન'ની (ને અગાઉના શાહી મહેલની) પગથારે એકાંત રીતે બેસીને ઇ. સ. ૧૮૭૮માં




શ્રી દ્વિજેન મુખરજી



શ્રી મન્ના દે



શ્રીમતી મીના કપુર




શ્રી અનિલ વિશ્વાસ



શ્રી પંકજ મલિક

ધાર્મિક કુટુંબમા જન્મ. ઘેર સુપ્રસિદ્ધ ગાયકો ગાવા આવતા તેમનો સંપર્ક બાલ્યવયથી જ. ટાગોર કુટુંબના સંપર્કમાં આવ્યા પછી સુપ્રસિદ્ધ સંગીતકાર સ્વ. દીનેન્દ્રનાથ ટાગોર પાસે રવીન્દ્ર-સંગીતનું શિક્ષણ લઈ રવીન્દ્રનાથના કૃપાપાત્ર ઠર્યા. રવીન્દ્રસંગીત સાથે તબલાંની સંગીતની પ્રણાલિકાનો તેમણે પ્રારંભ કર્યો. ચલ-ચિત્રોના વિખ્યાત સંગીતદિગ્દર્શક-ગાયક.



શ્રી શાંતિદેવ ઘોષ

ખુદ રવીન્દ્રનાથ ટાગોરના હાથ તળે જ સંગીત-શિક્ષા લઈ ૩૦ વર્ષ ત્યાં જ શાંતિનિકેતનમાં અધ્યાપનકાર્ય કર્યું. રવીન્દ્રનાથે એમને શાસ્ત્રીય નૃત્યોના અભ્યાસ માટે વિવિધ પ્રદેશોના પ્રવાસે મોકલેલા. ભરતનાટ્યમ્ કથકલી, કથક અને મણિપુરી નૃત્યોનાં સંગીત વિષે તેઓ ઊંડી સૂઝ ધરાવે છે. અનેક સંગીત-સંસ્થાઓની સલાહકાર સમિતિના તેઓ સભ્ય છે.



શ્રીમતી લક્ષ્મી શંકર

હિન્દુસ્તાની તેમજ કર્ણાટકી શાસ્ત્રીય સંગીત તથા સુગમ સંગીતમાં એમના સ્તુત્ય પ્રભુત્વને કારણે ખૂબ લોકાદર પામ્યાં છે. નૃત્યક્ષેત્રે શ્રી ઉદયશંકરની નૃત્યમંડળીનાં એક સભ્ય તરીકે તેમજ હિંદી, તમિળ ને બંગાળી ચિત્રોનાં નૃત્ય-દિગ્દર્શક તરીકે પણ જાણીતાં છે. શ્રી ઉદયશંકર અને સિતારવાદક રવિશંકરના ભાઈ કવિશ્રી રાજેન્દ્ર શંકરનાં તેઓ પત્ની છે.

રવીન્દ્રનાથે પોતાની કાવ્ય-રચનાને પ્રથમ સંગીતબદ્ધ કરી હતી (એ કાળની એમની છબિ જુઓ પૃ. ૪૩૬ પર). 'જીવન-સ્મૃતિ'માં એમણે એ વિગતો નોંધી છે. આ પ્રાસાદમાંના એકાકી વસવાટને કારણે જ એમને 'ક્ષુધિત પાષાણ' (હંગ્રી સ્ટોન્સ)ની વાર્તા રચવાની પ્રેરણા મળી હતી તે પણ સુવિદિત છે. ત્યાં રહીને એમણે જે પ્રથમ કાવ્ય રચ્યું તેના સ્વરાંકનનું મહત્ત્વ વિશેષ છે. એ કાવ્ય 'આમાર રજની દેખો મગન જોછનાય' તેમણે પૂર્વે રચેલાં કાવ્યોથી નોખું પડી આવે છે, કારણ તે પૂર્વેની રચનાઓ એમના વડીલ બંધુ નતુનદા (જ્યોતિરીન્દ્રનાથ)નાં સૂરાંકનોની અસર હેઠળ રચાયાં છે.


ઉપર્યુક્ત કાર્યક્રમના ચારે ય દિવસની વિગતવાર સમીક્ષા સ્થળસંકોચને કારણે જતી કરવી પડે છે. એમાં શ્રી પંકજ મલિકે ગાએલાં રવીન્દ્રનાથનાં ગીતોએ અમદાવાદના કલા-રસિક શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી મૂકેલા. રવીન્દ્રનાથનાં સદ્ગત પત્નીને ઉદ્દેશીને લખાએલું 'તુમિ કી કે બૉલે છબિ', 'મોરોનેર મુખે રેખેર ઍમોની દિને તારી ભૂલા જાય', અત્યંત હૃદયસ્પર્શી રીતે એમણે ગાયાં હતાં. મૂળ બંગાળીમાં તેઓ એક પંક્તિ ગાતા ને શ્રીમતી નિરુપમા શેઠ તરત જ તે પંક્તિ હિંદીમાં રજૂ કરતાં એ પ્રયોગ સ્તુત્ય હતો. શ્રી મલ્લિકે રવીન્દ્રનાથની સ્તુતિ (સંસ્કૃત ભાષામાં) ગાઇને ભક્તિભાવનું સુંદર વાતાવરણ ખડું કરેલું.

શ્રી શાંતિદેવ ઘોષે 'કૃષ્ણ કલિ' વગેરે પદો રજૂ કરી શાંતિનિકેતનની તળ ભૂમિની ગીત-સૌરભ ફેલાવેલી. રવીન્દ્રનાથના એઓ પ્રિય અંતેવાસી હોવાથી એમની રજૂઆત રવીન્દ્રનાથને ઉદ્દીષ્ટ અભિવ્યક્તિને ઉઠાવ આપતી હતી. શ્રીમતી સુચિત્રા મિત્રનાં ગીતોમાં જેને 'સોફિસ્ટિકેટેડ રેન્ડરિંગ' કહીએ તેવું સુષ્ઠુ, ભદ્ર અને ક્ષતિરહિત સંગીત સાંભળવા મળ્યું. જ્યારે ભારતભરમાં રવીન્દ્રનાથનાં ગીતોની ભાવપૂર્વક રજૂઆત માટે જાણીતાં શ્રીમતી કણિકા બૅનર્જીના અવાજની કુદરતી માધુરી, ભાવુકતા અને તન્મયતા ચિત્તાકર્ષક હતાં.

શાસ્ત્રીય સંગીતપ્રેમીઓને શ્રવણમધુર આસ્વાદ્ય કૃતિઓ શ્રીમતી લક્ષ્મી શંકરે સંભળાવી. કર્ણાટકી સંગીતશૈલીમાં 'બાજે કરુણ સૂરે' સિંહેન્દ્ર મધ્યમ રાગમાં નિબદ્ધ રચના; 'સાર્થક જનમ આમાર' ભૈરવીમાં, ને ટપ્પામાં રજૂ કરેલી રચનાઓ 'વાહ વાહ'ના ઉદ્ગાર કઢાવવા સમર્થ હતી. 'ભાનુસિંહેર પદાવલિ'ની કર્ણપ્રિય, ભક્તિભાવ-પરિપોષક રજૂઆત તથા ઉત્તર ભારત ને દક્ષિણ ભારત બંનેના સંગીત-પ્રકારો પરનું આ ગાયિકાનું પ્રભુત્વ યાદગાર નીવડે તેટલાં આકર્ષક હતાં.

શ્રી દેવદત્ત વિશ્વાસે પણ ગીતોના ભાવમાં તન્મય થઈ તે રજૂ કર્યાં. શ્રી તરુણ બૅનર્જીએ ખૂબ ઉતાવળે ગીતો ગાયાં એ રસક્ષતિ કરાવવામાં કારણભૂત બન્યું. ડૉ. તારાપદ લાહિરીની લોકગીતોની રજૂઆતેય નબળી હતી.

આ સિવાય નોંધપાત્ર કાર્યક્રમ હતા : શ્રી અનિલ વિશ્વાસની 'તાલમાલા' ને શ્રી અજિત શેઠનું 'ઋતુરંગ'. રવીન્દ્રનાથની સંગીતજ્ઞ તરીકેની ઊંડી સૂઝ 'તાલમાલા'ના વિવિધ પ્રયોગોમાં પ્રગટ થાય છે. અરૂઢ તાલોનો ઉપયોગ, નવીન તાલની રચના ને તેનો સંગીત-વિનિયોગ 'તાલમાલા' કાર્યક્રમમાં સ્પષ્ટ થતાં હતાં. (૭ માત્રા) રૂપક, (૮ માત્રા) રૂપકડા, (૯ માત્રા) નવતાલ, (૧૦ માત્રા) ઝપતાલ અથવા સુરફાક, (૧૧ માત્રા) એકાદશી અથવા ચંપક, (૧૨ માત્રા) એકતાલ, ઉપરાંત (૧૪ માત્રા) ધમાર, (૧૫ માત્રા) પંચમ સવારી, (૧૬ માત્રા) તીનતાલ, (૧૮ માત્રા) લક્ષ્મી-તાલ, ને (૧૯ માત્રા) નવપંચતાલની રજૂઆત શ્રી અનિલ વિશ્વાસ અને તેમની મંડળી 'માલંચ'ના કલાકારોએ કરી. અલબત્ત, ક્યાંક એની શાસ્ત્રીય સમજને કારણે ગાયકો સભા-



શ્રી અજિત શેઠ

શૈશવકાળથ જ શ્રી પંકજ મલિક અને રવીન્દ્ર-સંગીતના સંસ્કારમા ઘડાએલા શ્રી અજિત શેઠ રંગમંચના ગાયક તરીકે તેમજ શિષ્ટ સંગીત-પ્રવૃત્તિઓના સંયોજક તરીકે ગુજરાત તેમજ ઇતર પ્રાંતોમાં પ્રતિષ્ઠિત છે. શ્રી દિલીપકુમાર રાય ને શ્રી પંકજ મલિકના પ્રિયભાજન શિષ્ય. ગુજરાતમાં 'અખિલ ગુજરાત સુગમ સંગીત સંમેલન'ના આયોજક.



શ્રીમતી નિરુપમા શેઠ

ગોંડલના દીવાન શ્રી જોશીના કુટુંબમાં જન્મ ને અભિજાત સંસ્કારસિંચન પામેલાં નિરુપમા શેઠે રેડિયો, ગ્રામોફોન, નૃત્ય તેમજ રંગમંચદ્વારા પોતાનો કંઠ રેલાવ્યો છે. શ્રી પંકજ મલિકના નિકટ સંપર્ક દરમિયાન કંઠમાધુર્યથી અને સ્વરગ્રહણશીલતાથી એમનાં કૃપા પાત્ર શિષ્યા બન્યાં. શ્રી સૌમ્યેન્દ્રનાથ ટાગોરે પણ એમની સંગીત-સૂઝ અને કંઠને બિરદાવ્યાં છે.



શ્રીમતી કનિકા બૅનરજી

બાળપણથી જ શાંતિનિકેતનમા રહેલાં. રવીન્દ્રનાથ જાતે તેમને સંગીતનું શિક્ષણ આપતા. ૧૯૪૩માં વિશ્વભારતીમાંથી હિન્દુસ્તાની સંગીત ને રવીન્દ્ર-સંગીતની પદવીઓ પ્રાપ્ત કરી અને ત્યારથી તેઓની ત્યાં જ અધ્યાપિકા તરીકે નિમણૂક થઈ. તેમના સંગીતમાં અગમ્ય સૌંદર્ય ભરેલું હોય છે. રણકાર, કંઠનું જાદુ અને ગાનમાં રહેલાં ઊર્મિનાં તત્ત્વો લાક્ષણિક છે.



શ્રીમતી સુચિત્રા મિત્ર

જાણીતા બંગાળી સાહિત્યકાર સૌરીન્દ્રમોહન મુખર્જીનાં પુત્રી. બાલ્યવયથી સંગીત-પ્રત્યે અભિરુચિ. શાંતિનિકેતનમાં રવીન્દ્ર-સંગીતનું શિક્ષણ લીધું. ૧૯૫૧માં બર્લિન યુવક મહોત્સવમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયાં હતાં. પૂર્વ જર્મની અને યુરોપના પ્રવાસે પણ એમની ગાયકીએ સંગીત-રસિયાઓનાં મન હરેલાં. કલકત્તાની 'રવિતીર્થ' સંસ્થામાં સંગીતનું શિક્ષણ આપી રહ્યાં છે.


નતાપૂર્વક ગીતો રજૂ કરતાં હતાં. આમાં અલગઅલગ રાગોની વરાગ્ની કરવા છતાં સૂરની એકવિધતા પ્રવેશી હતી તે ટાળી શકાઈ હોત.

'ઋતુરંગ'ના કાર્યક્રમમાં ગુરુદેવે રચેલાં છ યે ઋતુઓનાં અનેક ગીતોમાંથી તે તે ઋતુ-વિશેષ આઠ ગીતો ચૂંટીને રજૂ કરવામાં આવ્યાં હતાં. એની પાછળની દૃષ્ટિ કાવ્યતત્ત્વને પોષક તેમજ સૂરવૈવિધ્યને અર્થસમર્પક હતી તે બદલ શ્રી અજિત શેઠ અને શ્રીમતી નિરુપમા શેઠને ધન્યવાદ ઘટે છે. ગુજરાતમાં રવીન્દ્ર-સંગીતનાં ઉપાસકો તરીકે એ બંનેના સન્નિષ્ઠ પ્રયત્નો મહત્ત્વના છે. એમની મંડળીએ ગ્રીષ્મથી વસંત એમ ક્રમ ગોઠવી વચમાં શરદ ઋતુનાં સમગેય ગીતો રજૂ કર્યાં હતાં. એમાંનું 'આમિ ચિની ગો ચિની, તોમારે ઓગો ને વિદેશિની' એ શરદ ઋતુનું ગીત રવીન્દ્રનાથ જ્યારે અમેરિકાના પ્રવાસે ગએલા ત્યારે ત્યાં એક માર્ગદર્શિકા-પુસ્તિકા ઉપર એક સ્ત્રીની છબિ જોઈ એમને સ્ફુરેલું. આ ગીત, રવીન્દ્રનાથે મૂળે જે સૂરાંકનો પ્રયોજ્યાં હતાં તેમાં જ રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું બીજું વિશિષ્ટ અંગ એ હતું કે સ્ત્રીવૃંદ ને પુરુષ ગાયકોએ અલગઅલગ ગીતો ગાએલાં. તેમાં યે વર્ષાઋતુ વિષયક 'હૃદય મંદ્રિલ ડમરૂ ગુરુગુરુ'માં પખવાજનો ઉપયોગ તે ઋતુનું વાતાવરણ સરસ રીતે ઉપજાવતો હતો. શ્રી નીતુ મઝુમદારના આ સમગેય અનુવાદો મૂળ કૃતિનાં સૂરાંકનો અને અર્થને પૂરતો ન્યાય આપતા હતા સ્ત્રી-પુરુષોનાં સમૂહગાનમાંનું સામંજસ્ય (સિંક્રોનાઈઝેશન) પણ અભિનંદનીય હતું.

રવીન્દ્રનાથે નૃત્ય-નાટિકાઓની રચના કરી તે સારુ પણ ઉચિત સ્વરાંકનોની યોજના એમણે કરેલી. પણ પ્રશિષ્ટ નૃત્યશૈલીનો તેઓ સફળ સમન્વય કરી શકેલા નહિ. તે પ્રયોગનું નિદર્શન 'રવિતીર્થ' (કલકત્તા)એ કર્યું હતું, જે આદર્શ ન ગણાય. તેમાં સંગીત અને નૃત્યનું સામંસ્ય જળવાતું નહોતું.

આ સિવાય જાણીતાં સિને-પાર્શ્વગાયક-ગાયિકાઓએ એમની પ્રતિષ્ઠાને જેબ આપે એવી ઢબે મધુર ગીતો રજૂ કરેલાં.

ટાઉન હૉલના પ્રવેશદ્વારની સજાવટ પણ પ્રસંગની ગંભીરતાને ઉઠાવ આપે તેવી હતી. પ્રકાશ-યોજનાઓ એકંદરે ઠીક કહી શકાય. આ પ્રસંગે ગુજરાત રાજ્યના માહિતીખાતાએ એક 'સ્મરણિકા' પ્રગટ કરી છે. તેમાં કલાકારોના પરિચય ઉપરાંત ગીતો, શ્રી ભોગીલાલ ગાંધી (સંપાદક : 'વિશ્વમાનવ' દ્વૈમાસિક)નો રવીન્દ્રનાથ વિષયક અભ્યાસ-નિબંધ અને શ્રી



ડૉ. ટી. પી. લાહિડી

ઉમાશંકર જોષીનો કવિતા-વિષયક લેખ પ્રગટ થયાં છે. આ કાર્યક્રમ દરમિયાન શ્રી સૌમ્યેન્દ્રનાથ ટાગોરે રવીન્દ્ર સંગીત વિષે જે મનનીય પ્રવચન કર્યું હતું તે રવીન્દ્ર-સંગીતના વિશેષને ન્યાય્ય રીતે પ્રગટ કરતું હતું.

પૂઠા પરનું ચિત્ર

ફેબ્રુઆરી અંકના પૂઠા ઉપર નેધરલૅન્ડના જે વિખ્યાત કથા ચિત્રકારનું વૂડકટ આપેલું, એ પામ જી. રૅાઈટરની આ એક બીજી કૃતિ છે. વૂડકટ, ઇચિંગ વગેરે મુદ્રણક્ષમ કળા (ગ્રાફિક આર્ટ) વિષે લખતાં તેઓ કહે છે કે 'ચાહે તેટલા સંપૂર્ણ વૈજ્ઞાનિક કૌશલથી ઉતારેલી ગ્રામોફોન રૅકર્ડ પણ આપણને મૂળ સંગીતની સજીવતાનો આનંદ જેમ આપી શકતી નથી, તેમ યાંત્રિક મુદ્રણપદ્ધતિથી ઉતારેલી છાપની કૃત્રિમ મુલાયમતામાં આપણને કલાકારની કાષ્ઠકોતરણીમાં કે ધાતુ પર ચાલેલી સોયની છાપમાં જે બરછટ સજીવતાનો સંસ્પર્શ લાગે છે તેનું આનંદમાધુર્ય મળતું નથી.'

આજે સર્જનના ક્ષેત્રમાં મુદ્રણક્ષમ કળા પ્રસન્નપણે વિહરે છે. મોકળે હાથે કરેલી તેની ઉઠાવદાર છાપો આજે માત્ર સંપુટોમાં પુરાઇ ન રહેતાં લોકોનાં ઘરની ભીંતો પર શોભતી થઇ ગઇ છે. જાપાનને પગલેપગલે તેમાં હવે રંગોનું આયોજન પણ થવા લાગ્યું છે એટલું જ નહિ, એકબીજા મુદ્રણક્ષમ પ્રકારોની મિશ્રિત કૃતિઓ (દા. ત. વૂડકટ અને ઇચિંગનું મિશ્રણ) પણ સર્જાવા લાગી છે. વિષયનિરૂપણમાં પણ અત્યારે મોટો પલટો આવી ગયો છે. માત્ર પ્રસંગાલેખનની જે મર્યાદા હતી તે છૂટી ગઈ છે અને કલાકાર પોતાને થતી નાનાવિધ અનુભૂતિઓને ઉઠાવદાર પલટાઓ આપીને તથા અવનવી ગૂંથણીઓ રચીને, પતરું લાકડું કે પથ્થર જે ફાવે તેવી શકયતાનો લાભ લઈને અભિવ્યક્તિ કરવા લાગ્યો છે. આજે તો તેમાં કથાનક બાજુએ રહ્યું છે, અને 'શું' કહેવાનું છે તે છોડી દઇને 'કઈ રીતે' કહેવું છે તેને પ્રાધાન્ય મળવા લાગ્યું છે. 'પ્રસંગ'ને બદલે 'પ્રકાર'નું મહત્ત્વ વધ્યું છે. આનું પરિણામ એ આવ્યું કે આજની કલાકૃતિઓમાં કોઈ પણ વિષયનો 'બોધ' નહિ, પણ કેવળ રંગ રેખા અને પટ-પલટાના સમૂહોની રચના દેખાવા લાગી છે. આજના કલાકારનો ઉદ્દેશ રમણીય રેખાઓ અને ખાલી ગાળાઓને નયનરંજક ગૂંથણીથી રળિયામણો બનાવવાનો થઇ ગયો છે. પણ એ કલાકૃતિઓમાં એવી શ્વેતશ્યામ ગાળાઓની રમણાઓ નરી નયનરંજક 'ગૂંથણી' જ બની રહે એના કરતાં હૃદય અને મનને પણ સ્પર્શી રહે એવું કશુંક વ્યક્ત કરી રહેતી હોવી જોઇએ.


ફેબ્રુઆરી અંકના પૂઠા ઉપરની કૃતિમાં જેમ બાઈબલમાંની 'જોનાહ'ની કથાનું અપ્તરંગી નિરૂપણ હતું તેમ આ અંકના પૂઠા ઉપરના ભાવગ્રસ્ત 'ચહેરા'ની એક આંખમાં લાગણીની વાચા મૂકી છે, તો બીજી આંખને સ્થળે ટચુકડું પ્રસંગ-નિરૂપણ છે, જે આ ભાવોદ્રેકના કારણ રૂપ છે.

વડોદરાના કલાર્થીઓને પારિતોષિકો

મહાકવિ કાલિદાસની ભૂમિ ગણાતા ઉજ્જૈનમાં મધ્યપ્રદેશવાસીઓ કવિના સ્મરણમાં પ્રતિવર્ષ એક સમારોહ યોજે છે, જેમાંના આ વર્ષના કલાપ્રદર્શનમાં વડોદરાના કલાર્થીઓને પાંચ ઇનામો મળ્યાં છે.

આ કલા–પ્રદર્શન માટે વિષય અગાઉથી સૂચિત હોય છે. આ વખતે રઘુવંશના એકથી છ સર્ગનાં શબ્દચિત્રોને ચિત્ર યા શિલ્પરૂપે મૂર્ત સ્વરૂપ આપવાનું હતું. ઈનામો મેળવનાર કલાર્થીઓનાં નામ નીચે મુજબ છે: (૧) શ્રી જયંત પરીખ, (૨) શ્રી રજનીકાન્ત પંચાલ, (૩) શ્રી વિનોદ શાહ, (૪) શ્રી ગિરીશ ભટ્ટ, (૫) શ્રા ભૂપેન્દ્રરાય દેસાઈ. તેમની કૃતિઓ અનુક્રમે (૧) આશ્રમગમનમાર્ગ (૨) રાજાને ઉપહાર (૩) નંદિનીપૂજા (૪) ગર્ભવતી સુદક્ષિણા (શિલ્પ) અને (૫) સુરભિસેવા હતી.

અભિનંદન-પત્રો



'કુમાર'ના કલાકાર મિત્રો અને ચાહકો તરફથી નૂતન વર્ષે મળતાં સર્જનાત્મક અભિનંદન પત્રોમાં આ વર્ષની સંખ્યા અને વિવિધતામાં પણ ઠીકઠીક વધારો થયો છે. આ સૌની વધતા જતી લાગણી બદલ અમે ઘણા આભારી છીએ. (ઉપર: હરરાય દેસાઇનું બેરંગી લીનોકટ.)

દ્વિતિય અખિલ ગુજરાત સુગમ સંગીત સંમેલન ૧૯૬૧


ગયા ડિસેમ્બરમાં યોજાએલી પ્રથમ 'ગુજરાત સુગમ સંગીત સંમેલન'ને મળેલી સફળતાથી પ્રેરાઈને શ્રી અજિત શેઠ આ તા. ૧૬ અને ૧૭મી ડિસેમ્બરે પણ ભારતીય વિદ્યાભવનના સભાગૃહમાં ભારતીય કલા કેન્દ્રના સહકારથી દ્વિતિય અખિલ ગુજરાત સુગમ સંગીત સંમેલન યોજી રહ્યા છે. એમાં કવિતા અને સ્વરબંદિશને પ્રાધાન્ય અપાશે. બંને દિવસ મળીને ગુજરાતના વીસ જેટલા નામી સંગીતકારો, જાણીતા ગુજરાતી કવિઓનાં ચાળીસ ગીતો રજૂ કરશે. આ સંમેલનમાં ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને ઇન્દોરથી સર્વશ્રી રજની લાખિયા, ભાઈલાલ બારોટ ક્ષેમુ દિવેટિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, અમુભાઈ દોશી, રસિક ભોજક વગેરે સંગીતકારો ઉપરાંત મુંબાઇના સંગીતકારો પૈકી સર્વશ્રી અવિનાશ વ્યાસ નિનુ મઝુમદાર, અજિત મરચંટ, દિલીપ ધોળકિયા, મોહન જૂનિયર, સન્મુખ ઉપાધ્યાય, ભાનુપ્રસાદ ઠાકર, જયંતી જોશી, કિરણ સંપટ, જગન્નાથ ભટ્ટ, ઇન્દુકુમાર પારેખ, અહમદ દરબાર, મોહન દેસાઈ, અબ્દુલ પરમાર અને પુરુષોતમ ઉપાધ્યાય પણ ભાગ લેશે.

સંમેલનમાં ગીતોની રજૂઆત ગુજરાત તેમજ બહારના જાણીતા કંઠ-કસબીઓ થકી કરાશે. આ માટે સર્વશ્રી ઉષા ખન્ના, મીના કપુર, સવિતા બૅનર્જી, લક્ષ્મી શંકર, રાજકુમારી, મન્ના ડે, સુબિર સેન, સુલોચના વ્યાસ, નિરૂપમા શેઠ, કોકિલા જોશી, પૂર્ણિમા ઝવેરી, વીણા મહેતા, મીનુ પુરુષોત્તમ, પિનાકિન્ શાહ, આનંદ મારવાડી, સુભાષ દેસાઈ, દક્ષેશ ધ્રુવ, બદ્રીપ્રસાદ પવાર તેમજ બહારગામથી સરોજ ગુંદાણી, પુષ્પા છાયા, સુધા લાખિયા, મધુસૂદન શાસ્ત્રી ઉપરાંત અનેક કલાકારોને આમંત્રણ અપાયાં છે.





ઉપર: મગનલાલ ત્રિવેદીએ જલરંગમાં કરેલું સૌરાષ્ટ્રનું એક પાત્ર; એ જ રીતે ખભે ડાંગ લઈ જતા ગોકળીનું આલેખન બળવંત જોષીનું છે; ને પાવો વગાડતો આદમી જગદીશ સાધુએ કરેલો છે. નીચે: જયંત પરીખે કરેલું કાળી રેખામાં સોનેરી રંગભરેલું ગાડાનું આલેખન અને તેની બાજુમાં દિનેશ શાહે કરી મોકલેલું ગ્રામજીવનનું એક સુંદર નિરૂપણ છે. સૌથી નીચે પ્રથમ ભૂપત લાડવાનું આલેખન છે, એમાં પાળિયો પૂજવા આવેલા દંપતીનું, વચ્ચે ખોડીદાસ પરમારે આલેખેલું ખેડૂતનું અને છેલ્લે દેવજી વાજાએ કરેલું એમની પુત્રીનું રેખાંકન છે.















આ સમૂહમાંનાં અભિનંદનપત્રો કલામય હોઈ નયનરંજક તો છે જ; પણ એ મોકલનારાઓએ એમાં દર્શાવેલી પોતાની આગવી કલાદષ્ટિ પણ કદર માગી લે તેવી છે. સૌથી પહેલા પત્રમાં પતંગના રંગીન પાતળા કાગળોના ટુકડા જ ચોડયા છે અને જરૂરી લીટીઓ ચીતરીને આલેખન પૂરું કર્યું છે. તે પછીએ 'પંચિંગ મશીન'થી કાણાં પાડીને ચોડેલા રંગીન કાગળોનું સુંદર આયોજન છે. નીચેનું પ્રથમ કાર્ડ, ગામડામાં 'ચકલી ચોક' નામે ઓળખાતા અતિ માદીક સંપૂર્ણ ઘાસને ચોડીને બનાવ્યું છે. તે પછીના પક્ષીઓ માત્ર રંગવાળી આંગળી દાબીને જ ઉપજાવ્યાં છે.

ઉપર: મથાળે–વિનોદ શાહનું અભિનંદનપત્ર અને તેની બાજુમાં જેકીશન ચૌહાણનો નમૂનો. તેની નીચે: દિનકર પંડયાનું અભિનવ કલાદષ્ટિ દર્શાવતું કાર્ડ, બાજુમાં હકુ શાહનું સાદું છતાં વિશિષ્ટ-સુંદર આલેખન. તે પછી ઉપરનું સ્ક્રીન પ્રિન્ટ કરેલું કાર્ડ મ. ન. ક્ષત્રિયનું છે ને છેલ્લું ટચૂકડું કાર્ડ આઈ. તલાટનું છે. આ સર્વની વિગતો માટે જુઓ બ્લૉકને પડખે આપેલું લખાણ.



પ્રથમનું ફૂલડાળનું રેખાંકન ઇન્દ્ર દુગડે મોકલેલું છે. વચ્ચેનું વિહંગાદૃશ્ય એ ભૂપેન્દ્ર ખખ્ખર ને સુનીલ કોઠારીએ મોકલેલા અભિનંદનપત્ર પર માત્ર કલમના છરકાઓથી જ ઉપજાવેલું છે; ને છેલ્લે છે અનંતરાય મહેતાનું વૂડકટ.

શ્રેષ્ઠ ચિત્રકૃતિ માટે વાર્ષિક પારિતોષિક

'કુમાર'માં વર્ષ દરમિયાન પ્રકટ થતાં વિવિધ સર્જનો માટે અપાતાં પારિતોષિકોમાં 'કુમાર'ના એક ચાહક તરફથી એક નવા વિષય માટે વાર્ષિક પારિતોષિક આપવાનો પ્રસ્તાવ અમને મોકલવામાં આવ્યો છે. હાલમાં (૧) વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (કવિતા, વાર્તા, નાટિકા, નિબંધ યા લેખ પૈકી કોઈ પણ) માટે 'કુમાર ચન્દ્રક'; અને (૨) વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક નવલિકા યા નાટિકા માટે રૂ. ૩૦નું પારિતોષિક અપાય છે. તેમાં, સપ્ટેમ્બરમાં થએલી જાહેરાત મુજબ (૩) વર્ષની શ્રેષ્ઠ કવિતા માટે રૂ. ૩૦નું ને (૪) વર્ષના શ્રેષ્ઠ નિબંધ, નિબંધિકા યા અન્ય લેખ માટે રૂ. ૩૦નું એમ પારિતોષિકનો વધારો થયો હતો.

હવે વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ ચિત્રકૃતિ માટે રૂ. ૩૦નું ઉપર્યુક્ત વાર્ષિક પારિતોષિક આપવાની જાહેરાત કરતાં આનંદ થાય છે. એની શરૂઆત ઈ. ૧૯૬૨ના જાન્યુઆરીથી થશે ને સર્વશ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ તથા આ પત્રના તંત્રી તેના નિર્ણાયકો તરીકે રહેશે.

જીવનની અંતિમ પરિપૂર્તિ મરણ, તું મુજ શું બોલ,
રે મુજ મરણ તું મુજ શું બોલ.

જીવનભર તમ કાજે સ્વામી,
આંખો મુજ નિદ્રા નવ પામી,
તારે કાજે સહ્યાં મેં સઘળાં સુખદુખ, અવ તું બોલ.

જે છું, જે પામ્યો છું જગમાં, આશા જે મન મુજમાં,
અજાણતાં મુજ પ્રેમ બધો યે આવે ધસતો તુજમાં.
મિલન થઈ જાશે તુજ સાથે
એક જ તુજ શુભ દૃષ્ટિપાતે,
જીવનવધૂ નિત અનુગત બનશે, બોલ મરણ, એક બોલ.

વરણમાળ ગૂંથી રાખી છે મમ અંતર મોઝારે,
ક્યારે નીરવ હાસ્ય મુખે તું વર બની આવે દ્વારે.
ત્યાર પછી મારે ઘર શાનું?
કોને હું નિજ કે પર માનું?
વિજન રજનિમાં મળશે પતિ શું પતિવ્રતા, તું બોલ.

(મૂળ બંગાળી ઉપરથી અનુવાદક નગીનદાસ પારેખ)

O Thou the last fulfilment of life, Death, my death, come and whisper to me!

Day after day have I kept watch for thee; for thee have I borne the joys and pangs of life.

All that I am, that I have, that I hope and all my love have ever flowed towards thee in depth of secrecy. One final glance from thine eyes and my life will be ever thine own.

The flowers have been woven and the garland is ready for the bridegroom. After the wedding the bride shall leave her home and meet her lord alone in the solitude of night.



ટિકિટસંગ્રહ: હાલ નઈ દિલ્હીમાં ચાલી રહેલા બીજા ઔદ્યોગિક મેળાના પ્રસંગે ગઈ ૧૪મી નવેમ્બરે બહાર પડેલી ભારતની ૧૫ ન. પૈ.ની ટપાલ-ટિકિટ. તેમાં એક ખૂણે આપેલી તેની ધ્યાનસંજ્ઞામાં ઉદ્યોગના સૂચક ચક્રની અંદર 'ઇન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ ફેર'ના પ્રથમાક્ષરોથી કારખાનાંનાં ભૂંગળાંનું સુંદર સૂચન કરેલું છે. એ જ દિવસે 'બાળદિન' નિમિત્તની ટિકિટ પણ બહાર પડેલી જેના પર ટેકનિકલ શિક્ષણને ઉત્તેજન પ્રબોધતું યાંત્રિક સંઘાડા પર કામ કરતા કિશોરનું ચિત્ર આપ્યું છે. આ બંને ટિકિટો બાજુમાં ડાબી તરફ આપી છે. જમણી તરફની ઉપરની ટિકિટ ૨૧મી નવેમ્બરે બહાર પડેલી ભારતના જંગલ-ખાતાની શતાબ્દી નિમિત્તની છે. તેની નીચે આ ૧૪મી ડિસેમ્બરે બહાર પડેલી ભારતના પુરાતત્ત્વ ખાતાની શતાબ્દી નિમિત્તની ટિકિટ છે. જેના પર પિતલખોડાના યક્ષનું આલેખન છે. આ જ પ્રસંગની ૯૦ ન.પૈ.ની એક બીજી ટિકિટ પર કાલિબાંગણનું એક સીલ બતાવ્યું છે. (જુઓ નીચે). છેલ્લી ૪૦ પૈસાની ટિકિટ ગઈ તા. ૩૦મી નવેમ્બરે પોલીસ શતાબ્દી નિમિત્તે બહાર પડેલી પાકિસ્તાનની નવી ટિકિટ છે.





પચ્ચીસ વર્ષ પહેલાં

માગશર
૧૯૯૩
અંક
૧૫૬



વિશાળ ભાલ, આસમાની-રંગ પાછળથી પણ નિશ્ચયાત્મક બુદ્ધિનું તેજ ચમકાવતી આંખો અને વારેવારે મંદ મરક કરતા ચહેરા-વાળો એક પાતળિયો પણ મજબૂત જણાતો કુમાર આજથી પચ્ચીસ વર્ષ પર એક દહાડો કુમાર કાર્યાલયમાં આવ્યો. કવિતા(રચવા તેમજ તેમાં રાચવા)ના શોખીન એ ભાઈ દર બુધવારે રાત્રે કાર્યાલયમાં ભરાતા કાવ્ય-રસિકોના મંડળમાં તો અવારનવાર આવતા જ હતા; પણ એ બપોરે એ એક નવો બુટ્ટો લઈને આવ્યા હતા,—સાઇકલ પર કાઠિયા-વાડનો ૧૦૦૦ માઈલનો પ્રવાસ કરવાનો.

ઘણી વાતો કરી. શ્રી હરિનારાયણ આચાર્ય જેવાની સલાહસૂચનાઓ મેળવી, નકશા તૈયાર કર્યા અને ત્રણ સાથીદારો સાથે થોડા દિવસ પછી ઊપડ્યા. એ વાતને મહિનાઓ થઈ ગયા. સાથીદારોને એક યા બીજા કારણે પ્રવાસ પડતો મૂકવો પડ્યો; પણ આ દૃઢ-નિશ્ચયી કુમારે તો અનેક નાનાંમોટાં સાહસો-મુશ્કેલીઓ છતાં તે સાંગોપાગ પાર ઉતાર્યો.

એનું વિગતવાર વર્ણન નકશા વગેરે સાથે 'કુમાર'માં આપે તે પહેલાં તે ફરી ઉનાળાની એક બપોરે, બીજા એક પ્રવાસની યોજના લઇ મરકતા મરકતા આવ્યા. આ વખતે પ્રવાસ મોટો હતો: અમદાવાદથી ઉત્તર માર્ગે કાશ્મીર, સરહદ પ્રાંતો, દિલ્હી વગેરે થઈ, ઉત્તર હિંદ ભમી, દસ હજાર માઇલ પૂરા કરવાનો!

સાથીદાર પણ આ વેળા એક જ હતા. એ ભાઈ શાન્તિલાલ તો છેક લાંબે સુધી સાથમાં રહેલા. પણ અચાનક એમને પાછા ફરવું પડ્યું (અને સંજોગવશાત્ ત્યાર બાદ ઈન્ફ્લુએન્ઝાથી એમનું અવસાન થયું); પણ આમણે તો પૂર્વવત્ દૃઢ નિશ્ચયથી એ પ્રવાસ ખેડ્યે જ રાખ્યો. દિલ્હીમાં સૂર્યગ્રહણનો કુરુક્ષેત્રનો વિખ્યાત મેળો જોઇ, પંજાબ થઈ તે સરહદ પ્રાંતો પર ગયા. એ ભાગનું એમના પ્રવાસ-પત્રોમાંનું વર્ણન આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના ૧૫૩મા અંકમાં આપ્યું હતું. સિંધુ, અટક અને ખાઈબર પ્રદેશનો ખયાલ આપતા એમના પાડેલા ફોટોગ્રાફો પણ સાથે હતા.


ત્યાર પછી તો એ છાતીધડા તરુણે રાષ્ટ્રીય ચળવળમાં ઝંપલાવ્યું અને ૧૯૪૨ની 'હિંદ છોડો'ની જેહાદ વખતે બૉમ્બ બનાવતાં એમનું અકસ્માત અવસાન થયું.

સ્વાતંત્ર્યની લડતના અનેક અનામી બલિદાનો જોડે વિસ્મૃતિમાં વિલીન થઈ ગએલા એ ભાઈ નંદલાલ જોષીની વીરતાને સ્મરીને એમની તે વખતની એકમાત્ર (કાર્ટૂનરૂપ) છબિ ને એમણે ખેડેલા પ્રવાસના એક ભાગનો નકશો આ સાથે પ્રકટ કરીએ છીએ.

મહારાણા પ્રતાપનું નામ ભારતવાસીઓને જેવું ગર્વના વિષયરૂપ છે, તેવું જ એક નામ બ્રહ્મદેશના વાસીઓ પાસે પણ છે. એ દેશના નવસો વર્ષના ઇતિહાસમાં જેના સેનાપતિત્વનો જોટો જડવો મુશ્કેલ છે એવું એ નામ તે 'મહાબન્દુલા'. આજથી પચ્ચીસ વર્ષ પર 'કુમાર'માં આવેલા એમના પરિચય પછી પણ આજ સુધીમાં કશું વિશેષ પ્રકટ થયું નથી.

એ નરપુંગવ ઈ. ૧૮૧૪ના પહેલા બ્રહ્મી વિગ્રહનો સેનાનાયક હતો. વીરતા, રણદક્ષતા કાર્યક્ષમતા અને સ્વભાવે જેટલો એ ગંભીર હતો તેટલો જ દૃઢાગ્રહી હતો.

ઈ. ૧૮૦૦ પછી આસામની દશા આંતરવિગ્રહોને લીધે બહુ શોચનીય બની ગઈ. ૧૮૧૯ના આંતરવિગ્રહમાં ત્યાંના મંત્રીનું મૃત્યું થયું ને રાજા ચંદ્રકાન્તને ગાદી છોડવી પડી. બ્રહ્મી રાજા બાજીડૉએ ૧૮૧૯–૨૧માં મહાબન્દુલા અને મહાથિલ્વાને આસામ પર આક્રમણ કરવા મોકલ્યા. આ પહેલું જ યુદ્ધ હતું છતાં મહાબન્દુલાએ બ્રહ્મદેશના મધ્ય પ્રદેશો, ગીચ જંગલો ને પહાડોમાંથી માર્ગ કરી યુદ્ધમાં



…એ છાતીધડા જુવાને સાઈકલ પર કરેલા પ્રવાસના એક ખંડનો નકશો



નંદલાલ જોષી અને…



‘રે મુજ મરણ! તું મુજ શું બોલ.’

બંગાળી ‘ગીતાંજલિ’ના ૧૧૬મા અને અંગ્રેજી ‘ગીતાંજલિ’ના ૯૧મા કાવ્યને અનુલક્ષીને કવિવર રવીન્દ્રનાથના ભત્રીજા ગગનેન્દ્રનાથ ઠાકુરે કરેલું ચિત્ર



કાવ્ય-ચિત્ર (રવીન્દ્રનાથ ઠાકુર): રવીન્દ્રનાથનાં ચિત્રોનો એક બીજો પ્રકાર પોતાનાં કાવ્યોનાં લખાણમાં કે તેની આસપાસ કલ્પનાશીલ શોભનાલેખન કે સ્વપ્નિલ મનોભાવોના નિરૂપણનો છે. બગદાદમાં લખેલા એક બંગાળી-અંગ્રેજી કાવ્ય સાથેનું એવું એક ચિત્રનિરૂપણ.
(ગુજરાત રાજ્યના માહિતી ખાતાના સૌજન્યથી)

ત્યાંની અપરિચિત જાતિઓ પર વિજય મેળવ્યો. આસામ અને મણિપુરનાં યુદ્ધોમાં મળેલા આ વિજયથી રાજા બાજીડૉ પોતાને મહાન શક્તિશાળી સમ્રાટ સમજવા લાગ્યો.

૧૮૨૩માં બન્દુલાને તેણે આજ્ઞા આપી કે આરાકાન જીતી તેણે ભારતમાં ચટગાંવ ભણી આગળ વધવું ને એ રીતે બંગાળ પર વિજય પ્રાપ્ત કરી, ત્યાંના ગવર્નરને સુવર્ણશૃંખલાઓમાં જકડી તેની પાસે હાજર કરવો! આ કાર્ય પાર પાડવામાં પોતાની યોગ્યાયોગ્યતાનું ભાન બન્દુલાને હતું કે નહિ તે આપણે ન કહી શકીએ; એ તો માત્ર આજ્ઞાંકિત સેવક હતો ને આજ્ઞા મળતાં ચાલી નીકળ્યો.

આરાકાન તથા ચટગાંવનાં લગભગ બધાં યુદ્ધોમાં બન્દુલાને વિજય મળ્યો. અંગ્રેજો ને ભારતીય સિપાઇઓ બન્દુલાની સેના સાથે પહાડી પ્રદેશોમાં જોઈતો મુકાબલો ન કરી શકયા. બ્રહ્મી સૈન્યની સંખ્યા તો માત્ર ૨૦૦૦ની જ હતી, પણ તેમની દૃઢ વીરતા આગળ અંગ્રેજોને સખ્ત હાર ખમવી પડી.

ચટગાંવ જીતી બન્દુલા કલકત્તા ઊપડવાનો વિચાર કરવા લાગ્યો અને રામૂ ટાપુમાં આરામ માટે મુકામ નાખ્યો. એ જ અરસામાં ઇશાની સરહદ પર પોતાની અસફળતા જોઈ બંગાળ સરકારે નવી ચાલ રચી, જેનો બ્રહ્મીઓને સ્વપ્ને પણ ખયાલ ન હતો. એ ચાલનો સારાંશ દરિયાઇમાર્ગે રંગૂન પર આક્રમણ કરવાનો હતો. તેના પરિણામે બ્રહ્મદેશની બધી આશાઓ પર પાણી તો ફરી વળ્યું, સાથોસાથ તેના ઇતિહાસમાં યે ભારે પરિવર્તન આવી ગયું.

રંગૂનીઓને આ ચાલ દ્વારા સખ્ત શિકસ્ત આપી અંગ્રેજ સેનાએ છ માસ સુધી શહેરમાં જ ધામા નાખ્યા. દરમિયાનમાં નાનાંનાનાં છમકલાં થતાં જ રહ્યાં. બાજીડૉએ નવી સેના સાથે એક નવા સેનાપતિને મોકલ્યો, પણ તે યુદ્ધમાં ખપી ગયો. કુશળ સેનાના થતા જતા નાશ ને રંગૂન, ચડૂબા, નગરિસ ટાપુ, ટ્વાય, મરગુઈ ને તેનાસરમ જેવા હાથમાંથી ચાલ્યા જતા પ્રદેશોએ છેવટે રાજા બાજીડૉની ઊંઘ ઉડાડી ને પોતાના પ્રયોગોની નિષ્ફળતા તેને માલૂમ પડી. તેણે પોતાના બે ભાઈઓને લશ્કર આપી મોકલ્યા. એકે ડેનુવ્યૂ ને બીજાએ પીગૂમાં પડાવ નાખ્યો. આ જ એક ભૂલ હતી, કારણ શત્રુસૈન્ય તો અવિભાજિત રહેલું.

તે પછી રાજાએ બંગાળ પર ચડાઇ કરવાને બદલે સીધા રંગૂન આવવાનો મહાબન્દુલા પર હુકમ છોડયો. આજ્ઞાંકિત બન્દુલા તરત આવવા તરફ પાછો ફર્યો. આરાકાનના દુર્ગમ પહાડો ને ગીચ જંગલો મૂશળધાર વરસાદમાં સેના સહિત ઓળંગવાં એ જેવુંતેવું કામ ન હતું. નેપોલિયનનું આલ્પ્સનું ઓળંગવું પણ તેના પ્રમાણમાં કંઈ વિસાતમાં ન ગણાય. દેશભક્તિ, સ્વામીભક્તિ અને સંચાલકશક્તિભર્યો મહાબન્દુલા તરત રાજધાની આવા આવી પહોંચ્યો. ત્યાંની પ્રજાએ તેનો ખૂબ સત્કાર કર્યો. મહાબન્દુલાની આ યાત્રાની પ્રશંસા લગભગ સઘળા જ ઇતિહાસકારોએ મુક્ત કંઠે કરેલી છે. થોડા જ દિવસોમાં રંગૂનની વાયવ્યે પચાસ માઈલ પર આવેલા ડેનુવ્યૂ માટે નવી સેના ને નવી નૌકાઓ સાથે તેણે પ્રસ્થાન કર્યું.

ડેનુવ્યૂ પહોંચતાં જ તેણે સેનાનું પુનઃ સંગઠન કર્યું ને આખી સેના પોતાના એકમાત્ર અધિકાર નીચે આણી. અંગ્રેજ ઇતિહાસકારો તો એ સેના સાઠ હજારની જણાવે છે.

૧૮૨૪ના નવેમ્બરના અંત લગભગ બન્દુલાએ સૈન્ય સહિત રંગૂન તરફ પ્રસ્થાન કર્યું. શત્રુસેનાને બ્રહ્મી સેનાની પ્રત્યેક હિલચાલની ખબર પહેલેથી જ પડી જતી હતી અને એથી પંદર વીસ દિવસોમાં રંગૂનની આસપાસ બ્રહ્મીસેનાને કેટલી યે વાર હાર ખાવી પડી. છેવટ રંગૂનથી બચેલી સેના લઈ બન્દુલા ડેનુવ્યૂ પહોંચ્યો. અંગ્રેજ સેના પણ જળ ને જમીનમાર્ગે ત્યાં પહોંચી. જળસેના જનરલ કૉટનના હાથ નીચે હતી. કૉટને પહેલાં તો નાનામોટા વિજયો પ્રાપ્ત કર્યા પણ, ડેનુવ્યૂમાં એને કપરો પરાજય મળ્યો. પરંતુ જમીન સૈન્ય કૅમ્પબેલની સરદારી હેઠળ હતું તેને તરત ડેનુવ્યૂ બોલાવી લેવામાં આવ્યું. ૨૫મી માર્ચે બધી અંગ્રેજ સેના એકત્ર થઈ ગઈ.

ડેનુવ્યૂનો કિલ્લો દુર્ભેદ્ય ગણાતો. એનો મોરો તોતિંગ દીવાલનો બનેલો હતો. ૧૫-૧૭ ફૂટ ઊંચી અને ૫૦-૮૦ ફૂટ પહોળી એ દીવાલ પાછળ ઈંટોની બીજી દીવાલ હતી અને તેની પાછળ ઊંડી ખાઈ હતી. બન્દુલાએ કિલ્લાના એ મોરા પર મોરચો નાખ્યો. થોડા દિવસો સુધી સાધારણ લડાઈ ચાલી પણ પહેલી એપ્રિલની સવારે મહાબન્દુલા એક અધિનાયકને સૂચનાઓ આપી રહ્યો હતો ત્યાં જ એક રૉકેટ એ બ્રહ્મી વીરને લાગ્યું ને એ જ ક્ષણે એનો અંત આવી ગયો. એનો અગ્નિસંસ્કાર પણ એ જ સ્થળે કરવામાં આવ્યો. સૈનિકો કાબૂની બહાર ગયા ને નાસભાગ થઈ રહી. બ્રહ્મદેશની સહેજ ચડતી કળા પણ મહાવીર મહાબન્દુલાના અવસાનથી આમ અસ્તપદે પહોંચી. જો તેનું અવસાન ન થયું હોત તો બ્રહ્મી વિગ્રહનું જે પરિણામ આવ્યું એ જ આવત કે કેમ એ એક શંકા હતી. બાજ સામે લડવા નીકળેલાં ચલ્લિયાં કરતાં તેની સેનાની યોગ્યતા વધુ ન હતી. છતાં એ એટલી યોગ્યતાથી પણ તેણે જેટલું કામ કર્યું ને જે વીરગતિ મેળવી તે વીરશિરોમણિઓની સૂચિમાં તેનું નામ કાયમ બેસાડે છે. (વ્રજમોહન વર્મા)

અનુસંધાન] **અરુપરુ અજવાળાંની છેલ્લી માયા** [પૃ. ૪૪૯થી

કંઈ જોવા જેવું હોય તો તે જોવામાં ગાળ્યો. મેરીઆટ્ટાએ યોધકુટુંબ વિષે ઘણી વાતો કરી. ડૉક્ટર યોધ સિવાય એ એમના આખા કુટુંબને મળી હતી, એટલે અમને કોઈના ગુણદર્શનની પોથી ઉકેલવામાં આનંદ આવ્યો. સરોજબેન અને એમની નાની દીકરી નિયતિ અહીં હેલસિન્કીમાં રહી ગએલાં. એમણે ભેટ કરેલી વસ્તુઓ મેરીઆટ્ટાએ કાઢીને બતાવી, અને સાંજે સાતથી બાર વાગ્યા સુધી અમે ત્રણે અદ્વિતીય એવા અરૂપરુ અજવાળાથી પથરાએલી આહ્લાદક રાત માણવામાં ગાળી. જમ્યાં બહાર, સાગરના ખોળામાં ઝબોળાતા એવા એક રેસ્ટોરાંમાં; ફર્યાં બહાર, ધરતીને કિનારે પથરાએલી ઊંચાં ઝાડની ઝાલરની પગથારમાં ચાલતાં ત્યાંની અનિર્વચનીય શાંતિમાં સંસ્મરણોને વાગોળતાં. ઈવાને આજે સોમની રાત હોવાથી નાટક નહોતું, એટલે એને નિરાંત હતી. અળગા રહી સૂરજ-પાથર્યા આ અદ્ભુત સૌન્દર્યના દૂધાળા ચંદરવામાં ફરવાની અલૌકિક મજા માણી. મધરાત પછી ત્રણે એકબીજાથી છૂટાં પડતાં, ફરી પાછાં કયારેય નથી મળવાનાં છતાં ઠગારી આશામાં મલકતાં આખરે દુઃખની લાગણી અનુભવી.

સવારે વહેલા ઊઠીને બૅગ ભરવી, એના કરતાં રાત્રે આમેય ઊંઘ આવવાની નથી એમ ગણી એ ઠંડીમાંયે બારી ખુલ્લી રાખી સૂરજની એ રળિયામણી પ્રભા જોતાંજોતાં જ વહેલી પ્રભાતે જવાની તૈયારી પૂરી કરી પથારીમાં પડયો. છેતરપીંડીનું નહિ પણ સવારનું ખરેખરું અજવાળું ખીલવા માંડયું, અને વજન કરાવી એર ટર્મિનસ ઉપર જવા બસમાં બેસવા બહાર પડું છું ત્યાં તો મસમસ રાતાં ગુલાબનો ગુચ્છો હાથમાં લઈ મેરીઆટ્ટા વિદાય આપવા આવી ઊભી છે! બસને ઍરોડ્રોમ ઉપર જતાં પંદરેક મિનિટની વાર હતી એ અમે મૂગામૂગા પસાર કરી. આખરે હેલસિન્કી અને મેરીઆટ્ટાની વિદાય લીધી. (ચાલુ)



લેખક · સુરેશ મોદી

શરૂઆતની કેટલીક ચાલનો પરિચય આપણે આગળ કર્યો. હવે એવી જ બીજી વધુ ચાલનો અભ્યાસ કરીએ.

(૩) સિસિલીઅન ડિફેન્સ
(Sicilian Defence)

લાક્ષણિક ચાલ:

1. P–K4, P–QB4.

લાક્ષણિક સ્થિતિ: (જુઓ આકૃતિ અ)

1 P–K4, P–QB4. આજકાલ સ્પર્ધાઓમાં રમાતી આ અત્યંત લોકપ્રિય શરૂઆત છે. તેનાથી મધ્યનો અર્ધો જ કાબૂ રહે છે. આ પદ્ધતિમાં બૉર્ડ બે ભાગમાં વહેંચાઈ જાય છે. સફેદનો હુમલો રાજાના ભાગ તરફ રહે છે. જ્યારે કાળાનો હુમલો વજીરના ભાગ તરફ રહે છે.

2 N–KB3. હમેશ મુજબ આ એક સારી ચાલ જ છે. P–Q4 રમવા માટેની તૈયારી રૂપ પણ ગણાય.

2..., P–Q3. અહીં N–QB3 પણ રમાય છે, પણ તેમાં સફેદ Richter Rauzer Attack (3 P–Q4, P×P. 4N×P, N–B3. 5N–QB3, P–Q3. 6B–KN5, P–K3. 7 Q–Q2, B–K2. 8 O–O–O, B–Q2. 9 P–B4) રમી શકે, જે સફેદને માટે સારો ગણાય છે. તેથી આજકાલ 2..., P–Q3 વધુ લોકપ્રિય છે.

3. P–Q4, P×P. 4N×P.

અહીં વજીરથી પ્યાદું ન મરાય, કારણકે 4Q×P પછી N–QB3 અને સફેદને વજીર ખસેડવામાં સમય બગાડવો પડે.

4..., N–KB3. એક જરૂરી ચાલ. અત્યારે P–Q4 રમી શકાય તેમ નથી, પણ આગળ ઉપર ચાલવાની શક્યતા રાખવા માટે 5N–QB3. KPના રક્ષણ માટેની ઉત્તમ ચાલ.

5..., P–KN5. સિસિલીઅન ડીફેન્સનું સૌથી લોકપ્રિય Dragon Variation. હવે તે ઊંટને KN2 ઉપર ચાલવા ઇચ્છે છે, જ્યાંથી તે બૉર્ડની મોટી ત્રાંસી (Diagonal) હારનો કાબૂ મેળવી શકે.

6 B–K2. અહીં સફેદ પણ P–KN3 અને પછી B–N2 રમી શકે.

6..., B–N2. 7 O–O, O–O.

8 N–N3, કાળાના P–Q4ને અટકાવવા વજીરની પંક્તિ ખોલી.

8..., N–B3. 9 P–B4. રાજા તરફના હુમલાની તૈયારી.

9..., P–QR3 કાળાને વજીર QB2 ઉપર લાવવો છે. ત્યાંથી તેને સફેદ ઘોડો QN5 ઉપર આવીને ખસેડી ન શકે માટે.

10 B–B3, Q–B2. (જુઓ આકૃતિ બ)

સફેદને રાજાના ભાગ તરફ હુમલો કરવાની તક છે તો કાળાને ખુલ્લી QB પંક્તિ ઉપરથી વજીરના ભાગ તરફ હુમલો કરવાની તક છે. સ્થિતિ લગભગ સરખી ગણાય.

(૪) ક્વીન્સ ગૅમ્બિટ ડિક્લાઈન્ડ
(Queen's Gambit Declined)

લાક્ષણિક ચાલ:

1 P–Q4, P–Q4.

2 P–QB4, P–K3 કે P×P સિવાય બીજી કોઈ ચાલ.

લાક્ષણિક સ્થિતિ: (જુઓ આકૃતિ ક)

1 P–Q4.

P–K4ની જેમ આ ચાલથી પણ મધ્યના એક ખાના K5 ઉપર તેમજ QB5 ઉપરનો કાબૂ મળે છે.: P–K4થી જેમ વજીર, રાજા અને ઊંટને ચાલવાનો માર્ગ ખુલે છે તેમ અહીં વજીર અને વજીરના ઊંટનો માર્ગ ખુલે છે. વળી, QB5નો કાબૂ હોવાથી કાળાનો ઊંટ ત્યાં આવીને સફેદના KB2 ઉપર હુમલો ન કરી શકે. આવા કારણોને લીધે P–Q4વાળી શરૂઆતની પદ્ધતિને બંધ પદ્ધતિ કહે છે અને બંને પક્ષ P–K4 રમે તેને ખુલ્લી પદ્ધતિ કહે છે.

1..., P–Q4. તે જ કારણે.

2 P–QB4

કિંગ્સ ગૅમ્બિટની જેમ અહીં પણ કાળાના Q4 ઉપરના પ્યાદાને ત્યાંથી ખસેડવાનો આ ચાલનો હેતુ છે. અને ન ખસે તો તેના ઉપર દબાણ લાવવાનો.

ખરી રીતે જોતાં આને ગૅમ્બિટ જ કહી શકાય કારણ કે સફેદ ધારે તો તરત જ પ્યાદું પાછું મેળવી શકે છે. દા. ત. 2..., P×P.

3 Q–R4 Ch. અને પછી 4 Q×P.

કિંગ્સ ગૅમ્બિટની જેમ અહીં પણ કાળો પ્યાદું મારી શકે છે, પણ પછી તેને વળગી ન રહેતાં યોગ્ય સમયે પાછું આપી દેવું જોઇએ. પ્યાદું ન મારવાની પદ્ધતિ જ વધુ પ્રચલિત હોવાથી આપણે તે જ અહીં જોઈશું.


આ પદ્ધતિ સૌથી વધુ પ્રચલિત પદ્ધતિઓમાંની એક છે અને તેથી તેનો ઘણો ઊંડો અભ્યાસ થયો છે. વળી તેની પેટા પદ્ધતિઓનો (variations) પણ એટલો અભ્યાસ થયો છે કે આ પદ્ધતિને હવે સમાન પદ્ધતિઓનો એક સમૂહ પણ કહી શકાય.

2..., P–K3


પ્યાદાના રક્ષણ માટે સૌથી વધુ લોકપ્રિય ચાલ 2... N–KB3 સારી ચાલ નથી. કારણ કે 3 P×P પછી જો N×P રમે તો 4P–K4 અને જો Q×P રમે તો 4N–QB3થી અનુક્રમે ઘોડા અને વજીર ઉપર હુમલો કરે. કાળાને તેને બચાવવા સમય બગાડવો પડે.

આ ચાલનો ગેરફાયદો એ છે કે તે કાળાના QBનો માર્ગ રૂંધે છે. 2..., P–QB3 પણ ઘણી રમાય છે. આપણે એવી એક પેટા પદ્ધતિ પણ ટૂંકમાં છેલ્લે જોઈશું.


3 N–QB3. કાળાના QP ઉપર દબાણ લાવીને ઘોડાને મધ્યમાં લાવતી સુંદર ચાલ.




અ 1..., P–QB4 પછી



બ 10—Q–B2 પછી



ક 2..., P–K3 પછી



ડ પરિસ્થિતિ સરખી છે.

3…N–KB3. QPનું રક્ષણ કરતી અને ઘોડાને મધ્યમાં લાવતી સુંદર ચાલ.

4 B–N5. આ ચાલથી તે 5B×N, Q×B.6P×P,P×P.7N×Pથી પ્યાદું જીતવાની ધમકી આપે છે. વળી, 5…, P×Bથી કાળાનાં પ્યાદાંની રચના ખરાબ થઈ જાય.

4…, QN–Q2.

ઘોડાના રક્ષણ માટે બે સારી ચાલ છે, એક આ અને બીજી B–K2. પણ આ ચાલમાં એક છૂપી જાળ છે. જો સફેદ 5P×P,P×P 6N×Pથી પ્યાદું જીતવા જાય તો તે એ જાળમાં ફસાઈ જાય. જુઓ આગળ 6…N×N! 7B×Q,B–N5 Ch. 8 Q–Q2, (તે સિવાય બીજો રસ્તો જ નથી), B×QCh. 9K×B, K×B, ને પરિણામે કાળાને પ્યાદાના બદલામાં ઘોડો મળ્યો.

5P–K3. અત્યાર સુધી QBPને રક્ષણ ન હતું; હવે ઊંટનું રક્ષણ મળી ગયું.

5…, B–K2. હવે ઘોડાને ત્યાંથી ખસવાની છૂટ મળી.

6 N–B3,O–O.

7 R–B1. આ પદ્ધતિમાં વહેલી મોડી પણ આ પંક્તિ ખુલે જ છે અને હાથી ખુલ્લી પંક્તિઓ પર સૌથી વધુ અસરકારક નિવડે છે.

7…, P–B3. QPના વધુ રક્ષણ માટે. 8B–Q3. મધ્યના કાબૂમાં વધારો કરતી એક સુંદર ચાલ.

8…, P×P.

અત્યારે સફેદની મધ્ય ઉપરની પકડ મજબૂત છે અને તેના મ્હોરાં વધુ સક્રિય છે. આ પરિસ્થિતિનો તે લાભ લઈ શકે તે પહેલાં કાળો તે સક્રિય મ્હોરાંને તેટલી જ કિંમતના પોતાનાં ઓછાં સક્રિય મ્હોરાંના બદલામાં મારીને પરિસ્થિતિનું સમતોલપણું જાળવી શકે તેમ કરવામાં આ પહેલું પગથિયું છે. હવે પછીની બે-ત્રણ ચાલ પણ તે કારણે જ રમાય છે.

9 B × P, N–Q4. 10 B × B,Q × B. 11 O-O, N × N. 12 R × N.


પ્યાદાથી ન મારતાં હાથીથી મારવાનું કારણ એ છે કે તેને રાજા તરફ લઈ જઈ શકાય. જ્યાં તે હુમલામાં ભાગ લઈ શકે.

12…, P–K4. કાળાની બીજી ચાલ વિષેની નોંધમાં આપણે જોયું હતું કે તેથી તેનો QB અંદર પુરાઈ રહે છે. આ ચાલથી તેનો માર્ગ હવે ખુલ્લો થઈ ગયો. વજીરના પ્યાદાવાળી શરૂઆતની પદ્ધતિઓમાં કાળો જો તેના QBને છૂટો કરી શકે તો તેનું પછીનું કાર્ય ઘણું સહેલું થાય છે. (જુઓ આકૃતિ ઙ)

પરિસ્થિતિ સરખી જ ગણાય.

હવે 2…, P–QB3 વાળી એકાદ પેટા પદ્ધતિનો નમૂનો ટુંકાણમાં જોઇએ. આ પદ્ધતિને Slav defence કહે છે.

1 P–Q4, P–Q4; 2 P–QB4, P–QB3; 3 N–KB3, N–B3; 4 N–B3, P×P; 5 P–QR4, B–B4; 6 N–R4, P–K3; 7 N × B, P × N; 8 P–K3, QN–Q2; 9B × P; N–N3; 10 B–N3, B–Q3; 11 Q–B3, P–N3; 12 P–R3, P–KR4.=. (પરિસ્થિતિ સરખી છે તેમ દર્શાવવા આ '=' નિશાની વપરાય છે.)



12…, P–KR4 પછીની પરિસ્થિતિ.

આ માસની ત્રીજી તારીખથી અઢારમી તારીખ દરમિયાન હૈદરાબાદમાં રાષ્ટ્રીય શતરંજ ટુર્નામેન્ટ રમાઇ રહી છે. ગુજરાત રાજ્યના ચાર ખેલાડીઓ તેમાં ભાગ લઈ રહ્યા છે. હવે પછીના શતરંજના હપ્તામાં આને વિષેની વધુ માહિતીઓ પણ પ્રકટ કરવાની ધારણા રાખીએ છીએ.

શતરંજ-બાગ

પશ્ચિમ જર્મનીના હેમ્બર્ગ શહેરના એક ઉદ્યાનમાં અલાયદો ખાસ વિભાગ છે કે જ્યાં ૨૫ ચોરસવારના વિસ્તારમાં કાળા અને સફેદ આરસની તકતીઓ બેસાડીને શતરંજનું જમીન પર એક વિશાળ બૉર્ડ બેસાડેલું છે. ત્રણ ત્રણ ફૂટ ઊંચાં લાકડાંનાં મ્હોરાં પણ ત્યાં રાખ્યાં છે. જર્મનીના વિખ્યાત શતરંજ-પટુઓ અહીં ઘણી વાર રમવા આવે છે ત્યારે બાગમાં ફરવા આવેલા લોકો આ શાહી રમત જોવા ટોળે વળે છે. —ઇન્દ્રા

શતરંજના ચાહકો માટે એક ભેટ આ અંકમાં મૂક એ જોઈ ?

'દેહવૃત્તિ માટે (દેહને ટકાવવા માટે) જેવી રીતે આહાર સુખકર માન્યો છે તે જ રીતે નિદ્રા પણ સુખકર માની છે. સ્થૂલતા તથા કૃશતા ખાસ કરીને નિદ્રા-ને આહારથી ઉત્પન્ન થાય છે.' (ચરક)

નિદ્રાની મહત્તાનું માર્મિક વિવેચન ચરકે સૂત્રસ્થાનના ૨૧મા અધ્યાયમાં વિસ્તારથી કર્યું છે. સુખ-દુઃખ, પુષ્ટિ-કૃશતા, બલ-અબલ, પુરુષાતન-નપુંસકતા, જ્ઞાન-અજ્ઞાન તથા જીવન અને મરણ निद्रायत्तम् (નિદ્રાને અધીન) છે એમ ચરકે કહ્યું છે. સમ્યક્ નિદ્રા શરીરને સુખ અને આયુષથી યુક્ત કરે છે. આથી આયુર્વેદે નિદ્રાને દેહવૃત્તિ ને દેહસ્વાસ્થ્ય માટે અનિવાર્ય માનેલી છે. દેહમાં મન અધિષ્ઠિત હોઈ દેહ દ્વારા મનનું સ્વાસ્થ્ય પણ સચવાઈ જાય છે.

આખો દિવસ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સતત કર્મશીલ હોય છે. મન ઉભયાત્મક ઇન્દ્રિય છે. એ પણ સતત ઉદ્યોગશીલ હોય છે. એટલે શ્રમિત થએલી ઇન્દ્રિયો અને મનને આરામ મળવો જ જોઈએ. પ્રવૃત્તિશીલ શરીર પણ આરામની અપેક્ષા રાખે છે. નિદ્રાથી એ સર્વને આરામ મળે છે, એટલું જ નહિ પણ દિવસ દરમિયાન શારીરિક ને માનસિક ચેષ્ટાઓથી થતો સ્નિગ્ધ ધાતુઓનો ક્ષય પણ અટકે છે. આથી નિદ્રાને કારણે શરીરમાં કફની વૃદ્ધિ થાય છે. કફ શરીરને પુષ્ટિ અને બલ આપનાર છે. આથી જ નિદ્રાને પુષ્ટિ અને બલનું કારણ માનવામાં આવી છે. વળી ઇન્દ્રિયોને સંતર્પણ કરવાનું કામ પણ કફનું છે. એટલે નિદ્રાને કારણે ઇન્દ્રિયોને આરામ અને સ્નિગ્ધતા બંને મળે છે. સવારે નિદ્રાત્યાગ પછી અનુભવાતાં ઉત્સાહ ને સ્ફૂર્તિ આ હકીકતનાં સૂચક છે. આયુર્વેદે નિદ્રાને 'ભૂતધાત્રી'— પ્રાણીઓનું પોષણ કરનાર—કહી છે.

નિદ્રાના પ્રકાર

આચાર્ય ચરકે સાત જાતની નિદ્રાનું નિરૂપણ કર્યું છે. એ સાતેનું નિરૂપણ વિસ્તારભયે અહીં શક્ય નથી; પણ તમોગુણના આધિક્યથી આવતી નિદ્રા તો મનની જડતાને સૂચવે છે. શરીરમાં કફ જરૂર કરતાં વધી ગયો હોય એવા માણસો પણ દિવસ-રાત ઊંઘથી ઘેરાએલા જડસદશ જોવા મળે છે. ટૂંકમાં નિદ્રામાત્રને જીવનપ્રદ માનવાની નથી. પણ રાત્રિના સ્વભાવથી ઉત્પન્ન થનારી પ્રાકૃત નિદ્રા જ ભૂતધાત્રી છે. બીજી સર્વ નિદ્રાઓ રોગસૂચક છે. ચરકે રાત્રે આવતી સ્વાભાવિક નિદ્રાને रात्रिस्वभावप्रभवा કહી છે.

રાતનો ઉજાગરો ને દિવસની ઊંઘ

રાત્રિનો ઉજાગરો રુક્ષ છે. વાયુનો મુખ્ય ગુણ રુક્ષ છે. એટલે રાતે ઉજાગરા કરનારનું શરીર રુક્ષ બની જાય છે. પરીક્ષાના છેલ્લા દિવસોમાં રાતોની રાતો ઉજાગરા કરનાર વિદ્યાર્થીઓના મુખ પરથી ઓજસનો નાશ થાય છે, ચામડી શુષ્ક થઈ જાય છે, વાયુને કારણે મોઢા પર કાળાં ધાબાં પડી જાય છે, ચિત્ત ચંચળ બની જાય છે અર્થાત્ એકાગ્રતા રહેતી નથી. આમ, રાત્રિનો ઉજાગરો સર્વથા નિષિદ્ધ છે. રાત્રિના ઉજાગરાઓનો અતિચાર થઈ જવાથી ક્વચિત્ વાયુના અતિશય પ્રકોપને કારણે લકવાનો હુમલો થતો પણ જાણ્યો છે.

દિવસની નિદ્રા કફનો પ્રકોપ કરનારી હોઈ એનો પણ નિષેધ છે. જોકે બપોરે જમ્યા પછી થોડો સમય ઊંઘ લેવાની જેમને ટેવ હોય અને દિવસની ઊંઘ સાત્મ્ય થઈ ગઈ હોય એમને દિવાસ્વપ્નની છૂટ છે. તે સિવાય શ્રમિત, કૃશ, વૃદ્ધ વગેરેને પણ દિવસે સૂવાની છૂટ છે. ગ્રીષ્મ ઋતુમાં સૌ કોઇને બપોરે સૂવાની છૂટ આપી છે, કેમકે ગ્રીષ્મમાં સૂર્ય શરીરની સ્નિગ્ધતાનું અતિશય શોષણ કરી લે છે એથી પ્રાણીઓનું બળ ઘટે છે. દિવસની ઊંઘથી કફની વૃદ્ધિ થતી હોઈ સ્નિગ્ધતાની પૂર્તિ થાય છે.

રાત્રે જેને નછૂટકે ઉજાગરો કરવો પડયો હોય એમને પણ દિવસે ઊંઘ લેવાથી આરામ અને સ્નિગ્ધતા મળી જાય છે.

જેમનું શરીર કૃશ રહેતું હોય તેઓ ગ્રીષ્મ ઋતુમાં અને અન્ય ઋતુઓમાં બપોરે બેત્રણ કલાક ઊંઘ લે, અશ્વગંધાના ચૂર્ણનું સેવન કરે અને બપોરના ભોજનમાં તક્રનું સેવન કરે તો શરીર પુષ્ટ થાય છે. શરીરપુષ્ટિમાં નિદ્રા ચમત્કારિક કામ કરતી જોઈ છે. સાથેસાથે એ પણ કહી દઉં કે મેદસ્વી પુરુષનો મેદ વધ્યા જ કરતો હોય, આહારમાં પરિવર્તન કરવા છતાં ધાર્યો લાભ થતો ન હોય તો સમજવું કે એમને બપોરે ખાધા પછી ઊંઘ્યા વગર ચાલતું નથી. મેદસ્વી સ્ત્રી-પુરુષે દિવસની ઊંઘનો ત્યાગ જ કરવો જોઇએ; નહિ તો મેદની ઝપાટાભેર વૃદ્ધિ થશે અને શરીરને ચૈતન્ય વગરનું અદોદરું બનાવી દેશે. **લાભશંકર ઠાકર**

અજમાવી જોજો

બે આનીભાર સૂંઠનું ચૂર્ણ લઈ થોડા ઘીમાં ગરમ કરવું અને એની અંદર થોડો ગોળ વાટીને નાંખવો. શરદી કે કફ થાય ત્યારે થોડા દિવસ આ પ્રમાણે લેવું. કફ પાકીને નીકળી જશે.

આંખે ત્રિફળા દાંતે લૂણ,
પેટ ન ભરીએ ચારે ખૂણ.

અઠ્ઠોતેરની ઉંમરના એક મુરબ્બી મળી ગયા. એમની આંખોનું નૂર ને દાંતની બત્રીસી એ આઠ દસકાની ઉંમરે પણ અકબંધ હતાં. આવા તંદુરસ્ત દીર્ઘાયુનું રહસ્ય પૂછતાં એમણે પોતાના વડીલ પાસેથી સાંભળેલી (ને જીવનભર પોતે આચરેલી) ઉપરની ચોપાઈ કહી: રાત્રે પલાળી રાખેલું ત્રિફળા (હરડે, બેડાં, આમળાં)ના અધકચરા ભૂકાવાળું પાણી ગાળીને તેની હળવી છાલકો વડે આંખ ધોવી; એરંડિયાના તેલમાં ઝીણી ચપટી મીઠું મિલાવી દાતણના મુલાયમ કૂચા વડે તે એકેએક દાંત તથા પેઢા પર પોચે હાથે ઘસવું; ને રોજ અધૂરે પેટ જમવું. એમણે કહ્યું કે એક આ છેલ્લી બાબત જ ચુસ્તપણે પાળવામાં આવે તો પણ સૌ દીર્ઘાયુષી થાય. 'આપણે બધા વધારે ખાઈને મરીએ છીએ.' વિશેષમાં એમણે બે બીજા નુસખા બતાવ્યા: મહિનામાં બે અગિયારશોના 'નક્કોરડા' ઉપવાસ કરવા; અને મનને સદા પ્રસન્ન રાખવું. 'પેલા કુંભારની માફક ચિંતાને ચાકડે બાંધી રાત્રે સુખની નિદ્રા લેવી.'

સૂકો મેવો

સૂકો મેવો એ એક જાતનો સર્વોત્તમ ખાદ્ય પદાર્થ છે. સ્વાસ્થ્ય સુધારવાની ઇચ્છાવાળાઓ, આહાર સુધારણાવાળાઓ ને વનસ્પતિ-આહારીઓ—બધા માટે તે ઉત્તમ આહાર છે.

સૂકો મેવો સ્વાદિષ્ટ છે, શક્તિપ્રદ છે, સર્વ પ્રકારનાં આહારોપયોગી તત્ત્વોથી પરિપૂર્ણ છે. મગફળી જેવી સોંઘામાં સોંઘી અને બદામ જેવી મોંઘામાં મોંઘી ચીજનો સૂકા મેવામાં સમાવેશ થાય છે. મગફળીમાં સ્નેહ ને પ્રોટીનનું પ્રમાણ બહુ સારું છે, ને 'ઇ' વિટામિન છે. ગરીબો માટે આ એક આશીર્વાદ તુલ્ય છે. મગફળી ને ગોળ ખાઇને સખત મજૂરી કરનાર મજૂરો પોતાની શક્તિ સારીપેઠે સાચવી શકે છે અને અસરકારક કામ કરી શકે છે. વળી વિટામિન 'બી-૧'નું ઉત્તમ સાધન છે. બદામમાં સ્નેહ ઉપરાંત ઉત્તમ પ્રકારનું કૅલ્શ્યમ ને લોહ તેમ વિટામિન 'બી ૧' સારા પ્રમાણમાં છે.

મગફળી, બદામ, પિસ્તા, ચારોળી, આલુ, અખરોટ, મુનક્કા દ્રાક્ષ, કિસમિસ, ખજૂર ને થોડો મિલ્ક પાઉડર—આ બધાને બારીક વાટી બનાવેલી નાની લાડુડીઓ બાળકો માટે ઉત્તમ ટૉનિક છે. તેમનાં ઊગતાં શરીર માટે જે જોઇએ તે આમાંથી મળી રહેશે.

('ભિષગ્ ભારતી'માં શ્રી બાપાલાલ વૈદ્ય)



માધુકરી

નૂતન વર્ષે

સંહાર કોટિ જીવનો થઈ જાય એવા
યુદ્ધે પ્રચંડ ગજની લઘુ ઘંટડીથી
રક્ષાય સ્વલ્પ ખગશાવક, સંવિધાન
શ્રદ્ધેય એ નિયતિનું અમ જીવને હો. —હેમન્ત દેસાઈ

દરિયાનો દાનવ–કાઉન્ટ લ્યુકનેર


ઈ. ૧૯૩૦માં 'કુમાર' (અંક ૮૦, ૮૧ અને ૮૨)માં સ્વ. 'સુકાની'એ આલેખેલી પ્રથમ વિશ્વયુદ્ધ વેળાની એક સત્ય સાગરકથા 'દરિયાનો દાનવ'નો નાયક કાઉન્ટ ફેલિક્સ લ્યુકનેર આજે ૮૦ વર્ષની પાકી ઉમરે પહોંચ્યો છે. પણ આપણે ત્યાં 'જૈફ' ગણાતી આ વયે પણ એની તાકાત જરાયે ઓસરી નથી. તેર વર્ષની વયે ઘર ને શાળા છોડી તે ફિલેક્સ લ્યુડેકને નામે એક બરછામાં નોકરી લઈ ઑસ્ટ્રેલિયા પહોંચ્યો. ત્યાં એક ફરતા સરકસમાં કામ કર્યું. ત્યાંથી અમેરિકા જતા એક જહાજમાં નોકરી લઈ પોતાના માનીતા વીર 'બફેલો બિલ'ને જોવા એ છેક કોલોરાડો પહોંચ્યો. આજીવિકા અર્થે ન્યૂ યૉર્કની હોટેલોમાં રકાબીઓ ધોઈ; ખેલાડી તરીકે નસીબ અજમાવ્યું; અમેરિકન લખપતિ વૅન્ડરબિલ્ટનો માળી પણ બન્યો અને આખરે પાછો જર્મની આવી વ્યાપારી વહાણનો માલમ થયો. અને તેમાં પોતે અનેકના જાન બચાવવા જે સાહસો ખેડેલાં તેની ગુણવત્તાના જોરે કોઈ પણ જાતની જરૂરી પરીક્ષાઓ આપ્યા વિના જર્મન નૌકાદળમાં અફસર બની ગયો! ને મૂળ નામ ફૅલિક્સ લ્યૂકનેર તરીકે તે જીવવા લાગ્યો!

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે એક સામાન્ય નૉર્વેજિયન બરછાના ઓઠા હેઠળ દુશ્મનોની અભેદ્ય દરિયાઈ કિલ્લેબંદીમાંથી છટકી એણે મહાસાગરોમાં એકલે હાથે, ને પોતાના સિદ્ધાંત અનુસાર પોતે ડૂબાડેલાં અસંખ્ય યુદ્ધ-જહાજોમાંના એક પણ માણસનો જીવ લીધા વિના જે હાહાકાર મચાવી મૂકેલો(જેનું નિરૂપણ 'દરિયાનો દાનવ'માં કરેલું છે)એની તો એના કટ્ટા દુશ્મનોએ પણ બે મોઢે પ્રશંસા કરી છે. એના એ સિદ્ધાંત માટે તો જગતની અનેક સ્ત્રી-સંસ્થાઓ ને માતૃસંસ્થાઓએ પણ એને નવાજ્યો, અને ખ્રિસ્ત-સમ્રાટ પોપે એને ખાસ રોમ બોલાવીને બહુ ઊંચા દરજ્જાનો લૅટિન ઈલ્કાબ (જેનો અર્થ 'પરમ દયાળુ વીર' થાય છે તે) આપ્યો.

'સ્ત્રી-દાક્ષિણ્ય' અને 'શુદ્ધ ભાવના'ના મુદ્રાલેખ હેઠળ કાઉન્ટે જર્મની માટે દુનિયાભરમાંથી અનેક મિત્રો મેળવ્યા છે. બે વિશ્વયુદ્ધ વચ્ચેના ગાળામાં શાંતિના પ્રચારાર્થે અને આંતરરાષ્ટ્રીય સમભાવના કેળવવા માટે પોતાના ટચૂકડા જહાજમાં હજારો માઇલની સફર એણે ખેડી છે. જ્યાં જ્યાં એ ગયો ત્યાં ત્યાંથી પોતાની ગજબ તાકાત અને બુલંદ અવાજ વડે તેણે ચાહના અને સફળતા મેળવી છે.

પોતાની યુવાવસ્થામાં ન્યૂયૉર્કમાં જે વૉલ્ડૉર્ફ-આસ્ટોરિયા હૉટેલમાં પોતે બારણાંનાં હૅંડલ અજવાળવાનું કામ કરેલું ત્યાં જ આજે કીર્તિની ટોચેથી હમણાં એણે બોલતાં કહેલું કે 'જગત આખાનાં હૃદયનાં દ્વારનાં હૅંડલ આપણે એવાં અજવાળીએ કે જેથી લોકોમાં કાટ ખાઈ ગએલાં વિશ્વાસ અને વિવેક ફરી ચળકી ઊઠે.' આજે ૮૦ વર્ષે તે નીચેનો સંદેશો આપે છે: 'ઈશ્વરના રહસ્યમય સાગરમાં તરતા એક જહાજ તરીકે આપણે જગતનો વિચાર કરીએ. એ જહાજના મુસાફરો તરીકે આપણામાંના બધા ગોરા, કાળા અને પીળા સૌ કોઈ આજે, વિવિધ વિચારપ્રવાહો અને ટેકનિકલ તથા વૈજ્ઞાનિક વિકાસે ઊપજાવેલા મહાભયંકર ઝંઝાવાતના ભયની સામે પડ્યા છીએ. આપણા આ ખખડધજ જહાજે દરેક વખતે આપણને ઉગાર્યાં છે, પણ આજે અરસપરસનાં અવિશ્વાસ, ઈર્ષ્યા અને ધિક્કારનાં પ્રચંડ મોજાંની પછાટોએ એને દોદળું કરી મૂક્યું છે. જહાજમાં એનું પાણી ચડતું જ જાય છે. એના બૉઈલર રૂમમાં ગમે તે ઘડીએ અણુ-વિસ્ફોટનની હોનારત સરજાઈ શકે છે. આ મુસીબતમાંથી બહાર કૂદી પડવા મથતા કાયરોને તો લાઈફ બેલ્ટ પણ મળવાનો નથી. આને માટે તો એક જ ઉપાય છે અને તે બધા જ હાથોએ આ પાણીને ઉલેચી નાખવા ડંકીએ લાગી જવાનો.'

આપણાં(સરીસૃપ)પ્રાણીઓ-૪ ફુરસા



નાગ, કાળોતરો, ખડચીતળો-એ ત્રણ તો પ્રસિદ્ધ ગુજરાતીઓ. પણ મહાગુજરાતના સંબંધથી 'ફુરસા'ની ઓળખાણ પણ આવશ્યક છે. એ સ્વભાવે રણ કે સૂકા પ્રદેશનો વાસી, છતાં કવચિત્ ઝાડપાનવાળા પ્રદેશમાં પણ જોવા મળે. પણ જ્યાં હોય ત્યાં તેનો ઉપાડો જબરો. રત્નાગિરિ જિલ્લો તો એના ત્રાસથી કંપી ઊઠેલો. ત્યાં એક વખત લાગલાગટ છ વર્ષ સુધી દર વર્ષે ૨,૨૫,૭૨૧ લેખે ફુરસાનો નાશ સરકાર હસ્તક થએલો; છતાં પણ એની વસતિ ઓછી થઈ નહોતી. ગુજરાતમાં ભરુચ સુરતની કોરે ને ઉત્તરગુજરાતમાં ડીસાની આસપાસ એ જોવામાં આવે છે.

દોઢેક ફૂટનો આ વિષધર રંગે ભૂખરો, પીળો કે પીળાશ પડતો; પેટ ધોળું કે ધોળાશ પડતાં ચોખંડાં ટપકાંવાળું. વિશેષ લક્ષણ એના માથા પર બાણના ફળા જેવી (↓) નિશાની છે.

સ્વભાવે તીખો. વગર પ્રયોજને, માત્ર નહિ જેવા ઉશ્કેરાટથી કોઈ સાપ કરડતો હોય તો આ જ. વીજળીવેગે ઝડપ મારીને ડંખે. બીકની વાત નહિ. સદ્ભાગ્યે એનું વિષ ખડચીતળા જેટલું કાતિલ નથી; તોપણ એના દંશથી મરણ-પ્રમાણ ત્રણચાર આની જેટલું તો છે. ચિડાય ત્યારે શરીરની બેવડી આંટી નાખે અને પડખાંનાં ભીંગડાં ઘસીઘસીને સુસવાટા જેવો અવાજ કાઢે. એટલે જ અંગ્રેજીમાં એને Saw-scaled Viper કહે છે. એનું પારિભાષિક નામ: Echis carinata. ફુરસાની માદા જીવતાં, અને તેયે એક એક પ્રજનનમાં ૬૦ થી ૮૦ જેટલાં સાપોલિયાં જણે છે.


આ બધાં ઝેરી સાપથી પણ કાતિલપણામાં ચડે એવા વિષધર તો દરિયાઈ સાપો છે. એમનું વિશિષ્ટ લક્ષણ એમની હલેસાં જેવી પૂંછડી. જેનાથી એ પાણીમાં તરી શકે છે. નાગ, ધામણ વગેરે પાણીમાં તરી શકે, પણ એમનું નિવાસસ્થાન જમીન પર છે. જ્યારે દરિયાઇ સાપ પાણીમાં જ રહે છે.

દરિયામાં ડૂબવાથી થતાં અચાનક ગહન મરણના ઘણા દાખલાઓમાં દરિયાઇ સાપોનો દંશ પણ કારણરૂપ થતો હશે. મુંબાઇ પાસે એ ઘણા જોવામાં આવે છે. —'વનેચર' પરથી



ઉપર આજે એંશી વર્ષની ઉંમરે પણ કાઉન્ટ લ્યૂકનેર તદ્દન આસાનીથી ટેલિફોન ડિરેક્ટરીના આમ બે ચીરા કરી નાખવા જેટલી તાકાત ધરાવે છે. સામે : લોકોની જિંદગી બચાવવા માટે વિવિધ રાષ્ટ્રોએ આપેલાં પદકો ઉપરાંત અન્ય કોઈની પણ છાતી પર લટકી શકે તે કરતાં વધુ ચંદ્રકો કાઉન્ટ લ્યુકનેર ધરાવે છે. ગ્રેટ-બ્રિટને 'ઇમ્પિરિયલ ઑર્ડર ઑાવ સેન્ટ જ્યોર્જ'ના ઉમરાવ-પદથી નવાજેલા તેઓ પહેલા જ જર્મન છે.

યૂનોનો વિકાસ




ઈ. ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘ 'યૂનો'ની સ્થાપના થઈ ત્યારથી આજ સુધીનો તેનો વિકાસ તથા તેનાં સભ્ય રાષ્ટ્રોનાં રાજકીય વલણોનો ખયાલ આ ચિત્રમાં આપ્યો છે. એમાં 'પશ્ચિમ તરફી' રાષ્ટ્રોની સંખ્યામાં 'નાટો' અને 'સીઆટો' જેવા સ્થાપિત કરારોમાં જોડાએલા દેશો ઉપરાંત સ્પેન જેવા પોતાના રક્ષણાર્થે પશ્ચિમનાં રાષ્ટ્રો સાથે સ્વતંત્ર કરાર કરનાર દેશોનો સમાવેશ પણ કરેલો છે. એ જ રીતે 'તટસ્થ' દેશોની સંખ્યામાં ભારત, બરમા, ઇન્ડોનેશિયા, ઑસ્ટ્રિયા વગેરે ઉપરાંત પણ નાઈજીરિયા જેવાં પશ્ચિમ તરફ ઢળતાં રાષ્ટ્રો ને ક્યૂબા તથા ગીની જેવા સોવિયેટ તરફ ઢળતા દેશોને ગણ્યા છે. આ '૬૧ની સાલ દરમ્યાન સ્વતંત્ર થએલાં બીજાં પાંચ નવાં રાષ્ટ્રો રાષ્ટ્રસંઘમાં દાખલ થશે તેમને પણ આ 'તટસ્થ' વિભાગમાં જ ઉમેરી શકાશે.



દુનિયાનું અમૃત : દહીં

આજકાલ સેંકડે નેવું ટકા તો પેટના વ્યાધિઓથી જ પીડાતા હોય છે. એટલે એમના આહારમાં કોઈ એવું તત્ત્વ ઉમેરાવું જોઈએ જે આમાંથી થોડાઘણેયે છૂટકારો આપી શકતું હોય. ડૉકટર મૅકનિકૉફ તો દહીંને દુનિયાનું અમૃત કહે છે. એના જેવું બલપ્રદ ભોજન બીજું નથી. દૂધ કરતાં તે સારું છે, કારણ દૂધમાં કીટાણુઓ જલદી પડે છે જ્યારે દહીંમાં હાઇડ્રોક્લોરિક અને લૅક્ટિક ઍસિડ હોઈ તેનો એટલો પ્રભાવ પડતો નથી, એટલું જ નહિ પણ બીજા પદાર્થો તેની સાથે મળતાં તેમાંના કીટાણુઓ પણ નાશ પામે છે. એટલા માટે જ શાસ્ત્રોમાં દહીંને શુકનમાં ગણ્યું છે. બીજી ખટાશ શુક્રકીટાણુઓને નષ્ટ કરે છે, પણ દહીં અમ્લ અને મધુર હોઈ તે પુષ્ટ કરે છે. અરધો શેર દૂધ જો બરાબર પચી તેનું રસમાં પરિવર્તન થઈ જાય તો તેનું પોણો ઔંસ માંસ બને છે; પણ તે સંપૂર્ણ પચાવી શકાય ત્યારે જ. અશુદ્ધ દૂધ ક્ષય જેવા વ્યાધિઓયે ઉત્પન્ન કરે છે, જ્યારે દહીંને એવું કશું નથી.

દહીં એકલા સ્વાસ્થ્ય રક્ષા જ નથી કરતું, કેટલાયે વ્યાધિઓમાં ઔષધિ પણ બને છે. મૅકનિકૉફ તો અપચો, કબજિયાત, અજીર્ણ, કલેજામાં આગ, શરીરનું પીળુ પડવું, આળસ વગેરે જે રોગો જલદી બુઢાપો લાવે છે તે સામે દહીં વાપરવાની ખાસ સલાહ આપે છે. એનાથી દાંત સાફ થાય છે ને તેમાં તાકાત આવે છે. શરીર પર મસળવાથી ચામડીની કુમાશ ને ગોરાશ વધે છે. શરીરમાંના વિષને તે જલદી બહાર આણે છે. દહીંમાં મધ નાખી દિવસમાં બે વાર પીવાથી શરીરનાં બળ ને કાન્તિ અનેકગણાં વધી જાય છે. (આયુર્વેદ વિજ્ઞાન)



જાણો છો? તમારા ઘડિયાળનો સેકંડ-કાંટો માત્ર સાઠ જ ડગલાં ભરે ત્યાં તો અવકાશમાંથી પૃથ્વી પર ૬૦૦૦ ઉલ્કાઓ ખરી પડી હોય છે. એટલા જ વખતમાં પૃથ્વી પોતે પણ સૂર્યની આસપાસના પોતાના માર્ગમાં ૧૦૦૦ માઈલ દૂર નીકળી ગઈ હોય છે. એટલા જ સમયમાં જુદેજુદે સ્થળે ત્રીસેક જેટલાં તો હવામાનનાં તોફાનો ફાટી નીકળ્યાં હોય છે, અને દોઢસો ઈંચ જેટલો તો વરસાદ પડી ચૂકે છે. એક જ મિનિટના આ ટૂંકા ગાળામાં દુનિયાની નદીઓએ ૩૫,૦૦૦ ટન જેટલું પાણી અને કાદવ દરિયામાં ઠાલવી દીધો હોય છે!

સરાસરી દર મિનિટે ૧૦૮ માણસો તો મરણ પામે છે ને ૧૧૪ જન્મે છે; આમાંયે બાર તો જોડકાં હોય છે! ૯૮ વ્યક્તિઓ પરણે છે ને ૬ છૂટાછેડા લે છે. ૨,૮૦,૦૦૦ ટેલિફોનની ઘંટડીઓ રણકી જાય છે ને ૬૦ લાખ સિગારેટોનો ધુમાડો થઈ જાય છે. ૧,૧૦,૦૦૦ તો છાપાં વેચાય છે. સાઠ સેકંડના આ ગાળામાં ૨૯,૦૦૦ હેક્ટોલીટર જેટલો દારૂ લોકો પોતાનાં પેટમાં ઠાલવે છે અને ૪,૦૦૦ ટન જેટલાં વહાણ વગેરેમાં ચડાવે છે.

૩૦૦૦ ટન કોલસો, ૭૦૦ ટન લોઢું ને પોલાદ તથા ૪૬૦૦ જોડ પગરખાં આટલા આ ટૂંકા ગાળામાં જ તૈયાર થાય છે અને પાંચે ખંડોમાં મળી દર મિનિટે ૯૮ નવી મોટરગાડીઓ બને છે...અને જેને વિષે આ લખાણમાં ઉલ્લેખ જ નથી એવુંએવું જે બીજું કેટલું યે થઈ જતું હશે આ એક જ મિનિટમાં તેનો આના પરથી કંઈક ખયાલ બાંધી શકાશે. જાણે આખું જગત ધમાલમાં ધમધમી રહ્યું લાગે છે, નહિ?

સિસોટીની શોધ

ઇંગ્લંડના ચેશાયર પરગણાના વૉર્બર્ટન નામે ગામડાના કબ્રસ્તાનમાં આવેલી એક જૂની, લીલ જામેલી કબરને અને આજના પોલીસોની સિસોટીને કાંઈ લાગતું વળગતું હશે એવો ભાગ્યે જ ખયાલ આવે; પણ આજથી લગભગ ૧૩૦ વર્ષ પર ૮૧ વર્ષની વયે મરી ગએલો વિલિયમ નૅબ્લેટ નામનો એ માણસ એવી તીણી અને ધ્રુજારીવાળી ડબલ સિસોટી મારી શકતો. અને સીટી મારવાની એની એ આદત પણ દિવસ આખો એટલી ચાલુ રહેતી કે ગામમાં એ 'વ્હિસલિંગ વિલી'ને નામે ઓળખાતો. એ પરથી એ ગામના એક જમીનદારને તુક્કો સૂઝ્યો. રાત્રે એનાં ખેતરોમાં ભેળાણ કરી જનારાંનો ભારે ત્રાસ હતો, તેની સામે ખેતરની ચોકી કરવા અને એ સિસોટી મારીને ખબર આપવાના કામ પર એને નોકર રાખ્યો. એ જમીનદારને ત્યાં બ્રિટિશ પોલીસદળના આદ્ય સ્થાપક સર રોબર્ટ પીલ વારંવાર મહેમાન તરીકે આવતા. એક વાર આ વિલીની તીણી ને ડબલ સિસોટી એમના સાંભળવામાં આવતાં જ એમણે નક્કી કરી લીધું કે પોલીસોને હાકોટા પાડવા પડે તે કરતાં આવી સિસોટીઓ જ બનાવી આપી હોય તો ઉત્તમ.

લંડનમાં એક ઇજનેરી પ્રદર્શનમાં વિશ્વની ઝીણામાં ઝીણી નળી પ્રદર્શિત થઈ હતી. આ નળીનો બહારનો વ્યાસ ૦·૦૦૦૭૩૩ ઈંચ (એટલે કે માણસના વાળના પણ ચોથા ભાગ જેટલો) તથા અંદરનો વ્યાસ ૦·૦૦૦૧ ઈંચ જેટલો છે. એક ટન વજનની આવી પાતળી નળી તો છેક ચન્દ્ર સુધી પહોંચી શકે!

તદ્દન વાસ વિનાના અને ખૂબ જ ચળકતા એક નવા રંગની બ્રિટનમાં શોધ થઈ છે. લગાવ્યા પછી ફક્ત ચાર જ કલાકમાં સુકાઈ જતો આ રંગ ૫ થી ૭ વર્ષ સુધી ટકી રહે છે. એક ગૅલન રંગ વડે ૬૦ થી ૭૦ ચોરસ વારનું રંગકામ થઈ શકે છે.

હિન્દી મહાસાગરનો હાલમાં વૈજ્ઞાનિક અભ્યાસ થઇ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષની કામગીરીને અનુસંધાને લંબાવાએલા આ સહકારી અભ્યાસક્રમ સારુ ૪૦ વહાણોનો કાફલો રચાયો છે જેમાંનાં દસ અમેરિકાએ આપેલાં છે. બીજા પચ્ચીસ દેશોએ પણ પોતાનાં વિજ્ઞાનીઓ, સાધનો અને સહાય આપ્યાં છે. સમુદ્રની મોજણી, જીવશાસ્ત્ર ભૂસ્તરશાસ્ત્ર અને હવામાનને લગતો વિશિષ્ટ અભ્યાસ આ કાફલામાં થશે. આથી હિન્દી મહાસાગર અને તેની ઉપરનું વાતાવરણ તથા આસપાસના કિનારા એકબીજા પર શી અસર કરે છે તે વિષે જાણકારી મળશે. વધુમાં મત્સ્યઉદ્યોગને માટે પણ અમૂલ્ય માહિતી આમાંથી મળી શકશે.



આ માસમાં ભારતની મુલાકાતે આવેલા સોવિયેત અવકાશવીર મેજર યુરી ગાગારિન અને તેમના સાથી હેરમાન તિતોવ.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'પગદંડી'

પગથી, અવરજવરથી પડેલી કેડી કે પગરવટ માટે 'પગદંડી' કે 'પગદંડો' શબ્દ પ્રચારમાં છે. એ શબ્દને જરા તપાસીએ. 'પગ' તો જાણે સમજ્યા; પણ આ 'દંડી' શું છે? 'દંડ' કે 'દંડો' એટલે તો 'ડાંડિયો', 'ડાંડી'. તેનો મેળ 'કેડી' સાથે કેમ બેસે?

ભાષામાં કેટલાક શબ્દો અમુક ગણતર (એક બે) પ્રયોગ પૂરતા જ મર્યાદિત હોય છે; અથવા તો છૂટા નહિ પણ માત્ર બીજા કોઇ જાણીતા શબ્દ સાથે જોડાઇને—સમાસમાં જ વપરાય છે. 'દંડી' આ પ્રકારનો શબ્દ છે. તેને 'લાકડી' અર્થવાળા 'દાંડી' સાથે ઉચ્ચાર પૂરતું જ સામ્ય છે. બાકી તો એ 'કેડી', 'રસ્તો' એવા અર્થનો જુદો જ શબ્દ છે. હેમચંદ્રે દેશ્ય શબ્દ તરીકે 'દંડ્ય' નોંધ્યો છે. અર્થ છે 'શેરી' કે 'શેરીનો રસ્તો' ('રથ્યા'). આપણે ત્યાં એ 'પગદંડી'માં, અને જોડણીકોશે નોંધેલા 'ડાંડે પડવું' (=રસ્તે પડવું) એ પ્રયોગમાં જળવાયો છે. હિન્દીમાં પણ માત્ર 'પગડંડી' છે. પણ ઉડીસાની ઉડિયા ભાષામાં તે શબ્દ ચાલુ વપરાશમાં છે. તેમાં 'દંડ'નો અર્થ શેરી છે, અને 'બાડદંડા' એટલે 'મોટો દંડો'—પેલો સીધો, પહોળો રસ્તો જ્યાંથી પુરીમાં જગન્નાથનો રથ નીકળે છે.

મરાઠીમાં પણ 'દાંડ'-'દાંડા'નો અર્થ નહેર, સારણ કે નીક જેવો છે.

જાણીતા વિરહકાવ્ય 'સંદેશરાસક'માં વર્ષાના વર્ણનમાં કવિ કહે છે કે જળબંબોળ થએલી ધરતી પર, ઘનઘોર આકાશ નીચે, પગદંડી વીજળીના ઝબકારા થાય ત્યારે જ માત્ર કળી શકાય છે. આમ તેરમી શતાબ્દીથી તો 'પગદંડી' વપરાતો આવ્યો છે. **હરિવલ્લભ ભાયાણી**

નિર્બન્ધના સદાગ્રહી 'નિરાલા'

હિન્દી ભાષાના મહાપ્રાણ કવિ સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા'નું ગઈ તા. ૧૫મી ઑક્ટોબરે ૬૫ વર્ષની વયે પ્રયાગમાં અવસાન થયું. હિન્દી સાહિત્યના સમર્થ કવિઓ પૈકીના એક ને નામ પ્રમાણે જ ગુણ ધરાવનાર, આ યુગના અગ્રચારી ને ક્રાન્તિકારી એ કવિએ ચીલાચાલુ છંદોપાસના, કાવ્યરીતિ ને વિષયબંધન આદિ ફગાવી દઈને પ્રગતિઅભિમુખ તથા નવભાવોન્મેષશાલી અને લયમાધુર્યથી જીવંત કાવ્યો આપ્યાં અને આફતો તથા વિરોધોની સામે ઝૂઝીને એ સદાગ્રહી સારસ્વતે હિન્દી સાહિત્યમાં એક નવો યુગ પ્રવર્તાવ્યો.

જન્મ અને શિક્ષા-દીક્ષા બંગાળમાં પામ્યા હોઈ બંગાળી ભાષા તેમને સહજ હતી અને એના સાહિત્ય ઉપરાંત અંગ્રેજી તથા સંસ્કૃતના પણ એ બહુશ્રુત વિદ્વાન હતા. સત્તર વર્ષની વયે એમણે લેખનકાર્ય શરૂ કર્યું અને બંગાળમાં રહીને જ 'સમન્વય' તથા 'મતવાલા' નામનાં બે સામયિકો ચલાવ્યાં. પોતાની આ બહુશ્રુતતાનો એમણે હિન્દી ભાષાના વિકાસમાં ઘણો લાભ આપ્યો અને પોતાની નવી દૃષ્ટિ વડે હિન્દી કવિતા તથા સાહિત્યમાં છાયાવાદનો નવો ચીલો શરૂ કરી તેને ઓજસ તથા માધુર્ય અર્પ્યાં. સંગીતના પણ તેઓ સારા જ્ઞાતા હોવાથી પદ્યમાં લયબદ્ધતાનું તે સુભગ સંયોજન કરી શકતા. કવિતા અને નવલકથાનાં વીસેક પુસ્તકો એમણે લખ્યાં છે.

એ અત્યંત ઊર્મિશીલ જીવ હતા અને સ્વભાવે ઉગ્ર એવા જ હૃદયે મૃદુ હોઈ કોઈનું દુઃખ જોઇ એમનું દિલ દ્રવી ઊઠતું. પૈસા મળતા ત્યારે તરત ખર્ચી નાખતા યા દાનમાં વાપરી નાખતા, આથી એમના જીવનનો મોટો ભાગ દારિદ્ર્યમાં વીતેલો. છતાં જીવનની ઉન્નતિ વિષેના નિજી વિચારોમાં તે એવા દૃઢ હતા કે જે સત્યને તેમણે મનોગ્રાહ્ય કર્યું તેને આચારમાં ઉતારવામાં જરા સરખી પણ બાંધછોડ કદી કરી શકતા નહિ. આથી, તેમજ પ્રકૃતિએ અત્યંત સંવેદનશીલ હોવાથી છેલ્લાં થોડાં વર્ષોથી તે માનસિક ઉદ્‌ભ્રાન્તતાનો ભોગ બનેલા. પણ સદાગ્રહની ગાંઠ એમણે ઢીલી થવા ન દીધેલી.



એ ધીરોદાત્ત ને તેજસ્વી કવિનો ક્ષર દેહ આજે આપણી વચ્ચેથી લુપ્ત થયો છે, પણ અક્ષરદેહે તે અક્ષરસમ છે.

નવાં પુસ્તકો

મુસ્લિમ કવિ બિરાદરોમાં શ્રી સાલિક પોપટિયાનું નામ અપરિચિત નથી. ઈ. ૧૯૫૨માં 'નયનધારા' નામે એમનો એક કાવ્યસંગ્રહ પ્રકટ થએલો. પાકિસ્તાનમાં સ્થાયી થએલા અને કમનસીબે હાલ ગળાના કૅન્સરથી પીડાતા એ કવિના પોતાના જ શબ્દોમાં કહીએ તો, 'અલ્લાહની મરજીથી બીમારીનો ત્રાસ અને મૃત્યુના ઓછાયા વચ્ચે કોઇ પણ ધ્યેય ને આશાવિહોણા લગભગ નિષ્ક્રિય જીવન' ગુજારતા એ કવિનું કરાચીના સાહિત્યરસિકોએ માનપત્રથી તાજેતરમાં જાહેર અભિવાદન કર્યું. એ પ્રસંગે તેમનો બીજો સુંદર સચિત્ર કાવ્યસંગ્રહ **'ખંડિત સમણાં'**ના નામથી પ્રકાશિત થયો છે. આડંબર કે આડપડદા વગરના દિલની સાચી ઊર્મિઓ નિર્ઝરતાં એમનાં કાવ્યોમાં ભગ્ન છતાં જરા પણ કડવાશ વગરના હૃદયનાં આભિજાત્ય અને ઉદારતાની તાજગીભરી ફોરમ મહેકે છે. ઉત્તરોત્તર ઘેરી થતી જતી નિરાશાને કારણે સ્વીકારેલા ઈશ્વર-શરણમાંથી સાંત્વન અને બળ મેળવી કવિ આ સંગ્રહમાં ઈશ્કે હકીકી-અલૌકિક પ્રેમ તરફ વળતા જણાય છે. પ્રકાશક: પાકિસ્તાન ગુજરાતી પબ્લિશિંગ હાઉસ, એલ્ફિન્સ્ટન સ્ટ્રીટ, કરાચી-૩ (પ. પાકિસ્તાન) કિંમત રૂ. ૩·૦૦.

મનુષ્યના જીવનઘડતર માટે તેની સર્વાંગી કેળવણીની આવશ્યકતા છે. જન્મથી મૃત્યુ પર્યંત ચાલતી આ ક્રિયામાં કુટુંબ, જ્ઞાતિ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર સંસારની અસર થાય છે. વળી, આજની કેળવણીએ તો યુવાનોમાં આજીવિકા રળવાની શક્તિ અને આવડત પણ સિંચવાની હોય છે. આ બધી બાબતોને લક્ષમાં રાખી શિક્ષણના સિદ્ધાન્તો અને સમસ્યાઓની ચર્ચા કરતું પુસ્તક **'કેળવણી: દર્શન અને સિદ્ધાંત'** નામે પ્રકટ થયું છે.

પ્રાચીન ભારતીય કેળવણીની સમીક્ષા કરી તે પૂર્વભૂમિકા ઉપર આધુનિક શિક્ષણના હેતુઓ, સિદ્ધાંતો અને કેટલીક સમસ્યાઓનું વિવેચન આ પુસ્તકમાં અપાયું છે. બી. એડ્.માં અભ્યાસ કરનારાઓને દૃષ્ટિ સમક્ષ રાખીને રચાએલી આ કૃતિ શિક્ષકોને અને માતાપિતાઓને પણ રસ પડે એવી બનાવવાનો આમાં પ્રયાસ થયો છે એ એની વિશિષ્ટતા છે. લેખિકા: કુ. પદ્મા ફડિયા, પ્રકાશક: લિટરેચર સેન્ટર, સર ચિનુભાઇ રોડ, અમદાવાદ-૧. કિંમત ૬·૦૦.

મંગુ મોચી અને તણખો બાળે ઘર ટૉલ્સ્તોયની બે કથાઓના રમણલાલ સોનીએ કરેલા બાળસુલભ અનુવાદો. પ્રકાશક: ભોગીલાલ ગાંધી, નવસર્જન પ્રકાશન, વડોદરા. કિંમત અનુક્રમે ૧-૦૦ અને ૦-૭૫.

આપણા વિષે બે નિબંધો 'દોરવાનો અધિકાર' ને 'આપણા ભાવિનું ઘડતર' નામક વિજયશંકર કા. પટ્ટણીના બે અભ્યસનીય નિબંધો. પ્રકાશક: કુ. દક્ષા વિ. પટ્ટણી, ૧૧૯૪, વસંતકુંજ, કૃષ્ણનગર, ભાવનગર. કિં. ૧-૭૫.

પુણ્યાત્મા સોમાલાલ પંચ એક વખતના ગુજરાતના લોકપ્રિય સાપ્તાહિક 'ગુજરાતી પંચ'ના આદ્ય સ્થાપક સ્વ. સોમાલાલ મંગળદાસ શાહ (પંચ)નું (તથા સાથેસાથે એ પત્રોનો ઇતિહાસ આલેખતું પ્રેરક જીવનચરિત્ર તૈયાર કરનાર: અંબાલાલ નૃ. શાહ. પ્રકાશક: ચીમનલાલ મં. પંચ, પંચ પ્રિન્ટરી, અમદાવાદ-૧. કિં. ૨–૫૦.


નવા વેચાણ વેરાની સરળ સમજ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યના છેલ્લામાં છેલ્લા સુધારાવધારા અને મધ્યસ્થ વેચાણ-વેરાની સમજૂતી આપતું ઉપયોગી પ્રકાશન. લેખક: ધીરેન્દ્ર શાહ, પ્રકાશક: ગજાનન પુસ્તકાલય, ટાવર રોડ, સૂરત. કિં. ૧–૫૦.

અધ્યાપન ભૂમિતિ ને બીજગણિત પ્રાથમિક શિક્ષકના ટ્રેનિંગ કૉલેજ (અધ્યાપન વર્ગો)ના જુનીયર વિભાગના તાલિમી શિક્ષકો માટેનું ઉપયોગી પાઠચપુસ્તક. લેખક: રતનશી પુ અનડા. કિં. ૨-૨૫ **વાચનગાડી** ભાગ ૧ થી ૪. ચિત્રો દ્વારા નાનાં બાળકોને અક્ષરો અને શબ્દોનો પરિચય આપી તેમનામાં અભ્યાસ પ્રતિ રુચિ જાગ્રત કરવાના ઉદ્દેશથી તૈયાર થએલી બેરંગી છપાઇવાળી ચાર પુસ્તિકાઓ. લેખક: સોમાભાઈ ભાવસાર. કિંમત દરેકના ૪૦ ન. પૈસા. બંનેના પ્રકાશક અનડા બુક ડીપો, અમદાવાદ.

— **A study in ethics of the banishment of Sita**: ઈ. ૧૯૫૬ના જુલાઈમાં 'સરિતા' નામે હિંદી માસિકમાં અરવિંદકુમારનું એક કાવ્ય 'રામ કા આંતરદ્વંદ્વ' પ્રકટ થએલું. આ કાવ્યને અનેક હિંદુ પક્ષોનો ખોફ વહોરવો પડેલો કે સમગ્ર મામલો અદાલતે પહોંચ્યો અને કવિ તથા 'સરિતા'ના પ્રકાશકને બંનેને તેને માટે ૨૫૦ રૂ. દંડ અને બે માસની જેલની સજા થએલી. એની અપીલમાં રામાયણ તથા તેના પાત્રો વિષેનાં અનેક વિદ્વાન લેખકોનાં લખાણોનાં અવતરણો ને દૃષ્ટાંતો ટાંકીને એના કવિએ એક લાંબુ નિવેદન આપેલું અને એને આધારે તે તથા પ્રકાશક બંને છૂટી ગએલા. ભારતીય નારીનું સ્થાન સમાજમાં હીન હોવાનું મતિપાદિત કરી સીતાના અને રામાયણનાં અન્ય પાત્રોને અન્યાય કરી હિંદુ ભાવિકોની લાગણી દુભવવાનો કવિનો પ્રયત્ન હોવાના આરોપ સામેનું એ નિવેદન ઉપર્યુક્ત નામે નીચે પ્રકટ થયું છે. એ રામાયણનો એક નવા કોણથી અભ્યાસ કરાવે છે. પ્રકાશક: 'સરિતા' માસિક, નવી દિલ્હી. કિંમત ૦–૭૫.

ત્રણ ફળિયાંનાં આયોજનો સર્વોદય યોજનાના કાર્યકરોને માર્ગદર્શક એવી તપાસ ને આયોજનોની વિગતોની અભ્યાસનોંધ. કિં. ૦–૭૫. **જયંતી ઊજવી કે ભણ્યા?** ઘંટોલીના સર્વોદય વિદ્યાલયે ગાંધી જયંતી નિમિત્તે કરેલા નઈ તાલીમના કેટલાક સીધા પ્રયોગોની વિગતનોંધ. બાળકોને અને ગ્રામજનોને ઉત્સવની ગમ્મત સાથે જ્ઞાન આપતા રચનાત્મક કાર્યના આ પ્રયોગો સમાજસેવકો તથા નઈ તાલીમના શિક્ષકો માટે માર્ગદર્શક બને એવા છે. કિંમત ૦–૭૫. બંનેના લેખક-પ્રકાશક: મીનુ કકાલિયા, આચાર્ય, સર્વોદય વિદ્યાલય, ઘંટોલી (સુરત).

જીવનમંથન જીવન સાધનાને માટે મથતા સાધકને જાગૃતિ, સાવધાની અને માર્ગદર્શક સૂચનો આપતાં અવતરણોનું સંપાદન. મૂળ અમુક સાધકને ઉદ્દેશીને લખાએલા પત્રો માંથી કરેલાં આ અવતરણો સાધક-અસાધક દરેકને પ્રેરક છે. સંપાદકો: હેમંતકુમાર નીલકંઠ અને નંદલાલ શાહ; **Struggle of Life** જીવનોન્નતિના સહાયક સમા આધ્યાત્મિક વિચારોનું સંપાદન. અંગ્રેજીમાં અનુવાદ કરનાર: હેમંતકુમાર નીલકંઠ. બંનેના પ્રકાશક: મહાજન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ ૩ ૭૫



ઈસલામમાં સજીવ આકૃતિના આલેખન કે નિરૂપણનો પ્રતિબંધ હોવાથી તેના કલાસર્જકોની પ્રતિભા ભૌમિતિક આકૃતિઓ અને વેલબુટ્ટીનાં સુશોભનની મનોહારિણી લીલાઓમાં મુક્તપણે ખીલી ઊઠી. સ્પેનના અલહમ્બ્રાથી માંડી ભારતનાં મસ્જિદ-મકબરાઓ સુધીનાં શોભનશિલ્પોમાં એનો વૈવિધ્યવિસ્તાર જોવા મળે છે. ગુજરાતમાંનું એવું એક શિલ્પસર્જન આ ઉપર આપ્યું છે.

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: રડિયાર્ડ કિપ્લિંગ

કુમાર-જીવનની સાહસોત્સાહ ભરેલી અત્યંત રસિક કથાઓ તથા પૌરુષના હુંકાર-



ભરી કવિતાઓના વિખ્યાત લેખક રડિયાર્ડ કિપ્લિંગનો જન્મ ઈ. ૧૮૬૫ના ડિસેમ્બરની ૩૦મીએ મુંબાઈમાં થએલો. શૈશવ અહીં જ ગાળ્યા પછી શિક્ષણ માટે ઇંગ્લંડમાં ફોઈબાને ત્યાં રહેવું પડલું ત્યારે તેમની કડકાઈથી ત્રાસીને વાચનનો સહારો લીધો, અને એ પ્રવૃત્તિ એટલી તો વધી ગઈ કે આખરે આંખોનું નૂર કમી થયું. અભ્યાસ પછી, એમના ચિત્રકાર પિતા લૉકવૂડ કિપ્લિંગ લાહોર મ્યૂઝિયમના ક્યુરેટર હોઈ સત્તર વર્ષની વયે હિંદ આવીને લાહોરના વિખ્યાત 'સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટ'ના તંત્રીખાતામાં તેઓ જોડાયા, અને ત્યાંથી તેમના સાહિત્યજીવનની શરૂઆત થઈ. એ વખતે છાપામાં સમાચારોની તાણ પડે ત્યારે જગ્યા ભરવા 'પ્લેઈન ટેઇલ્સ ફ્રૉમ ધ હિલ્સ' નામે વાર્તાઓ લખતા. પણ એ ઉપરાંત નવરાશને વખતે લખેલાં એમનાં કાવ્યોની પ્રતિભાનો પ્રકાશ તો છેક ઇંગ્લંડ સુધી ઝળકી ચૂકેલો. 'બૅરૅકરૂમ બૅલડ્ઝ' નામે એમનાં કાવ્યો બહુ ખ્યાતિ પામેલાં. ખરબચડી મરદાનગી ભરી બાનીમાં લખાએલાં એ કાવ્યોમાં આવેગના લોઢ ઊછળે છે. આ જ રીતે 'સેવન સીઝ', 'સૉંગ ઑવ ધ ઇંગ્લિશ' વગેરે કાવ્યો પણ એટલાં જ જાણીતાં છે. એમાં અંગ્રેજ ખમીરના અભિમાનનું દુર્દમનીય સ્વરૂપ દાખવ્યું છે.

હાડોહાડ અંગ્રેજના ખમીરના ભરેલા અને સામ્રાજ્યભક્તિની જલદ માત્રા ધરાવતા તથા પાતા એ કવિને માટે તટસ્થ પ્રજાઓ પણ પ્રશંસાવચનો કહે છે કે 'એણે ઇંગ્લંડને સામ્રાજ્યનો સાચો અર્થ સમજાવ્યો ને સામ્રાજ્યની આગળ ઇંગ્લંડની સાચી પિછાન રજૂ કરી.' 'ગૅઝેટ'માંથી એમની બદલી અલ્હાબાદના 'પાયોનિયર'માં થએલી. આ બંને પત્રો એક જ માલિકીનાં હતાં.

ચીન, જાપાન, હિન્દ અને અમેરિકાની સફર પણ એમણે કરેલી. પ્રવાસ દરમ્યાન થયેલા અનુભવોને તેમણે પોતાની ટ્રાવેલ-બુકમાં ટાંકયા છે. ઈ. ૧૮૯૨માં અમેરિકન કન્યા કેરોલિન બેલેસ્ટિયર સાથે એમણે લગ્ન કર્યાં અને વર્મોન્ટ ખાતેના 'નવલખા' બંગલામાં સુખદ લગ્નજીવનનાં પાંચ વર્ષ ગાળ્યાં. બોઅર યુદ્ધ વખતે દક્ષિણ આફ્રિકા જઈ એમાં પણ એમણે ભાગ લીધેલો.

ભારત સાથેનો તેમનો સંબંધ ઘણો જ ઘનિષ્ઠ. એમનાં કાવ્યો અને વાર્તાઓમાં પણ ભારતનાં દર્શન જોવા મળે છે. કિમ, ધ લાઈટ ધેટ ફ્રેઈલ્ડ, કૅપ્ટન કરેજિયસ, ધ જંગલ બુક્સ, જસ્ટ સો સ્ટોરિઝ, પક ઑવ પૂક્સ હિલ અને રીવૉર્ડ્સ ઍન્ડ ફેરીઝ વગેરે વાર્તાઓ બહુ વિખ્યાત છે. તેમાં યે 'કિમ' તો કુમાર જીવનની સાહસોત્સાહ ભરી અત્યંત રસિક કથા તરીકે બહુ ઊંચું સ્થાન પામી છે. જ્યારે 'જંગલ બુક્સ'ની વાર્તાઓએ એમને જ્વલંત કીર્તિ અપાવી હતી. ગંગાદીન, માંડલે, ડેની ડીવર, ફુઝી વુઝી બૂટ્સ, વગેરે કાવ્યો ને રાસા ઈત્યાદિ એમની વિખ્યાત કૃતિઓ છે. આમાં યે સંસ્થાનો ઉપર-ની ઇંગ્લંડની કબજાગીરીને વર્ચસ્વ આપતા 'રિસેશનલ'ના ગાનથી એમને કવિ તરીકે અમર કીર્તિ મળી. ટેનિસન પછી કોઇની કૃતિઓ વધુ લોકપ્રિય થઈ હોય તો એમની. ઇંગ્લંડના રાજકવિ પણ તેઓ બની જાત, પણ રહી ગયા. છતાં ઈ. ૧૯૦૭નું સાહિત્યનું નોબેલ પ્રાઇઝ એમને મળ્યું. એ ઈનામ મેળવનાર તેઓ પહેલા જ અંગ્રેજ સાહિત્યકાર હતા.

ઈ. ૧૯૩૬ની ૧૭મી જાન્યુઆરીએ એમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ ચાર્લ્સ પહેલાના આપખુદી રાજઅમલ સામે ઇંગ્લંડની પ્રજાએ વિરોધ ઉઠાવ્યો, ૧૬૪૧.
તા. ૫ હજારો કથાના લેખક ફ્રેન્ચ નવલકથાકાર ઍલેક્ઝાન્ડર ડૂમાનું અવસાન, ૧૮૭૭.
તા. ૯ 'પૅરેડાઇઝ લૉસ્ટ'ના સર્જક અંધકવિ જૉન મિલ્ટનનો લંડનમાં જન્મ, ૧૬૦૮.
તા. ૧૨ હિન્દુસ્તાનની રાજધાની કલકત્તાથી ફેરવીને નઈ દિલ્હીમાં લાવવામાં આવી, ૧૯૧૧.
તા. ૧૬ સ્કૉટના પહેલાં રોઆલ્ડ આમુંડસેન દક્ખણ ધ્રુવ પર પહોંચી ગયો, ૧૯૧૧.
તા. ૧૮ પૂર્વ અને પશ્ચિમને જોડતા સરળતમ જલમાર્ગસમી સુએઝની નહેર ખુલ્લી મુકાઈ, ૧૮૬૯.
તા. ૨૨ શાંતિનિકેતનમાં કવિવર ટાગોરની વિશ્વભારતી વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૧.
તા. ૨૫ ગુરુત્વાકર્ષણના નિયમના શોધક સર આઇઝેક ન્યૂટનનો જન્મ થયો, ૧૬૪૨.
તા. ૩૦ પાછળથી જેણે દેશના ટૂકડા પડાવ્યા એ મુસ્લિમ લીગની સ્થાપના, ૧૯૦૬.
તા. ૩૧ કૅપ્ટન કૅમ્પબેલને હાથે હાર પામતાં બાંકીપુરમાંથી નાનાસાહેબ અદૃશ્ય થઈ ગયા, ૧૮૫૭.

પ્રસંગવિશેષ: હિંદમાં સતીદાહ નિષેધનો કાયદો થયો. તા. ૪થી ડિસેમ્બર, ૧૮૨૯

મરનારની પાછળ તેની સ્ત્રી કે સ્ત્રીઓને મારી નાખવાનો રિવાજ મધ્ય એશિયાથી છેક પૂર્વ યુરોપ સુધી અને ખાસ કરીને સિથિયન લોકોમાં સારી પેઠે પ્રસરિત હતો. મનાય છે કે અહીંથી જ આ રિવાજ વાયવ્ય માર્ગે હિંદમાં પ્રવેશ્યો અને તક્ષશિલા, રાવિકાંઠો ને પંજાબમાં થઈ ધીરે ધીરે સમગ્ર ભારતમાં એનું અનિષ્ટ ફેલાઇ ગયું. એટલું જ નહિ પણ કયારેક તો બહુપત્નીત્વની એ કાળની છૂટને કારણે મરનારની પાછળ અનેક સ્ત્રીઓને ફરજિયાત મરવું પડતું. નોંધાએલા આવા દાખલાઓમાં વિજયનગરના તેલુગુરાયની પાછળ સતી કરવામાં આવેલી સ્ત્રીઓનો આંકડો સૈંકડોની સંખ્યા ઉપર પહોંચેલો છે. એકલા બંગાળ તરફ જ ઈ. ૧૮૧૮માં ૮૩૯ સ્ત્રીઓને આમ મરવું પડેલું. અકબરે આ અમાનુષી ચાલ બંધ કરવા હુકમ કરેલો, પણ નાકામિયાબ. બીજાં કેટલાંક રાજ્યોએ ને ખાસ તો મરાઠાઓએ એની કડક બંધી ફરમાવેલી. ગોવામાં પોર્તુગિઝ ગવર્નર આલ્બુકર્કે પણ તેની વિરુદ્ધ કાયદો કરેલો. છતાં હિન્દમાં આ અનિષ્ટ દૂર કરવાનો યશ અંગ્રેજો લે છે. હકીકતે તો તેઓ હિન્દની રૂઢિઓ અને ધાર્મિક બાબતોને જરા યે છંછેડવા નહોતા ઈચ્છતા, પણ રાજા રામમોહનરાય જેવા પ્રખર સમાજસુધારકો અને કેટલાક ખ્રિસ્તી મિશનરીઓની આકરી ચળવળનું એ પરિણામ હતું. લૉર્ડ વિલિયમ બેન્ટિકે સતીદાહ નિષેધનો માત્ર બંગાળ પૂરતો અમલી એવો કાયદો કર્યો અને ઈ. ૧૮૨૯ની ૪થી ડિસેમ્બરથી તે અમલમાં મુકાયો. પાછળથી મદ્રાસ અને મુંબાઈ પ્રાંતોએ પણ તે અપનાવી લીધો. લાગવગવાળા રૂઢિચૂસ્તોએ આની સામે છેક પ્રિવી કાઉન્સિલ સુધી અરજી પહોંચાડી; પણ તેઓ ટકી ન શકયા. ધીરેધીરે એ ઉભરો શમી ગયો ને આખરે આદર્શ પત્નીત્વના ઓઠા નીચે થતાં આ ધાર્મિક ખૂનો ઉપર અંકુશ આવી ગયો.

તું નાનો હું મોટો, એવો ખ્યાલ બધાનો ખોટો;
ખારા જળનો દરિયો ભરિયો, મીઠા જળનો લોટો.

—પ્રેમશંકર ન. ભટ્ટ

બ્રહ્મદેશના બૌદ્ધવિહારમાં ધર્માનંદ કોસંબી રહેતા હતા ત્યારે શિષ્યોના મોડા ઊઠવાના દૂષણ સામે આચાર્ય ત્રિલોકાચાર્યે ઝાડને અમુક ઘડા પાણી પાવાનો દંડ ઠરાવ્યો હતો. એક દિવસ ખુદ આચાર્યને પાણી પાતા જોઈ કોસંબીજીએ તેનું કારણ પૂછતાં સરળ ભાવે તેમણે ઉત્તર દીધો, 'આજ મારાથી મોડા ઉઠાયું છે.'

'પણ આ નિયમ તો વિદ્યાર્થીઓ માટે છે' એવી કોસંબીજીની દલીલના ઉત્તરમાં આચાર્યે કહ્યું, નિયમ સૌને સરખો જ લાગુ પડે છે. ઘડનારાએ તો તેને પહેલું માન આપવું જોઈએ.'

અનેકાર્થી શબ્દ: ઘા=જખમ; આઘાત; બીક; કંદોરો; કાગળના ચોવીસ તાવનો જથ્થો; ચોટ; વેર લેવાની તક; તબલાંનો બોલ; મહેણું.

કહેવતોના અર્થ: 'રીસ ને રેલો હેઠાં ઊતરે'. પાણીનો રેલો જેમ સ્વાભાવિક રીતે નીચે જ ઊતરે છે તેમ માણસે રીસ કે ગુસ્સામાં કરેલું આચરણ તેને નીચો ઉતારે છે, હલકો પાડે છે, હીણો બનાવે છે, એવો વિનિપાતબોધક આ કહેવતનો અર્થ છે.

ગણિતગમ્મત: કોઈ પણ બે આંકડાની રકમ લો. તેને ઉલટાવો. ઉલટાવેલી રકમને મૂળ રકમ સાથે ગોઠવી દો જેથી ચાર આંકડાની રકમ બનશે. આ રકમને '૧૧' વડે નિઃશેષ ભાગી શકાય. દા.ત. ૩૭, ૭૩, ૩૭૭૩, ૩૭૭૩÷૧૧=૩૪૩. (ભરતકુમાર ભાવસાર)

તડ પડેલાં ચીનીનાં રકાબી પ્યાલાને ઊકળતા દૂધ જોડે થોડો વખત ઊકળવા દઈ, બહાર કાઢી ઠંડાં પડવા દેવાં. પછી ઝમશે નહિ.




"સહકાર એ સફળતાની 'ચાવી' છે" એ દર્શાવતી આ સંજ્ઞા હાલ નઈ દિલ્હીમાં ચાલતા ઔદ્યોગિક મેળાના બ્રિટિશ વિભાગની ધ્વજ સંજ્ઞા છે. અશોક ચક્ર (ભારત) અને યુનિયન ફ્લૅગ (બ્રિટન)ને સાંકળીને બનાવેલી આ ચાવીની સંજ્ઞામાં બંને દેશોનો સહકાર પ્રતિબિંબિત થાય છે.

કપડાં ધોવાના સોડાનું પાણી કોલસા પર છાંટ્યા પછી તે બાળવાથી તેની ગરમી વધે છે ને વધુ વખત કામ આપે છે.

દવા અને સલાહ એ બંને આપવી સહેલી છે, પણ ગળી જવી મુશ્કેલ છે.

નેવું રતલ પારાની છલોછલ ભરેલી બરણી કોઈ માણસ ધારે તો કદાચ સહેલાઈથી ઊંચકી જઈ શકે; પણ એ જ બરણીમાં જો એના ત્રીજા ભાગનો એટલે કે ૩૦ રતલ જ પારો ભરેલો હોય તો તે ઊંચકી લઈ જવી અશક્ય છે; કેમકે ચાલવાથી પારો હાલે, અને પારાનો છલકાટ એટલો તો જબ્બર હોય છે કે ભલભલા બળવાનને પણ ભોંય ભેગો કરી દે!



વાંસળી, બંસી, પાવો, મસકવાજું અને ઑરગન જેવાં વાયુવાદ્યો, મૂળે હાડકાંમાં કાણું પાડીને જે ક્રમથી માનવ આદિકાળથી યોજતો આવ્યો હશે, તે દર્શાવતી ચિત્રમાળા.



કુંડાળાંમાંના ત્રિકોણની લીટીઓ વાંકી લાગે છે એ દૃષ્ટિભ્રમ જ છે.



કલાકણિકા: કલા એ માત્ર નગરસંસ્કૃતિનો જ ઈજારો નથી. એ તો માનવહૃદયની લહાણ છે. બસ્તર જિલ્લાના મુરિયા જાતિના આદિવાસીઓએ પિત્તળની ઘૂઘરીઓ તથા ડુક્કરના દાંત વડે દોરાગૂંથણીથી પોતાની તમાકુની દાબડીને હૃદયના કેવા રંગથી શણગારી છે તે ઉપરના જમણી બાજુના ચિત્રમાં જુઓ.



કુદરતની અજબ સૂરત: આ કંઈ પાંદડું નહોય. આ તો છે દીબીપાઈ ટાપુની ખડમાંકડી.

સળંગ અંક ૪૪૫થી ૪૫૬ સુધીનું

વર્ષ ૩૮માનું વાર્ષિક સાંકળિયું

જાન્યુઆરીથી ડિસેમ્બર · ઈ. ઓગણીસસો એકસઠ

મુખ્યચિત્રો પૂર્ણરંગી

દ્વિરંગી, એકરંગી, રેખાંકન, વૂડકટ વ.

ફોટોગ્રાફ્સ

શિલ્પ-સ્થાપત્ય

કાવ્યો અને મુક્તકો